॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત
સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક

# અક્ષરબ્રહ્મ
# શ્રી ગુણાતીતાનંદ સ્વામી


લેખક

સાધુ ઈશ્વરચરણદાસ



પ્રકાશક

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

**AKSHARBRAHMA SHRI GUNATITANAND SWAMI (Gujarati)**

(Brief life-story of Aksharbrahma Gunatitanand Swami)

By Sadhu Ishwarcharandas

A textbook for examination prescribed under the curriculum set by B.A.P.S. Swaminarayan Sanstha.

**Inspired by:** HH Pramukh Swami Maharaj

**Blessed by:** HH Mahant Swami Maharaj

**Presented by:**
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

**Publishers:**
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

**14th Edition:**
June 2017. Copies: 10,000 (Total Copies: 74,000)

**Warning:** **Copyright:** ©SWAMINARAYAN AKSHARPITH
All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

**ISBN:** 978-81-7526-672-8

**રજૂકર્તા :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

**પ્રેરણામૂર્તિ :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**આશીર્વાદ :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**સૂચના :** કોપીરાઈટ : ©સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકના અંશો કોઈપણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**ચૌદમી આવૃત્તિ :** જૂન ૨૦૧૭

**પ્રત :** ૧૦,૦૦૦ (કુલ પ્રત : ૭૪,૦૦૦)

**કિંમત :** **રૂા. ૨૫-૦૦** (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૪૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

**મુદ્રક અને પ્રકાશક :**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

# કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બી.એ.પી.એસ. એટલે કે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોના પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ પુસ્તિકા તૈયાર કરવામાં ઈશ્વરચરણ સ્વામી, રમેશભાઈ દવે તથા કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

વસંતપંચમી
સંવત ૨૦૨૮
અટલાદરા

**શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ના**
ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ

# નિવેદન

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું : 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાના જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧)

પોતાનાં આ વચનો અનુસાર શ્રીજીમહારાજ, પોતાના અક્ષરધામાવતાર અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને પોતાની સાથે આ બ્રહ્માંડમાં લાવ્યા અને મુમુક્ષુજનોને અક્ષરબ્રહ્મનો આદર્શ મૂર્તિમાન બતાવી, બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવાનો સિદ્ધાંત સમજાવ્યો.

શ્રીજીમહારાજના પાંચસો પરમહંસોમાં ગુણાતીતાનંદ સ્વામીનું જીવન અનોખું જણાય છે. *'સબ ગુન પૂરન, પરમ વિવેકી, ગુનકો માન ન આવે...'* એ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની ઉક્તિને ચરિતાર્થ કરતા સ્વામીના જીવનમાંથી આદર્શ સંત અને ગુરુનાં દર્શન થયા વિના રહેતાં નથી. શ્રીજીમહારાજનું સર્વાવતારીપણું – પરબ્રહ્મ પુરુષોત્તમપણું સ્વામીએ જ સૌ પ્રથમ વાર સંપ્રદાયમાં જેમ છે તેમ પ્રસિદ્ધ કર્યું અને પ્રવર્તાવ્યું અને શ્રીજીમહારાજનો આ લોકમાં પ્રગટ થવાનો હેતુ સાર્થક કર્યો. સાથે સાથે શ્રીજીમહારાજ સત્સંગમાં સદાય પ્રગટ જ રહે છે અને અક્ષરબ્રહ્મ દ્વારા અર્થાત્ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા આત્યંતિક કલ્યાણનો માર્ગ વહેતો રાખે છે એ પણ સ્વવૃત્તાંતથી સિદ્ધ કર્યું. સ્વામીનું આવું અલૌકિક જીવન ચરિત્ર સહુજનસુલભ શૈલીમાં રજૂ કરવા અહીં પ્રયાસ કર્યો છે. આ પુસ્તિકામાં મુખ્યત્વે શ્રી હર્ષદરાય દવે લિખિત 'અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી'ના જીવન ચરિત્રના ગ્રંથનો આધાર લેવામાં આવ્યો છે.

સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગરૂપે આ પુસ્તિકાની રચના કરવામાં આવી છે. ચતુર્થ પરીક્ષા 'સત્સંગ પ્રવીણ' માટેની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

સ્વામીશ્રીજી તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજને રાજી કરવા સત્સંગી બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી, સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ પ્રમાણપત્રો મેળવે એ જ અભ્યર્થના !

**– પ્રયોજક**



અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણા યુવક, લડીશું શ્રીજીને માટે.

નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.

અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષરપુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.

અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.

જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

# અનુક્રમણિકા


૧. પ્રાગટ્ય............................... ૧
૨. બાળચરિત્રો ........................ ૩
૩. શ્રીહરિ સાથે પ્રથમ મેળાપ ..... ૭
૪. ભાદરામાં મહારાજે કહેલો મૂળજી ભક્તનો મહિમા......... ૯
૫. ગૃહત્યાગ અને દીક્ષા...........૧૪
૬. સદ્‌ગુરુ કોણ ?..................૧૮
૭. દર્શનનો ખપ.....................૨૦
૮. વૃત્તિનો નિરોધ ..................૨૨
૯. આજ્ઞાધારક.......................૨૪
૧૦. દેહનો અનાદર..................૨૫
૧૧. ઉત્તમ વક્તા......................૨૬
૧૨. સેવાવૃત્તિ..........................૨૮
૧૩. ક્ષમાશીલ..........................૨૯
૧૪. 'અમારા તિલક'.................૩૦
૧૫. એકાત્મતા ........................૩૧
૧૬. સૂક્ષ્મ તપ .........................૩૨
૧૭. વિરક્તિ ...........................૩૩
૧૮. વેદાંતીઓનો પરાજય..........૩૪
૧૯. મૂર્તિમાં રસબસ .................૩૬
૨૦. અસીમ શ્રદ્ધા.....................૩૭
૨૧. અનાદિના સેવક ................૩૮
૨૨. જૂનાગઢમાં મંદિરનો આરંભ.૪૧
૨૩. મહારાજ જામીન થયા.........૪૨
૨૪. જૂનાગઢ મંદિરની મહંતાઈ આપી..................૪૩
૨૫. 'અમારું અક્ષરધામ બક્ષિસ'..૪૪
૨૬. 'તમારામાં અખંડ રહ્યો છું'...૪૬
૨૭. સ્વામીના સત્સંગી...............૪૮
૨૮. 'મારું કહ્યું એક જોગી ફેરવી શકે !' ....................૫૦
૨૯. ગુણાતીત વાતું...................૫૧
૩૦. સત્સંગમાં અક્ષરબ્રહ્મનું પ્રવર્તન ...........................૫૨
૩૧. ખારા જીવને મીઠા કર્યા .......૫૪
૩૨. પ્રૌઢ પ્રતાપ .......................૫૭
૩૩. નિર્માનિતા.........................૫૯
૩૪. સ્વામી ઉપશમમાં ..............૬૦
૩૫. ભક્તવત્સલ .......................૬૨
૩૬. બજારના કાંટા ...................૬૩
૩૭. રંકમાંથી રાય ....................૬૪
૩૮. નિઃસ્વાદી બનાવ્યા .............૬૫
૩૯. સંતોને શિખામણ ...............૬૬
૪૦. દારિદ્ર્ય ટાળ્યું....................૬૭
૪૧. જીવની અવળાઈ................૬૮
૪૨. નિશ્ચય કરાવ્યો ..................૬૯
૪૩. 'સેવા કરે તે મહંત' ............૭૦
૪૪. સોરઠનો સત્સંગ.................૭૨
૪૫. તુલસી દવેને સમાધિ...........૭૩
૪૬. પ્રાગજી ભક્ત.....................૭૫
૪૭. 'સંત પારસ ચંદન બાવના'....૭૬
૪૮. 'માન અપમાનમેં એકતા' ....૭૮
૪૯. અમદાવાદમાં સન્માન .........૭૯
૫૦. અંતિમ લીલા .....................૮૧



અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી

# ૧. પ્રાગટ્ય

સંતોની ભૂમિ પંકાયેલી સૌરાષ્ટ્રની પુનિત ધરતી ઉપર તે વખતે આત્માનંદ સ્વામી વિચરતા હતા. ખાસ કરીને હાલાર દેશમાં (જામનગરની આસપાસ) લતીપુર ગામે એમના કેટલાક ભક્તો રહેતા હતા. તેમાં સ્વામીના આશીર્વાદથી વલ્લભજી જાનીને ત્યાં પુત્ર ભોળાનાથનો જન્મ થયો અને સુખદેવ દવેને ત્યાં પુત્રી સાકરબાનો જન્મ થયો. બંને ભક્તકુટુંબમાં અપૂર્વ આનંદ વ્યાપી ગયો. સમય જતાં આત્માનંદ સ્વામીની આજ્ઞાથી ભોળાનાથ અને સાકરબાનાં લગ્ન થયાં ત્યારે આત્માનંદ સ્વામી પણ પધાર્યા હતા.

ત્યારપછી આત્માનંદ સ્વામીએ પોતાના મુખ્ય શિષ્ય રામાનંદ સ્વામીની, પોતાની જગ્યાએ નિમણૂક કરી અને સૌ ભક્તોને એમની આજ્ઞામાં રહેવાનો આદેશ આપી, પોતે દેહત્યાગ કર્યો.

માતા-પિતાના દેહત્યાગ પછી ભોળાનાથ અને સાકરબા ઊંડ નદીને કાંઠે આવેલા સોહામણા ભાદરા ગામમાં સરળતાપૂર્વક ગૃહસ્થજીવન ગુજારતાં હતાં. ભોળાનાથને શંકર દાદામાં વધુ આસ્થા હતી, તો સાકરબા ખરાં કૃષ્ણ-ભક્ત હતાં. છતાં બંને દંપતી એકબીજાને સહકાર આપી, પોતપોતાના ઈષ્ટદેવની ભક્તિ કરતાં હતાં. સર્વ પ્રકારે સુખી આ દંપતીને એક વાતની ભારે ખોટ જણાતી હતી અને તે હતી – પુત્રરત્નની. પ્રભાસક્ષેત્રમાં જઈ ભોળાનાથને રીઝવી પુત્રેષણા પૂરી કરવા પતિ-પત્નીએ સંકલ્પ કર્યો.

પોતાના ગામમાંથી જ યાત્રાએ નીકળતા સંઘ સાથે ભોળાનાથ ને સાકરબા પ્રભાસ જવા નીકળ્યાં. રસ્તામાં મેખાટીંબી ગામે પટેલના ડેલામાં રાત રોકાયાં. સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ આઠમનો એ દિવસ હતો.

પોતાના ડેલામાં ઊતરેલા યાત્રાળુઓમાંથી ભોળા દિલના ભોળાનાથ સાથે પટેલને વાર્તાલાપ થયો. પટેલે જાણ્યું કે આ ભાવિક દંપતી પુત્રપ્રાપ્તિની ઈચ્છાથી યાત્રાએ નીકળેલાં છે. પટેલ આત્માનંદ સ્વામીના ચુસ્ત ભક્ત હતા, એટલે તેમણે ભોળાનાથને કહ્યું કે ‘તમે આત્માનંદ સ્વામીને સંભારો તો જરૂર તમારો મનોરથ પૂરો થશે.’

આ વાત સાંભળતાં જ ભોળાનાથના અંતરમાં પ્રકાશનો ઝબકારો થયો અને પોતાના યજ્ઞોપવીત વિધિપ્રસંગે આત્માનંદ સ્વામીએ આપેલા આશીર્વાદ

સાંભરી આવ્યા. સ્વામીનું સ્મરણ કરતાં દંપતી સૌ સાથે સૂઈ ગયાં.

રાત્રે એકાએક સાકરબાને સ્વપ્નમાં આત્માનંદ સ્વામીનાં દર્શન થયાં અને સ્વામીએ આશીર્વાદ આપ્યા કે 'આવતીકાલે સરવાર દેશમાં ધર્મદેવને ઘેર પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન પ્રગટ થશે અને આજથી ચાર વર્ષ બાદ તમારે ત્યાં ભગવાનના ધામરૂપ અક્ષર પુત્રરૂપે જન્મ લેશે. માટે તમારે પ્રભાસ જવાની જરૂર નથી.'

સાકરબા એકદમ જાગી ગયાં. સાક્ષાત્ 'ધામરૂપ અક્ષર' પોતાને ત્યાં પુત્રરૂપે જન્મ ધરશે ! આ શુભાશીર્વાદથી દંપતીના આનંદનો પાર ન રહ્યો. તેઓ સંઘથી છૂટાં પડી ઘેર પાછાં ફર્યાં. આત્માનંદ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી બંને સુખેથી દિવસો વિતાવવા લાગ્યાં અને એ શુભ દિવસ આવી ગયો !

સંવત ૧૮૪૧ના આસો સુદ પૂનમને[૧] દિવસે રાત્રે ભોળાનાથને ઘેર સાકરબા થકી ધામરૂપ અક્ષર સ્વયં બાળસ્વરૂપે પ્રગટ થયા. શરદોત્સવના આહ્‌લાદક વાતાવરણમાં આ શુભ સમાચારથી ભાદરાની સમગ્ર પ્રજામાં અનહદ આનંદ વ્યાપી ગયો. વહેલી સવારે સ્નાનાદિકથી શુદ્ધ બની ભોળાનાથે દાન-પુણ્ય કર્યાં. ગામની સ્ત્રીઓ પણ વિવિધ ભેટસામગ્રી સાથે હરખભરી સાકરબાને આંગણે આવી, બાળકનાં દર્શન કરતી વધામણી આપવા લાગી. અજાણતાં પણ ભોળાનાથનું ઘર તીર્થરૂપ બની ગયું !

ભોળાનાથે જ્યોતિષીને બોલાવી પુત્રના જન્માક્ષર કરાવ્યા. સર્વપ્રકારે ગ્રહનો ઉત્તમ યોગ જોઈ જ્યોતિષીએ કહ્યું : 'ભોળાનાથ ! આ તમારા પુત્ર સાક્ષાત્ નારાયણની ઉત્તમ વિભૂતિ છે. બહુ જ પ્રતાપી થશે, અનેકનું કલ્યાણ કરશે, બૃહસ્પતિ સમા વક્તા થશે અને ભાગવતધર્મનું પ્રસારણ કરશે...'

થોડા સમય બાદ રામાનંદ સ્વામી ફરતાં ફરતાં ભાદરા પધાર્યા. ભોળાનાથે સ્વામીને પુત્રના જન્માક્ષર બતાવી નામકરણ કરવા કહ્યું. સ્વામીએ બાળકનું નામ આગ્રહપૂર્વક 'મૂળજી' રખાવ્યું અને આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'આ બાળક, આત્માનંદ સ્વામીના આશીર્વાદ પ્રમાણે સરવાર દેશમાં પ્રગટેલા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના ધામરૂપ સાક્ષાત્ અક્ષરનો અવતાર છે અને એ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન તમારે ઘેર જરૂર પધારશે.'

આવા અમૂલ્ય પુત્રરૂપી ધનની પ્રાપ્તિ થતાં સાકરબા ધન્યતા અનુભવવા

---

૧ તા. ૨૮ સપ્ટેમ્બર, ૧૭૮૪, મંગળવાર.

લાગ્યાં. એમનો માતૃપ્રેમ તો છલકાઈ રહ્યો હતો. સાથે બાળકની દિવ્ય પ્રતિભાનો વિચાર કરતાં પુત્ર પ્રત્યે અનેરો ભક્તિભાવ પણ એમના હૃદયમાંથી અધિક ઊભરાતો હતો. બાળક મૂળજીને જોતાં, છાતી સાથે ચાંપતાં, રમાડતાં એમનું હૈયું નાચી ઊઠતું હતું. ચંદ્રના જેવી સૌમ્ય કાંતિ સમાન બાળકની મુખાકૃતિ જોતાં સૌ કોઈને તેમનામાં આપોઆપ દિવ્યભાવ થઈ જતો હતો.

## ૨. બાળચરિત્રો

મૂળજી જ્યારે ચાર વર્ષના થયા, ત્યારે એક વખત તેમણે માતા પાસે દૂધ માગ્યું. ત્યારે સાકરબાએ કહ્યું કે 'બેટા ! ઠાકોરજીને ધરાવીને આપું છું.'

આ સાંભળી મૂળજી હસવા લાગ્યા ને બોલ્યા : 'મા ! ઠાકોરજી તો મારા હૃદયમાં અખંડ બિરાજમાન છે. હું જમું તો મારી સાથે ઠાકોરજી જમે છે. હું સૂઉં તો ઠાકોરજી મારી સાથે સૂએ છે. માટે હું દૂધ પીશ તો ઠાકોરજી મારી ભેગા દૂધ પીશે...'

સાકરબા તો પોતાના બાળકની આવી જ્ઞાનયુક્ત કાલી કાલી વાતો સાંભળી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. પુત્રના લાડકોડ પૂરા કરવા સાકરબાએ દૂધનો કટોરો મૂળજી આગળ ધર્યો. માતા સામું જોતાં, હસતાં હસતાં મૂળજી દૂધ પી ગયા. એકાએક તે વખતે સાકરબાની નજર ઠાકોરજી ઉપર પડી, તો મૂર્તિના મુખ આગળ એમને સફેદ ઝીણી રેખા દેખાઈ અને મૂળજીનાં વચનની સત્યતા સમજાઈ.

ફાગણ સુદ દશમનો દિવસ હતો. ત્યારે અચાનક મૂળજીએ પોતાની માતાને હોંશે હોંશે કહ્યું કે 'મા, મા ! આજે તો મારા પ્રભુ પુરુષોત્તમ નારાયણને અયોધ્યામાં જનોઈ દેવાય છે. માટે જનોઈનાં ગીત ગાઓ.'

પોતાના બાળકની આવી આશ્ચર્ય ઉપજાવનારી વાતોથી સાકરબાને આનંદ થતો. નદીકાંઠે મળતી અને પોતાને ઘેર દોડી આવતી ગામની સ્ત્રીઓને તેઓ ઘણી વાર કહેતાં કે 'મારો મૂળજી તો એવું એવું બોલે છે કે જાણે મોટો પંડિત ન હોય ! ઘણી વાર તો તે બોલે તે સમજાય પણ નહીં, છતાં તેની મીઠી વાણી સાંભળવી બહુ ગમે.' આથી, ગામની ભોળી પણ ભાવિક પ્રજા એક યા બીજાં બહાને મૂળજીનાં દર્શન-સ્મરણ કરવાનું ચૂકતી નહીં.

•

ભોળાનાથ ને સાકરબાને બીજા પુત્રની પ્રાપ્તિ થઈ. તેનું નામ પાડ્યું સુંદરજી. નાનકડા ભાઈ સુંદરજીને ઘણી વાર મૂળજી રમાડતા અને દૃષ્ટિ દ્વારા અગમ્ય વાતો કરી લેતા.

એક વખત મૂળજી, સુંદરજીને પારણામાં ઝુલાવતા હતા અને ઘડી ઘડી પારણું થંભાવી સુંદરજી સાથે વાતો કરતા હતા. શી વાતો કરે છે ?' એમ જ્યારે માતાએ પૂછ્યું ત્યારે મૂળજી કહે : 'મા, મા ! હું સાધુ થવાનો છું અને આ સુંદરજીને પણ મારી સાથે સાધુ બનાવીશ.'

સાકરબા તો હેબતાઈ ગયાં ને સુંદરજીને પારણામાંથી ઊંચકી લઈ, છાતીસરસો દાબી કહેવા લાગ્યાં : 'ના ભાઈ ! આપણે સાધુ નથી થાવું. આવું અમંગળ ન બોલવું.'

આવા પ્રસંગોએ માયિક હેતભાવ પ્રગટ થઈ જતાં, સાકરબા મૂળજીને સ્થૂળ દૃષ્ટિએ જોતાં.

•

નાની અવસ્થા હોવા છતાં મૂળજી ધીરગંભીર રહેતા. આ લોકના પદાર્થમાં બાળભક્ત મૂળજીને સહેજે અરુચિ રહેતી. તેથી ખાવું, પીવું વગેરે લૌકિક વિષયાનંદમાં તેમનું મન કદી આકર્ષાતું નહીં. તેઓ હંમેશાં ભગવદ્ભજન-સ્મરણમાં જ મગ્ન રહેતા. અનેક પ્રસંગે શ્રીજીની વાતો કરતા અને તેમના આગમનની આગાહી કરતા. પોતાના ઇષ્ટદેવ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી સાથેના અખંડ એકત્વભાવથી સદા બ્રહ્માનંદમાં મસ્ત રહેતા. ક્વચિત્ ક્વચિત્ એકત્વભાવની અતિશયતાથી પરમાત્મા જ તે સ્વરૂપે જ્યારે પ્રકાશતા ત્યારે અનેકને બાળભક્તમાં પરમાત્માનાં સાક્ષાત્ દર્શન થતાં.

એક વખત મૂળજી ભગવાનનું ભજન કરવામાં લીન થઈ ગયા હતા. તેમને આવી ભક્તદશામાં જોઈ પિતાએ કહ્યું : 'મૂળજી ! આવું ભજન તો ઘરડા થઈએ ત્યારે કરીએ. અત્યારે તો રમો, જમો ને આનંદ કરો.'

પિતાની આ શિખામણ સાંભળી મૂળજી ત્યારે તો કંઈ બોલ્યા નહીં, પણ ઘરની બહાર જતા રહ્યા. ભોળાનાથને સંતોષ થયો.

થોડી વારે મૂળજી પાછા ફર્યા અને પિતાને કહેવા લાગ્યા કે 'આપ ઘડપણમાં પ્રભુ ભજવાનું કહો છો પણ હું હમણાં જ ગામમાં ફરી આવ્યો

અને જોયું તો ઘરડેરા તો બધાંય ચોરે બેસીને ગામ-ગપાટાં મારે છે, કોઈ ભગવાનને સંભારતા નથી. વૃદ્ધપણાને વાયદે રહીએ તો જુવાનીની કમાણી પણ જાય. આ દેહનો શું નિર્ધાર છે ?'

મૂળજીની આવી સમજણયુક્ત વાણીથી ભોળાનાથની આંખ ઊઘડી ગઈ. તેમને અંતરમાં ઘણો જ આનંદ થયો ને મૂળજી ભક્તને પ્રભુભજનમાં અંતરાય કરવાનું મૂકી દીધું.

મૂળજીને કોઠાં, બોર, આંબલી વગેરે ઉપર રુચિ હતી. એટલે જ્યારે જ્યારે તેઓ તે ખાતા ત્યારે ભોળાનાથ તેમને ઠપકો આપતા કે 'મૂળજી! ઘરમાં શું અનાજ, ઘી, ગોળની ખોટ છે તે આવું ખાઓ છો ?'

મૂળજી કશો ઉત્તર આપતા નહીં પણ આવી ક્રિયાથી એમની સ્વાભાવિક તપની રુચિ સૌને જણાઈ આવતી.

•

સંવત ૧૮૪૯ના જેઠ સુદ પાંચમના માંગલિક દિવસે મૂળજી ભક્તને યજ્ઞોપવીત ધારણ કરવાનો વિધિ કરાવ્યો. ગુરુએ વિદ્યાભ્યાસ કરવાની શિખામણ આપી ત્યારે મૂળજી કહે કે 'પુરુષોત્તમ ભગવાનનાં લીલાચરિત્રોનું ગાન કરવા રૂપ જે બ્રહ્મવિદ્યા, એ હું ભણ્યો છું. મારે બીજી વિદ્યા ભણવાનું શું પ્રયોજન છે ?'

ગુરુએ વિદ્યાભ્યાસ માટે કાશીએ જવાની વિધિ કરાવી. ગામના ચોકમાં સાત સમુદ્રના સાત પાણીના લીટા બનાવી તે મૂળજી પાસે ઓળંગાવ્યા. સામે વશરામ મામા ઊભા હતા. તેમણે મૂળજીને ખભે તેડી લીધા ને ઘેર લઈ આવ્યા. પછી ગુરુએ પૂછ્યું કે 'કાશીએ ભણવા ન ગયા ?'

ત્યારે મૂળજી કહે કે 'જેનાં ચરણકમળમાં કોટિ કાશી છે એવા પુરુષોત્તમ નારાયણ અહીં પધારશે. પછી કાશી જવાનું શું પ્રયોજન છે ?'

મૂળજી ભક્તના આ ઉદ્‌ગારોથી સૌ વિચારમાં પડી ગયા.

•

કિશોર વયમાં પ્રવેશ કરતા મૂળજી ભક્તમાં અન્ય સંપ્રદાયો પરત્વે જિજ્ઞાસાવૃત્તિ વધવા લાગી. પોતે સર્વજ્ઞ હોવા છતાં આ લોકની રીત પ્રમાણે વર્તતા. જુદા જુદા ધર્માચાર્યો પાસે જઈ તેમના મતો જાણવા તેઓ હંમેશાં તત્પર રહેતા. આ રીતે વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય ગુંસાઈ નરસિંહલાલજી

પાસે જઈ એમણે શુદ્ધાદ્વૈતનો સિદ્ધાંત જાણ્યો. કેટલીક ગેરરીતિ જોઈ વધુ રસ લીધો નહીં. પ્રણામી પંથનું પણ ત્યારે ઘણું જોર હતું તેથી તે મતનો પણ અભ્યાસ કર્યો. છેવટે પોતાના પિતાના ગુરુ રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલ શુદ્ધ ભાગવત ધર્મમાં પ્રતીતિ આવતાં રામાનંદ સ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા.

થોડા સમયમાં ભોળાનાથ ધામમાં પધાર્યા.

આ અરસામાં પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન વનમાં વિચરણ કરતા હતા, તે દર્શન મૂળજી ભક્તને રોજ થતાં હતાં. એક વખત દર્શનની ઉન્માદ અવસ્થામાં પોતે ગાવા લાગ્યા :

*‘વનમાં વહાલો વિચરે તે આવશે આપણે ગામ,*
*માતા મુજને જાણજો તે જ પ્રભુનું ધામ.’*

એમ કહી માતાને સમજાવતા કે ‘મા ! મા ! પ્રભુ આપણે ઘેર આવશે ને તારા હાથનો થાળ જમશે. કહે : તારાં કેવાં મોટાં ભાગ્ય !’

વૃદ્ધ સાકરબા તો આ બધું વિસ્મયતાથી સાંભળી લેતાં. વળી, મૂળજી લૌકિક વાતો કરી માતાને પોતાના પ્રત્યેનો અહોભાવ ભુલાવી દેતા અને ખેતરે જતા રહેતા.

એક વાર મિત્રો સાથે મૂળજી ખેતરે જતા હતા. તેઓ ઘણી વાર પોતાના મિત્રોને પણ ગમ્મત સાથે જ્ઞાન આપી દેતા. ખેતરે જતાં રસ્તામાં એક કૂવો આવ્યો. બાળકો તેમાં જોવા લાગ્યા. મૂળજીએ કૂવામાં એક પથ્થર નાખ્યો, એટલે પાણી ઉપરની લીલ ખસી ગઈ અને નિર્મળ પાણી દેખાયું.

એ બતાવતાં મૂળજીએ સૌ બાળકોને સમજાવ્યું : ‘જુઓ, પાણી કેવું ચોખ્ખું થઈ ગયું ! લીલ જામી ગઈ હતી તેથી પાણી જેવું છે તેવું દેખાતું ન હતું. તેમ માયા જીવાત્માને ઢાંકી દે છે અને જીવને ભગવાન ભજવા દેતી નથી.’

ત્યારે બાળકો જિજ્ઞાસાથી મૂળજી ભક્તને પૂછતા : ‘તમે ભગવાનને જોયા છે ?’

ત્યારે મૂળજી કહેતા : ‘અમે ભગવાનને અખંડ દેખીએ છીએ અને તે અહીં જરૂર આવશે.’

તે અરસામાં રામાનંદ સ્વામી શેખપાટ પધાર્યા હતા. મૂળજી ભક્ત સ્વામીનાં દર્શન કરવા શેખપાટ ગયા. અહીંના લાલજી સુથાર સ્વામીના અનન્ય ભક્ત હતા. સ્વામીની ઇચ્છાથી આ બંને ભક્તોને પણ હેત બંધાયું. સ્વામી તો

જતા રહ્યા પણ લાલજી ભક્ત ને મૂળજી ભક્ત સત્સંગ માટે ભેગા થવા લાગ્યા.

ભાદરા ને શેખપાટ વચ્ચે સાત ગાઉનું અંતર. રોજ રાત્રે લાલજી ભક્ત ને મૂળજી ભક્ત, ભાદરા ને શેખપાટની વચ્ચે આવેલા શિવના દેરામાં મળે. બંને સાડા ત્રણ ગાઉ ચાલીને આવે. આખી રાત સત્સંગ કરે. રામાનંદ સ્વામીનાં લીલાચરિત્રની વાતો કરે અને પાછા સાડા ત્રણ ગાઉ કાપીને સવારે ઘેર પહોંચે. આમ, ઘણાં વર્ષો સુધી બંનેએ એકબીજાનો સમાગમ કર્યો. ઊંઘ, આળસ, થાકની પરવા કરી નહીં. આવો હતો બંને ભક્તોનો ખપ !

## ૩. શ્રીહરિ સાથે પ્રથમ મેળાપ

મૂળજી ભક્તની ઉંમર હવે પંદરેક વર્ષની થઈ હતી. તે સમયમાં સરવાર દેશમાં પ્રગટેલ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન, વનવિચરણ કરતાં, નીલકંઠ વર્ણીરૂપે ઓળખાતાં, લોજ પધાર્યા. મુક્તાનંદ સ્વામી સાથે મેળાપ થયો. ત્યારબાદ થોડા સમયે પીપલાણામાં રામાનંદ સ્વામીને મળ્યા.

સંવત ૧૮૫૭ના કાર્તિક સુદ એકાદશીએ રામાનંદ સ્વામીએ, નીલકંઠ વર્ણીને ભાગવતી દીક્ષા આપવાનું નક્કી કર્યું અને પોતાના સર્વે ભક્તોને આ દીક્ષાવિધિ પ્રસંગે નીલકંઠ વર્ણીનાં દર્શને તેડાવ્યા. શેખપાટથી લાલજી ભક્ત અને ભાદરાથી મૂળજી ભક્ત પણ સૌ હરિભક્તો સાથે પીપલાણા આવી પહોંચ્યા. અહીં જ ભક્ત અને ભગવાનનું – બ્રહ્મ અને પરબ્રહ્મનાં એ સનાતન દિવ્ય સ્વરૂપોનું – આ લોકમાં પ્રથમ મિલન થયું.[૨]

મૂળજી ભક્ત, નીલકંઠ વર્ણીનાં પ્રત્યક્ષ દર્શન કરતાં ગદ્‌ગદ થઈ ગયા ! વર્ણીરાટ પણ પ્રેમાર્દ્ર થઈ ગયા અને પોતાના અતિ વહાલા ભક્તને બાથમાં લઈને ભેટ્યા. પછી સૌ ભક્તસમાજને સંબોધીને બોલ્યા : 'આ મૂળજી ભક્તને અમારા સાથે અખંડ એકત્વભાવ છે અને ભવિષ્યમાં તે અમારો મહિમા વિસ્તારશે.'

તે સાંભળી રામાનંદ સ્વામી પણ હર્ષભેર કહેવા લાગ્યા કે 'વર્ણી ! તમે

---

૨. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં તેમનો શ્રીહરિ સાથેનો પ્રથમ મેળાપ સંવત ૧૮૫૯માં અલૈયા-મોડા ગામે થયાનો નિર્દેશ મળે છે. જો કે ઉપરોક્ત વિગતો પણ અન્ય સંદર્ભો દ્વારા પરંપરાગત રીતે પ્રાપ્ત છે. માટે અહીં શ્રીહરિ સાથેની તેમની પ્રથમ મુલાકાતનો આ પ્રસંગ યથાતથા રહેવા દીધો છે.

ખરું કહો છો. મૂળજી બહુ પ્રતાપી છે.'

ત્યારે નીલકંઠ વર્ણીએ ફરી કહ્યું : 'તે તો અમારે રહેવાનું ધામ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે !'

આ રીતે મૂળજી ભક્તનો – અક્ષરબ્રહ્મસ્વરૂપે અવતરણનો – મહિમા, સૌપ્રથમ આ પ્રસંગે જાહેરમાં સ્વયં પુરુષોત્તમ નારાયણે વર્ણીવેશે વર્ણવ્યો.

•

મૂળજી ભક્તનો પ્રતાપ, તેમના ગામમાં પણ સૌ અતિશય જાણતા થયા હતા.

એક વખત મૂળજી ગામના ચોરા પાસે વશરામ સુથારની દુકાને બેઠા હતા. ત્યાં એક બાવો હાટડીએ માગવા આવ્યો અને બોલ્યો : 'મૈં ભૂખા હૂઁ, તો કુછ ખાનેકા દે દો, નહીં તો મૈં ભગવાનકે વૈકુંઠ ધામમેં પહોંચ જાઉંગા.'

તે સાંભળી મૂળજી બોલી ઊઠ્યા કે 'બાવાજી ! ધામમાં જવું હોય તો પગ લાંબા કરો, તો ઘા કરી ધામમાં મોકલી દઉં.'

'અરે ભાઈ ! ક્યા ધામ ઐસે યહાં પડા હૈ ?' બાવાએ કહ્યું.

'બાવાજી ! અત્યારે તો ધામ તમારી આગળ જ ખડું છે અને ધામના ધણી અત્યારે પૃથ્વી ઉપર વિચરે છે, પણ તે તમારા જેવાને ઓળખાય ક્યાંથી ?' મૂળજી ભક્તે જરા ભાવમાં આવીને કહ્યું.

ત્યારે વશરામ સુથારે કહ્યું : 'બાવાજી ! અત્યારે તો આ મૂળજી કહે છે એમ જ છે. માટે પગ લાંબો કરીશ મા, નહીં તો એ તો તને અહીંથી ફેંકશે તો સીધો ધામમાં પહોંચાડી દેશે.'

ખરેખર ! અષ્ટાવરણ પાર પરમધામમાં – અક્ષરધામમાં અલ્પ જીવની ગતિ ક્યાંથી હોય ? પરંતુ મૂળજી ભક્ત એ સાક્ષાત્ બ્રહ્મ હતા, તો આ વાણી ઉચ્ચારી. મૂળજીના સ્વરૂપમાં એવું ઐશ્વર્ય જણાતાં બાવાજી ગભરાયા અને ત્યાંથી ચાલતા થયા.

આવી જ રીતે એક વાર ભાદરામાં નથુ વાળંદ મૂળજી ભક્તનું ક્ષૌર કરતો હતો. ત્યારે રામભક્ત નથુએ કહ્યું કે 'રામચંદ્ર ભગવાન કેવા જબરા ? આખી અયોધ્યાને વૈકુંઠમાં લઈ ગયા ?'

આ સાંભળી મૂળજી ભક્ત કહે કે 'નથુ ! તું કહે તો આખા ભાદરા ગામને અક્ષરધામમાં હું લઈ જઉં !'

આ સાંભળી નથુ વાળંદને હસવું આવ્યું; પણ ત્યાં તો મૂળજી ભક્તના શરીરમાંથી શીતળ અને શાંત પ્રકાશ નીકળ્યો અને સર્વત્ર વ્યાપી ગયો. સૌ અંજાઈ ગયા. નથુ તો ઊભો જ થઈ ગયો. તેણે જોયું તો મૂળજી ભક્ત એ પ્રકાશમાં હસતાં ઊભેલા હતા.

એટલામાં તે પ્રકાશ પાછો મૂળજી ભક્તના શરીરમાં સમાઈ ગયો.

નથુ આશ્ચર્યવત્ મૂળજી ભક્ત સામું જોઈ રહ્યો. ત્યારે ત્યાં ઊભેલા કાનોજી બોલ્યા : 'નથુ ! બધા કહે છે કે આ મૂળજી અક્ષરનો અવતાર છે.'

નથુ બીચારો 'અક્ષર'માં શું સમજે ? પણ તેને એટલો અનુભવ થયો કે મૂળજી ભક્ત બહુ મોટા છે.

## ૪. ભાદરામાં મહારાજે કહેલો મૂળજી ભક્તનો મહિમા

આ.સં. ૧૮૬૦માં વિચરણમાં નીકળેલા શ્રીજીમહારાજ ફરતાં ફરતાં અલૈયે પધાર્યા. ત્યારે ભાદરાના સૌ ભક્તો અલૈયે ગયા હતા. અહીં સૌએ મહારાજને ભાદરા પધારવા વિનંતી કરી. તેથી સૌ પ્રથમ વાર ભાદરા પધાર્યા.

શ્રીહરિ રોજ વશરામભાઈ, ડોસાભાઈ, રાજોભાઈ, રામોભાઈ, રત્નાભાઈ, મૂળજીભાઈ તથા સુંદરજી વગેરેને સાથે લઈ ઊંડ નદીએ નાહવા પધારતા. બાજુમાં મોટો વડ છે ત્યાંથી નદીમાં ધૂબકા મારે, જળક્રીડા કરે, નદીકાંઠે સૌને ધ્યાનમાં બેસાડે વગેરે વિવિધ લીલા કરતા.

એક વખત તો નદીના પાણીમાં ચલાખો (જાડો ખાદીનો કટકો) પથરાવી, પોતે મૂળજી ભક્ત, લાલજી સુથાર વગેરે ભક્તો સાથે બેઠા ને ચલાખાને પોતાની યોગશક્તિથી વહાણની જેમ ચલાવ્યો. આવી અદ્ભુત લીલા મહારાજે ભાદરાના ભક્તોને દેખાડી.

•

એક દિવસ સાંજે વશરામ સુથાર પોતાના ખેતરે વહેલા ગયા. ત્યાં એક રાફડામાંથી લાખો કીડીઓ નીકળતા જોઈને તેમને વિચાર આવ્યો કે 'અહો ! આ જીવોને અત્યારે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ તથા તેમનું ધામ અહીં બિરાજમાન હોવા છતાં તેમનો યોગ શી રીતે થાય ?' તેમને વિચાર આવ્યો અને આકાશમાં નજર માંડી ત્યાં તો વૈકુંઠમાંથી અનેક વિમાનો આવ્યા અને તે વિમાનોમાં કીડીઓ ચતુર્ભુજરૂપ ધારણ કરી સદ્ગતિ કરી ગઈ.

વશરામભાઈને ખૂબ આશ્ચર્ય થયું. ઘરે આવી તેમણે મહારાજને વાત કરી ત્યારે મહારાજે કહ્યું : 'અમારે કરોડો જીવનાં કલ્યાણ કરવાં છે. તમારા આ ગામમાં અમારું અક્ષરધામ આ મૂળજી ભક્ત રૂપે પ્રગટ થયા છે તેથી તમે જેટલા સંકલ્પ કરશો તે અમે પૂરા કરીશું. આજે તો તમે કીડીઓ માટે આવો સંકલ્પ કર્યો, પરંતુ જો આખા બ્રહ્માંડના જીવો માટે આવો સંકલ્પ કર્યો હોત તો આખા બ્રહ્માંડના જીવોનો પણ મોક્ષ થઈ જાત.'

સૌ આ વાત સાંભળી ખૂબ આશ્ચર્ય પામ્યા. છ દિવસ સુધી અહીં રોકાઈ મહારાજ વિદાય થયા.

•

ફરી મહારાજ આ.સં. ૧૮૬૪માં આસો માસમાં ભાદરા પધાર્યા.

આ વખતે ભાદરાના દરેક હરિભક્તે મહારાજને પોતાને ત્યાં વારાફરતી જમવા પધારવા આગ્રહ કર્યો. તેથી મહારાજ રોજ જુદા જુદા ભક્તને ત્યાં પધારતા. અહીં મહારાજ મૂળજી ભક્તને અખંડ પોતાની સાથે રાખતા અને અલૌકિક સુખ આપતા.

એક વાર મહારાજ દેવા કણબીને ત્યાં જમવા જતા હતા. રસ્તામાં મૂળજીનું ઘર આવ્યું. મહારાજ ભક્તમંડળ સાથે તેમને ઘેર પધાર્યા. તે વખતે મૂળજી જારનું ધાન અને દહીં જમતા હતા. મહારાજે મૂળજી ભક્તની ખબર પૂછી અને પછી આગળ ચાલ્યા. રસ્તામાં મહારાજે સાથેના ભક્તોને મૂળજીનો મહિમા કહેતાં જણાવ્યું કે 'આ મૂળજી હાલ ઝૂંપડીમાં રહે છે ને ધાન જમે છે, તે મોટી હવેલીઓમાં રહેશે ને હજારો ભક્તોના નિયંતા થશે. મોટા ત્યાગી થશે. એમનો મહિમા દેશ-પરદેશમાં ગવાશે. અમારી સાથે એમની મૂર્તિ પણ મંદિરમાં સ્થપાશે ને લાખો ભક્તો તે પૂજશે.'

આમ, મૂળજી ભક્તના મહિમાની વાત કરતાં કરતાં દેવા કણબીનું ઘર આવ્યું. મહારાજના અંતરમાં મૂળજી રમતા હતા, તેથી તેમનાથી સહેજે પૂછાઈ ગયું કે 'શું મૂળજીનું ઘર આવ્યું ?'

ત્યારે સૌએ કહ્યું કે 'ના મહારાજ ! આ તો દેવા કણબીનું ઘર છે અને આજે આપણે અહીં જમવાનું છે.'

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા.

•

થોડા દિવસોમાં શરદ પૂનમનો દિવસ આવ્યો. પોતાના ધામરૂપ અક્ષર મૂળજી ભક્તનો આજે જન્મદિવસ હતો તે જાહેર કરી મહારાજે સૌપ્રથમ અક્ષર-જન્મોત્સવ પોતાની હાજરીમાં ભાદરા મુકામે ઊજવ્યો. સૌને દૂધ-પૌંઆનો મહાપ્રસાદ વહેંચ્યો. આ રીતે અનેક પ્રસંગો યોજી, મહારાજ મૂળજી ભક્તનો જેમ છે તેમ મહિમા સૌને સમજાવતા હતા.

•

વારા પ્રમાણે એક દિવસ મહારાજને મૂળજી ભક્તને ત્યાં જમવાનું હતું. મહારાજ વશરામભાઈ, ડોસાભાઈ, રત્નાભાઈ વગેરે ભક્તો સાથે વહેલા વહેલા મૂળજી ભક્તને ઘેર પધાર્યા. મૂળજી કામપ્રસંગે ખેતરે ગયેલા અને સાકરબા રસોઈ કરતાં હતાં. સાકરબાએ મહારાજને સાંગામાંચી પાથરી આપી, તે ઉપર મહારાજ બિરાજ્યા.

પછી મહારાજ સાકરબાને પૂછવા લાગ્યાં : 'મા ! તમારા મૂળજી અમને કોઈ દિ' યાદ કરે છે ?'

'મહારાજ ! એ તો આખો દિ' તમારું જ રટણ કર્યા કરે છે. કામકાજ કરતાં, હરતાં-ફરતાં તમને એક ઘડી પણ વિસારતા નથી. મને તો લાગે છે કે મૂળજીને તમારા ઉપર જેવું હેત છે તેવું તો આ જગતમાં કોઈના ઉપર નહીં હોય.'

'અમે પણ મૂળજીને અખંડ સંભારીએ છીએ.' મહારાજે હસતાં હસતાં સાકરબા સામું જોઈ કહ્યું.

એટલે સાકરબાએ મૂળજીની વાત કરતાં કહ્યું કે 'એ પણ બાળપણથી – આપને જનોઈ આપી, આપ વનમાં પધાર્યા, લોજ પધાર્યા વગેરે લીલાઓ કહી સંભળાવે અને કહે કે એક દિ' મહારાજ અહીં પણ આવશે અને તારા હાથનો થાળ પણ જમશે.'

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા અને બોલ્યા : 'મા ! તમને નહીં સમજાય પણ તમારા પુત્ર મૂળજી તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તમારા ગર્ભમાં આવ્યા ત્યારે અને ગર્ભમાં આવ્યા પહેલાં પણ મૂળજી અમને અખંડ દેખતા.[3] તે અમારી સાથે બંધાયા છે અને અમે તેમની સાથે

---

૩. શ્રીજીમહારાજે મૂળજી ભક્તના મહિમાના જે શબ્દો કહ્યા તે લોધિકા દરબાર અભયસિંહજીએ 'શ્રી પુરુષોત્તમ ચરિત્ર' ગ્રંથમાં શબ્દશઃ ઉતાર્યા છે. ➤

સતત બંધાઈ રહ્યા છીએ. મૂળજી તો એટલા મોટા છે કે દસ અવતારો અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જે એક બ્રહ્માંડમાં રહ્યા છે તેવા અનંત બ્રહ્માંડોને મૂળજી ધરી રહ્યા છે. તે પ્રકૃતિપુરુષથી પર છે, સચ્ચિદાનંદ રૂપ છે, સર્વત્ર વ્યાપક છે અને સર્વના કારણ અને આધાર છે. અમે તેમના દ્વારા સઘળું કાર્ય કરીએ છીએ. તે અમારા એવા અનન્ય ભક્ત છે કે અમે તેમના વગર ક્ષણ પણ રહી શકતા નથી. જીવ, ઈશ્વરથી લઈને સર્વે અવતારો એમના સંબંધથી શુદ્ધ, ચૈતન્યબ્રહ્મ થઈ આત્યંતિક મુક્તિને પામે છે. એવા એ મૂળજી સર્વનું કારણ શુદ્ધ ચૈતન્યબ્રહ્મ છે...'

સાકરબાને તો જાણે આજે અમૃતની હેલી વરસતી હોય તેમ લાગ્યું. તેમની આંખોથી દડ દડ આંસુ ચાલવા લાગ્યાં. તેમણે મહારાજને કહ્યું : 'અહો મહારાજ ! મારો મૂળજી આવો મોટો હશે તેની અમને માયાવી જીવને શી ખબર પડે ? અમે તો મોહ પામીને મૂળજીને પુત્ર જાણી કેટલીય વાર તેમને વઢી તેમની પાસે સેવા કરાવતાં. હવે એ બધાં પાપમાંથી અમે ક્યારે છૂટશું ?'

શ્રીજીમહારાજે તેથી તેમને કહ્યું : 'મા! તમારા મહાસમર્થ પુત્ર મૂળજીના સંબંધે તમારું તો કલ્યાણ થઈ ગયું તો પાપ ક્યાંથી રહે ? તમારા મૂળજીમાં અનેક કલ્યાણકારી ગુણો છે, છતાં પોતે ગુણથી પર ગુણાતીત છે.'

સાકરબા તો મહારાજની વાણી સાંભળી અત્યંત આનંદ અનુભવતાં હતાં. પોતાના પુત્રની આટલી મોટપ તેમને સમજાણી જ ન હતી. મહારાજે જે કહ્યું તેમાં પણ તેમને ઝાઝું તો સમજાયું ન હતું. છતાં 'મૂળજી બહુ મોટા છે, મહાન વિભૂતિ છે' તે વાત તો તેમના અંતરમાં દૃઢ થઈ ગઈ. પોતાને થયેલી અતિ મહાન પ્રાપ્તિથી આશ્ચર્ય અને આનંદમાં લીન થઈ ગયેલાં સાકરબા

---

**ચોપાઈ**

...सुनी बोले सब जग आधारा। है वह अनादि शिष्य हमारा॥
गर्भमांही नहीं आये जबही। देखत मम मूर्तिकु तब ही॥
गर्भहुं ते पुनि यह अवसर हि। मम मूर्तिको समरन करहि॥

**દોહા**

आदि मुक्त है यह वटु, युंहि कह्यो घनश्याम।
समय पाई साधु भये, धर्यो गुणातीत नाम॥

(પુરુષોત્તમ ચરિત્ર, અધ્યાય-૫૪)

બે હાથ લમણે રાખી મહારાજની પરાવાણી સાંભળતાં હતાં. મહારાજ પણ તેમના નિમિત્તે પાસે બેઠેલા હરિભક્તોને મૂળજી ભક્તનો મહિમા સમજાવતાં જાણે થાકતા જ ન હતા.

પછી મહારાજે હરિભક્તોને સંબોધીને કહ્યું : ‘હે હરિભક્તો ! મારા અંગભૂત આ મૂળજી ભક્તનો મહિમા જ્યારે તમને સમજાશે ત્યારે જ તમે મારો મહિમા સમજી શકશો.’

આ વાત સાંભળી વશરામ ભક્તે પૂછ્યું : ‘હે મહારાજ ! શું અક્ષરનો મહિમા સમજાય તો જ આપનો મહિમા સમજાય ?’

તે સાંભળી મહારાજે મંદમંદ હસતાં હસતાં કહ્યું : ‘હા, જ્યારે અક્ષરનો યથાર્થ મહિમા સમજાશે અને એ મહિમા સમજીને એ રૂપ થવાશે, ત્યારે જ અમારો મહિમા સમજી શકાશે. આ મૂળજી અક્ષરબ્રહ્મનો અવતાર છે. ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાં એ અમારા ધામનું અમારા સ્વરૂપ તરીકે જ બહુધા વર્ણન કર્યું છે. એ અક્ષરબ્રહ્મ સર્વથી પર છે, એનાથી પર અમે છીએ. એ અક્ષરબ્રહ્મ સંસારસિંધુને તારે છે.’

શ્રીજીમહારાજના મુખમાંથી વાણીનો પ્રવાહ ગંગાના પ્રવાહ સમાન અવિરતપણે નીકળ્યે જ જતો હતો. ડોસાભાઈ, રત્નાભાઈ, વશરામભાઈ વગેરે હરિભક્તો શ્રીજીમહારાજની, મૂળજી ભક્તના માહાત્મ્યની અમૃતવાણી સાંભળી મંત્રમુગ્ધ બની ગયા.

મહારાજે આગળ કહ્યું : ‘અક્ષરબ્રહ્મનો આવો અપાર મહિમા છે, છતાં કોઈ જો કહે કે અક્ષરબ્રહ્મ નથી જ, અથવા તેનો મહિમા કોઈ ન જાણે તો તે કહેનારો અસત્ થઈ જાય છે અર્થાત્ તેનો આત્મા જડ જેવો થઈ જાય છે. માટે હે ભક્તો ! અક્ષરનો મહિમા મુમુક્ષુઓએ તો અવશ્ય સમજવો જોઈએ. મૂળજી ભક્ત આ અક્ષરબ્રહ્મનો અવતાર છે. અમે એ અક્ષરબ્રહ્મમાં રહેનારા પુરુષોત્તમ નારાયણ છીએ. આટલું જો તમે સમજશો તો જે એકાંતિક ધર્મની સ્થાપના માટેઅમે પ્રગટ થયા છીએ તે એકાંતિક ધર્મ તમને સૌને સિદ્ધ થઈ જશે.’

શ્રીજીમહારાજની પરાવાણીનો આ સ્રોત ત્યાં બેઠેલા હરિભક્તોના અંતરમાં સોંસરો ઊતરી ગયો. સૌ આનંદમાં ગરકાવ થઈ ગયાં હતાં. સર્વત્ર શાંતિ પ્રસરી ગઈ હતી. આવી રીતે આત્યંતિક મુક્તિના દ્વાર મૂળજી ભક્તનું

યથાર્થ સ્વરૂપ સમજી સૌ કૃતાર્થ થયા.

એટલામાં મૂળજી ભક્ત પણ ત્યાં આવી ગયા. આજ સુધી સૌએ એમનાં દિવ્ય ચરિત્રો જોયાં હતાં, પણ એમના સત્ય સ્વરૂપનું જ્ઞાન તો સૌને મહારાજના મુખેથી જ સમજવા મળ્યું.

પછી મહારાજ જમવા પધાર્યા. મહારાજે આગ્રહ કરી મૂળજી ભક્તને પણ પોતાની સાથે જમવા બેસાર્યા. પછી પોતાને ઉતારે પધાર્યા.

આ રીતે ભાદરામાં ઘણું રહીને મહારાજે સૌને અલૌકિક સુખ આપ્યું અને મૂળજી ભક્તનો યથાર્થ મહિમા સૌને સમજાવ્યો.

આ પછી સાકરબા ધામમાં ગયાં.

## ૫. ગૃહત્યાગ અને દીક્ષા

ત્રિવિધ તાપથી બળતા આ સંસારમાં કૌટુંબિક સંબંધો હળવા કરી મૂળજી નિરંતર ઉદાસ રહેતા. કામકાજમાં એમનું મન લાગતું નહીં.

સંવત ૧૮૬૬ના કારતક સુદ પૂનમનો એ દિવસ હતો. મૂળજી ભક્ત નદીકિનારે આવેલા પોતાના શેરડીના વાઢમાં પાણી વાળતા હતા. સંસારત્યાગ માટે મહારાજની આજ્ઞા ક્યારે મળશે તેનો વિચાર કરી રહ્યા હતા. ત્યાં અચાનક શ્રીજીમહારાજે અંતરીક્ષમાં પ્રત્યક્ષ દર્શન દીધાં. મહારાજે પીળું પીતાંબર પહેર્યું હતું, માથે દક્ષિણી પાઘ મૂકી હતી.

મહારાજે મૂળજી ભક્તને કહ્યું : ‘આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? આ જગતમાં બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે, હવે ચાલી નીકળો.’

ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, ત્યાં ને ત્યાં જ સઘળું કામ પડતું મૂકી, ઘેર પણ ન જતાં, પહેરેલાં કપડે મૂળજી ભક્ત સીધા ગઢડાને રસ્તે મહારાજને મળવા ચાલી નીકળ્યા. મહારાજ પાસે આવી દીક્ષા ગ્રહણ કરી, સેવામાં રહેવા દેવાની યાચના કરી.

પરમાત્મા સિવાય અન્ય પદાર્થમાં પ્રીતિ નથી એવા બૃહદ્ વૈરાગ્યવાન મૂળજી ભક્તની સ્થિતિની સર્વેને જાણ કરાવવા, શ્રીજીએ તેમની પરીક્ષા કરી.

મહારાજે તેમને કહ્યું : ‘તમને સાધુ કરીએ પણ તમે તમારું ઘર બાળીને આવ્યા છો ? કે એમ ને એમ રાખીને ?’

સરળ સ્વભાવના મૂળજીએ કહ્યું : ‘મહારાજ ! એ તો એમ ને એમ છે.’



'જાઓ, બાળીને આવો, પછી સાધુ કરીએ.' મહારાજે આજ્ઞા કરી.

આ આદેશ સાંભળતાં જ મૂળજી ભક્ત ફરી પાછા ભાદરા તરફ જવા નીકળ્યા. મહારાજ જાણતા જ હતા કે મૂળજી ભક્ત જરૂર ઘર બાળીને આવશે; તેથી તરત તેમણે પાછળ ભગુજીને મોકલ્યા અને મૂળજી ભક્તને પાછા તેડાવ્યા. જ્ઞાનદૃષ્ટિએ તો મૂળજી ભક્તને ઘરબાર, કુટુંબ-પરિવારનો સ્નેહ અંતરમાંથી બળેલો જ હતો, છતાં સ્થૂળ દૃષ્ટિએ પણ સર્વ નાશ કરવાની તેમની આવી તત્પરતા જોઈ મહારાજે તેમના સાંખ્યજ્ઞાનની ખૂબ જ પ્રશંસા કરી.

થોડા સમય બાદ તેમના નાનાભાઈ સુંદરજી એક બ્રાહ્મણ સાથે તેમને પાછા ઘેર તેડી જવા આવ્યા. તે બ્રાહ્મણે મૂળજીને ઉપદેશ આપતાં કહ્યું :

*'સંસારમાં સરસો રહે ને મન મારા પાસ જો,*
*સંસારમાં લોપાય નહીં તે જાણ મારો દાસ જો.'*

એટલે મૂળજી ભક્તે કહ્યું :

*'ચિત્તકી વૃત્તિ એક હૈ, ભાવે તહીં લગાઓ,*
*ચાહે તો હરિ કી ભક્તિ કરો, ચાહે તો વિષય કમાઓ.'*

એટલું કહીને ઘેર જવાની ના પાડી.

મહારાજે મૂળજી ભક્તને કહ્યું : 'હમણાં ઘેર જાઓ.'

ત્યારે મૂળજી કહે કે 'મારે ઘેર જવું નથી ને આપની સેવામાં અખંડ રહેવું છે.'

તેથી મહારાજે તેમને સમજાવતાં કહ્યું કે 'છીપર તળે હાથ આવ્યો હોય તો તે કળે કળે કાઢીએ, માટે હમણાં ઘેર જઈ આવો ને સૌને સમજાવીને ફરી આવજો.'

મહારાજની આજ્ઞાથી મૂળજી ઘેર ગયા. થોડા સમય બાદ પોતાના નાના ભાઈ સુંદરજીને પણ સમજાવીને સાધુ કરવા સાથે તેડી લાવ્યા.

સૂર્યની સમીપમાં અંધારું સંભવી શકે નહીં. જે નિર્લેપ છે, નિર્વિકાર છે, તેને કોણ બંધન કરી શકે ? કાચબો જેમ પોતાનાં અંગો સંકેલી લે, તેમ લૌકિક સંબંધો સંકેલી લઈ, મૂળજી ભક્ત બ્રહ્મવિદ્યાના પ્રવર્તન માટે, શ્રીજીની સેવામાં પ્રવૃત્ત થયા.

•

સંવત ૧૮૬૬ના પોષ માસમાં શ્રીજીમહારાજે પોતાના અતિ લાડીલા



ભક્તરાજ, અનાદિ અક્ષરબ્રહ્મ મૂળજી ભક્તને ધામધૂમથી વૈષ્ણવી દીક્ષા આપવા ડભાણમાં મહાન યજ્ઞ આરંભ્યો. આ અહિંસક યજ્ઞમાં મહારાજે હજારો બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા અને પુષ્કળ દાન આપ્યું.

પૂનમને દિવસે યજ્ઞની પૂર્ણાહુતિમાં મહારાજે મૂળજી ભક્તને વેદોક્ત વિધિપૂર્વક ભાગવતી દીક્ષા આપી અને 'ગુણાતીતાનંદ' એવું શુભ નામ ધારણ કરાવ્યું. આ અતિ વિશિષ્ટ અને વિલક્ષણ નામ જ તેમના અક્ષરબ્રહ્મ[૪] સ્વરૂપની મહત્તા સૂચવે છે.

---

૪. આદિ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથ રચાવ્યો છે તેમાં પણ આ વાતનો ઉલ્લેખ કર્યો છે :

શ્રી हरिकृष्ण उवाच –

मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते। भूयान्मेऽत्र समानन्दो यतो धामाऽक्षरं स मे ॥
मुक्तैरनन्तैः साकं मे यत्राऽखण्डतयोष्यते। ऊर्ध्वाधोभागरहितं तन्मूलं घाम चाक्षरम् ॥

શ્રીહરિકૃષ્ણ ભગવાન કહે છે : આ મૂળજી શર્મા કે જે મારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મધામ છે તેને આજે દીક્ષા આપતાં મને ખૂબ જ આનંદ થાય છે. જેને વિષે અમે અમારા અનંત મુક્તો સાથે નિવાસ કરીને રહ્યા છીએ અને જે અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત છે, તે મારું ધામ આ અક્ષરબ્રહ્મ છે. – શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૧૭/૪૯-૫૦.

## ૬. સદ્‌ગુરુ કોણ ?

મહારાજની આજ્ઞાથી ગુણાતીતાનંદ સ્વામી શરૂઆતમાં મુક્તાનંદ સ્વામીના મંડળમાં ફરતા.

એક વાર તેઓ જેતલપુર આવ્યા. અહીં રાત્રે મહોલ ઉપર મુક્તાનંદ સ્વામી સૂવા ગયા. સ્વામી તેમની પાછળ ગયા. મુક્તાનંદ સ્વામી કાંકરાવાળી જમીન ઉપર પાથર્યા વગર સૂઈ ગયા, તેથી સ્વામી પણ તે પ્રમાણે સૂવાની તૈયારી કરતા હતા. ત્યાં મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું કે 'તમે નીચે કંઈ પાથરીને સૂઓ, નહીં તો કાંકરા વાગશે.'

'પણ તમે તો નીચે સૂતા છો.' સ્વામીએ તેમને નમ્રતાથી પૂછ્યું.

એટલે તેઓ કહે કે 'મારે તો મહારાજની આજ્ઞા છે.'

તે સાંભળી સ્વામીએ પણ વિનયપૂર્વક જણાવ્યું કે 'મહારાજની આજ્ઞા તો બધાયને માટે છે, કલ્યાણનો ખપ મારે પણ રાખવાનો છે.'

મુક્તાનંદ સ્વામી આ નાનકડા સંતની રુચિ જોઈ બહુ રાજી થયા ને બોલ્યા : 'બહુ આગળ વધી જશો.'

•

સંવત ૧૮૬૭ના ફાગણ માસમાં મહારાજે સારંગપુરમાં રાઠોડ ધાધલને ત્યાં ફૂલદોલનો ઉત્સવ કર્યો. દેશોદેશથી સંત-હરિભક્તનાં મંડળો આવ્યાં. રંગે રમવાની તૈયારી થઈ રહી હતી. તે પહેલાં મહારાજ કોઈ અલૌકિક હેતુથી કબીરનું હોરીનું પદ બોલવા લાગ્યા :

*'જોગિયા ટાળત જનમ કેરા ફાંસલા રે,*
*પ્રેમના પ્યાલા જોગિયા, જુગ જુગ જીવ સો જોગિયા.'*

મહારાજ ગાતા જાય ને સંતો ઝીલતા જાય. વળી, આગળ મહારાજ ઝિલાવતા જાય :

*'કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ,*
*કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કથે જ્ઞાન,*
*સદ્‌ગુરુ ખેલે વસંત.'*

આ કડી આવતાં, રાસ રમતા મહારાજ એકાએક અટક્યા ને પોતાના હાથમાં જે રમવાની છડી હતી તે ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં અડાડી.



પછી આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને પાસે બોલાવીને પૂછ્યું : 'સ્વામી ! એવા સદ્‌ગુરુ કોણ ?'

ત્યારે સંતો એક સાથે બોલ્યા કે 'મહારાજ ! એવા સદ્‌ગુરુ તો આપ જ, બીજું કોણ હોય ?'

મહારાજે સૌને શાંત કરી કૃપા વરસાવતાં જણાવ્યું કે –

'એ તો સદ્‌ગુરુનો મહિમા કહ્યો છે. અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ. એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. આ હોરીનાં પદ કબીરે બનાવ્યાં છે તે કબીર અક્ષરબ્રહ્મને જ સદ્‌ગુરુ સાહેબ કહીને ભજતા હતા. તે અક્ષર ધામરૂપે અનંત મુક્તો અને પુરુષોત્તમને ધારી રહ્યા છે ને સાકાર રૂપે અમારી સેવામાં છે તે જ આ ગુણાતીતાનંદ સ્વામી છે. તે આજે અમારી સાથે અમારી સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સદ્‌ગુરુરૂપે પ્રગટ થયા છે. આ હોરીમાં જે મહિમા કહ્યો છે તે તેમનો જ છે અને અમે તો તેમનાથી પર અને તેમના સ્વામી અને તેમને પણ ઉપાસના કરવા યોગ્ય, પુરુષોત્તમ નારાયણ છીએ.'

મહારાજના મુખે સ્વામીના આ અતિ અપાર મહિમાની વાત સાંભળી સૌ સંતોને આશ્ચર્ય થયું, કારણ કે નાની ઉંમરના ને સદા સેવકભાવે વર્તનારા સ્વામીનો આ મહિમા સૌને સહેજે કેમ સમજાય ?

## ૭. દર્શનનો ખપ

મહાપુરુષોનું જીવન જ એમનો મહિમા છે. શ્રીજીમહારાજે વર્ણવેલા સ્વામીના અલૌકિક ગુણોનું દર્શન અનેક પ્રસંગોએ તાદૃશ થતું હતું.

સંવત ૧૮૬૮ની એ સાલ હતી. એક કૃષ્ણપક્ષની રાત્રિએ, ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. આકાશ વાદળાંઓથી ઘેરાયેલું હતું. વચ્ચે વીજળીના ઝબકારા ને મેઘના કડાકા થતા હતા. સૌ સંતો મહારાજનાં પ્રત્યક્ષ દર્શન અને સમાગમનું સુખ લઈ પોતપોતાના આસને પાછા ફર્યા હતા. આ વખતે ગુણાતીતાનંદ સ્વામી એક ઓરડાની ભીંતે જરા ઓથ હતી ત્યાં વરસાદથી કંઈક બચતા મહારાજનાં દર્શનની અભિલાષાએ ચકોરની માફક, નેવા નીચે અર્ધભીંજાતાં ઊભા હતા.

એવામાં મુક્તાનંદ સ્વામી કંઈક કારણસર ઓરડા બહાર આવ્યા અને

કોઈકને ત્યાં ઊભેલા જોયા. એટલે પૂછ્યું કે 'કોણ છે એ ?'

સ્વામીએ નમ્રભાવે ધીરેથી જવાબ આપ્યો કે 'એ તો હું નિર્ગુણાનંદ. મહારાજ દરબારગઢમાં વાતો કરવા ગયા છે, તે પાછા પધારે ત્યારે દર્શનની ઝાંખી થઈ જાય એ આશયે અહીં ઊભો છું.'

મહારાજનાં દર્શન માટે સ્વામીની આવી તીવ્ર આસક્તિ જોઈ મુક્તાનંદ સ્વામી વિસ્મય પામ્યા. પોતે મનોમન વિચારવા લાગ્યા કે 'અહો ! આમની શ્રદ્ધા તો જુઓ ! નથી દેહની દરકાર કે નથી નિદ્રાની જરૂર ! વળી, મહારાજની મૂર્તિને અખંડ અંતરમાં દેખે છે તો પણ પ્રત્યક્ષ દર્શનની કેટલી તાણ છે ?' એમ વિચાર કરતાં મુક્તાનંદ સ્વામી તો ઓરડામાં ગયા.

સ્વામી તો અર્ધભીંજાયેલી સ્થિતિમાં, શીતળ પવનથી ધ્રૂજતાં મોડી રાત સુધી ત્યાં ઊભા રહ્યા. મહારાજ દરબારમાંથી ભગવદ્‌વાર્તા કરીને પાછા પધાર્યા ત્યારે વીજળીના પ્રકાશમાં મહારાજનાં દર્શનની ઝાંખી લઈ સ્વામી ગામ બહાર, ઘેલાને કાંઠે એક ઝાડ નીચે, થડની ઓથે જઈને સૂતા.



તે વખતે ગઢપુરમાં મંદિર ન હતું. મહારાજ ને મોટેરા સંતો દરબારમાં રહેતા ને બીજા સંતો અહીં-તહીં ઉન્મત્ત ગંગાને કાંઠે કે ગામમાં દુકાનોને ઓટલે સૂઈ રહેતા.

## ૮. વૃત્તિનો નિરોધ

સંવત ૧૮૬૯ની સાલમાં કાઠિયાવાડમાં ભયંકર દુકાળ પડ્યો હતો. દુકાળના ભારને હળવો કરવા મહારાજે, મુક્તાનંદ સ્વામીને બસો સંતના મંડળ સાથે સુરત મોકલ્યા. આ મંડળમાં ગુણાતીતાનંદ સ્વામી પણ હતા.

આ સંતોનો જ્યાં ઉતારો હતો, તે મકાનની સામે એક ખંડિયેર મકાનમાં, એક નીલ વાંદરું કોઈએ બાંધેલું હતું. વાંદરાની ચંચળતાથી સહેજે જ સૌની દૃષ્ટિ એ વાંદરા ઉપર પડતી.

એક રાત્રે કથાપ્રસંગે, મુક્તાનંદ સ્વામીએ સૌ સંતોને કહ્યું : 'જુઓ, આપણી ઈન્દ્રિયો કેટલી બધી ચંચળ છે ! આપણને હંમેશાં તે છેતરે છે. સામેના મકાનમાં એક વાંદરું છે. તે તરફ દૃષ્ટિ કરવાની આપણે કાંઈ જરૂર નથી, છતાં આપણામાંથી કોઈ પણ એ વાંદરું જોયા વગર નહીં રહ્યા હોય. જેમણે એ ન જોયું હોય તે ઊભા થાય.'

મુક્તાનંદ સ્વામીનું એ વચન સાંભળીને સૌ સંતો સ્તબ્ધ થઈ ગયા ! આ સમયે તે બસો સંતોમાંથી ફક્ત એક ગુણાતીતાનંદ સ્વામી હાથ જોડીને ઊભા થયા. તે જોઈને મુક્તાનંદ સ્વામી અતિશય આશ્ચર્ય પામ્યા અને કહ્યું : 'અહો ! બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા એક તમે જ નીકળ્યા. મારી પોતાની પણ દૃષ્ટિ તે તરફ ગઈ છે.'

આ પ્રમાણે સ્વામીને અખંડ અંતર્દૃષ્ટિ રહેતી હોવાથી મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ તેમના અંતરમાં હતું નહીં. સ્વામીની બ્રહ્મસ્થિતિની મુક્તાનંદ સ્વામીએ ઘણી પ્રશંસા કરી.

તે વખતે સુરત શહેરમાં ઝોળી માગવા વારાફરતી સૌ સંતો જતા. મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામીને રોજ જવું પડતું, કારણ કે શહેરમાં ઝોળી માગવા જતા બીજા સંતોની દૃષ્ટિ અજાણતાં સ્ત્રીઓ ઉપર પડી જતી અને તેમને અચૂક ઉપવાસ પડતો; પરંતુ મહારાજની મૂર્તિમાં અખંડ જેની વૃત્તિ છે તેવા સ્વામી તો તે નિયમોનું સખત પાલન સહજભાવે કરી શકતા.

તેથી તેમની સાથેના સંતો રોજ બદલાતા પણ તેઓ તો નિશ્ચલભાવે રોજ ઝોળી માગવાની સેવામાં જતા.

શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપમાં સ્વામીની અખંડ સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ એક વખત સ્વામી સાથે ઝોળી માગવા જતા આનંદ સ્વામીને થયો. ઝોળીના બે છેડા સ્વામીએ આગળ પકડ્યા હતા. નીચી દૃષ્ટિએ 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'ની આહ્‌લેક જગાવતાં સ્વામી રસ્તામાં ચાલતા હતા, તે સમયે – મહારાજ દિવ્ય સ્વરૂપે સ્વામીની આગળ, પાછે પગે ચાલતા હતા



– તેવાં તેમને દર્શન થયાં.

સ્વામી નતમસ્તકે, મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા : ‘હે મહારાજ ! આપ સન્મુખ દૃષ્ટિ કરીને ચાલો તો ઠીક, કારણ કે ખાડા-ટેકરા ઘણા છે, એટલે પડી જવાશે.’

એટલે મહારાજે તેમને કહ્યું : ‘તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ?’

આ બધું આનંદ સ્વામીએ મહારાજની કૃપાથી પ્રત્યક્ષ જોયું અને સાંભળ્યું. આથી, આનંદ સ્વામીને સ્વામીનો અતિશય મહિમા સમજાયો. આ પ્રમાણે છ મહિના સુધી સુરત શહેરમાં સ્વામીએ ઝોળી માગી હતી.

સ્વામી હંમેશાં નાસિકાગ્ર દૃષ્ટિ રાખતા અને શ્રીજીમહારાજની મૂર્તિ સિવાય અન્ય કંઈ પણ દેખતા નહીં, કહેતાં અન્ય પદાર્થમાં એમની વૃત્તિ જતી નહીં. તેથી જેના ઉપર સ્વામીની દૃષ્ટિ પડતી, તેના અંતરનાં કમાડ ખૂલી જતાં.

योगश्चित्तवृत्तिनिरोधः। એ યોગનું પરમ લક્ષ્ય સ્વામીને મહારાજની મૂર્તિમાં અખંડ સિદ્ધ હતું. તે છતાં મહારાજનાં પ્રત્યક્ષ દર્શનની તેમને હંમેશાં તાણ રહેતી.

## ૯. આજ્ઞાધારક

એક વખત મુક્તાનંદ સ્વામી સભા ભરીને બેઠા હતા. કથાવાર્તા થતી હતી. એક હરિભક્તે મહારાજના સમાચાર પૂછ્યા, કારણ કે તેમણે મહારાજ માટે તાજાં વાંસ, આદું અને તીખાંનું અથાણું તૈયાર કર્યું હતું, તે મોકલવાની તેમની ઇચ્છા હતી.

મુક્તાનંદ સ્વામી કહે કે ‘હમણાં મહારાજના કાંઈ સમાચાર નથી પણ ગઢડે હશે. મારે પણ ‘સતીગીતા’ નામનું પુસ્તક, જે મેં હમણાં જ પૂરું કર્યું છે, તે પ્રસાદી કરવા મોકલવું છે. કોઈ ઉત્સાહથી જાય તેવા સંતને મોકલીએ.’

મુક્તાનંદ સ્વામીની ઇચ્છાથી ગુણાતીતાનંદ સ્વામી તરત જવા તૈયાર થયા. સાથે જોડમાં એક ગોદડિયા શાંતાનંદ નામના સંત પરાણે જવા તૈયાર થયા. તે કહે : ‘તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ.’

અથાણાંની ત્રણ બરણીઓ, સતીગીતાનું પુસ્તક, એક સુંદર સાદડી તથા બરફીની માટલી વગેરે લઈ સ્વામી તૈયાર થયા. સુરતના પ્રેમી હરિભક્તોએ પોતાના વતી મહારાજને ભેટવાની સ્વામીને ભલામણ કરી. મહારાજને

સંભારતાં, રાત-દિવસ ચાલતાં ચોથે દિવસે સ્વામી ગઢડે પહોંચ્યા. અહીં મહારાજ દુકાળને હિસાબે છાના રહેતા હતા. કોઈને પણ મળતા નહીં. સ્વામીએ ઘેલાકાંઠે ઉતારો કર્યો. જે કોઈ દરબારમાંથી આવે તેને પૂછે પણ પાકા સમાચાર મળે નહીં. છેવટે નાજા જોગિયાએ ખબર આપી કે 'મહારાજ કારિયાણી જવાના છે, માટે તમે ત્યાં આવી પહોંચો.'

સ્વામી તો હોંશે હોંશે કારિયાણી આવ્યા. મહારાજને સંદેશો મોકલ્યો. ગુણાતીતાનંદ સ્વામીનું નામ સાંભળી મહારાજે હેતથી બોલાવ્યા. સ્વામીને વસ્તાખાચરના દરબારમાં મહારાજનાં દર્શન થયાં.

મહારાજ જમવાની તૈયારી કરતા હતા. સ્વામીએ બરફી ને અથાણું મહારાજને ધર્યાં. મહારાજ પ્રેમથી જમ્યા અને સ્વામીને પ્રસાદી આપી. સ્વામી તો અનિમિષ દૃષ્ટિએ મહારાજની મૂર્તિનું સુખ લઈ રહ્યા હતા. લાંબી મજલનો થાક ક્યાંય ઓસરી ગયો.

સુરતના હરિભક્તોનો સંદેશો મહારાજને આપ્યો એટલે મહારાજ ઢોલિયેથી ઊઠીને સ્વામીને બાથમાં લઈને મળ્યા. સ્વામી હરિભક્તોનાં નામ લેતા જાય ને મહારાજ મળતા જાય. એમ બાવીસ વાર ભેટ્યા. પછી મહારાજને બહુ શ્રમ ન પડે તે હેતુથી સ્વામીએ નામ સંભારવાં બંધ કર્યાં.

સાથે આવેલા શાંતાનંદ મહારાજને મળવા નજીક આવ્યા. મહારાજ કહે કે 'તમે પરાણે આવ્યા છો, તેથી નહીં ભેટીએ.'

એટલે સ્વામીએ ભલામણ કરી કે 'મારી સાથે બરણી ઉપાડી છે, સેવા ઘણી કરી છે, માટે ભેટો તો સારું.'

પછી સ્વામીની ઇચ્છાથી મહારાજ ભેટ્યા ખરા, પણ બોલ્યા કે 'સ્વામીને બાવીસ વાર મળતાં કઠણ નથી પડ્યું તેટલું આ એક વાર મળતાં કઠણ પડે છે, કારણ કે આજ્ઞા વગર આવ્યા છો.' એમ આજ્ઞાપાલ૨૮નનો મહિમા જણાવ્યો.

## ૧૦. દેહનો અનાદર

સંવત ૧૮૭૦ની સાલમાં દાદાખાચરના પિતા એભલખાચર ધામમાં ગયા. તેથી તેમના કારજ નિમિત્તે રોજ સાટા, જલેબીની રસોઈ દરબારમાં થતી. મહારાજ પંડે સૌ સંતોને પીરસવા નીકળતા. સ્વામી પણ પંગતમાં બેઠા હોય. તે તો મહારાજની મૂર્તિનું સુખ લેતાં જે પત્તરમાં પડે તે જમી જાય.

મહારાજે સંતો સાથે સ્વામીને પણ ખૂબ જમાડ્યા.

વધુ પ્રમાણમાં ખાંડ ખવાતાં થોડા દિવસમાં સ્વામીનું શરીર પીળું પડી ગયું અને પાચનશક્તિ ઘટી ગઈ. ફક્ત દૂધ પેટમાં ટકવા લાગ્યું. એટલે મહારાજે તેમને દૂધ ઉપર રહેવાની આજ્ઞા કરી.

ત્યારપછી સ્વામી કૃપાનંદ સ્વામીના મંડળમાં નાઘેર દેશમાં, ઊના બાજુ ફરતા હતા. અહીં તેઓ દૂધ સાથે ટોપરું પણ જમતા. આથી, વધુ અશક્તિ રહેવા લાગી, પણ તેમણે દેહની ચિંતા કદી કરી નહીં.

એવામાં એક વાર કોવૈયાને પાદર વાવ આગળ મહારાજે જોગીના વેશમાં સ્વામીને દર્શન દીધાં ને બોલ્યા : ‘સાધુરામ ! પેટ બહુ કેમ તગતગે છે? દૂધ પીવામાં આવ્યું લાગે છે ! અમારે તમારા શરીરની ચિંતા છે...’ એમ કહી અદૃશ્ય થઈ ગયા.

મહારાજની આ અનુવૃત્તિ જાણી સ્વામીએ દૂધ લેવાનું બંધ કર્યું. એ નિયમ જીવનપર્યંત સાચવ્યો.

પછી કૃપાનંદ સ્વામી ગઢડે આવ્યા. સ્વામી પણ મંડળમાં ભેળા હતા. અહીં મહારાજે સ્વામીને અડદની દાળ ને રોટલા જમાડ્યા; પણ અડદની દાળમાં મરચું ખૂબ નંખાવ્યું ને ઉપરથી પાછી મરચાંની ચટણી આપી. સ્વામીને તીખું ખાવાની ટેવ નહીં, પણ મહારાજની પ્રસાદી જાણી જેટલી દાળ આપી તેટલી જમી ગયા. તેથી બરાબર રેચ લાગ્યો. તે ઘેલાને કાંઠે દેરી છે ત્યાં સૂઈ રહે, ઝાડે ફરી આવે અને નાહી લે. એમ ત્રણ દિવસ ચાલ્યું. શરીરની બધી કસર નીકળી ગઈ. પછી સ્વામી મહારાજ પાસે દર્શને આવ્યા. પોતાના લાડીલા ભક્તને આવા નીરોગી ભાળીને બહુ રાજી થયા. આમ, મહારાજ સ્વામીના દેહની જાતે ખબર રાખતા.

## ૧૧. ઉત્તમ વક્તા

સદા સાધુસ્વભાવે જણાતા સ્વામી વ્યાવહારિક બાબતોમાં પણ ઘણા કુશળ હતા. તેમજ ઉપદેશક તરીકે પણ ઉત્તમ વક્તા હતા. એમની ઉપદેશની શૈલી સચોટ ને વેધક હતી. પોતાના ઈષ્ટદેવનો અપાર મહિમા, તેમના પ્રત્યેની પરાભક્તિ સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ ગુણોને પોષણ આપતી. ગંગાના અવિરત સ્રોતની માફક અમૃતવાણીનો પ્રવાહ તેમના મુખકમળમાંથી સદા વહેતો.

એક વખત ગઢડામાં સ્વામીએ મહારાજને ચાર પ્રશ્નો પૂછ્યા : ‘ભગવાનનું અખંડ ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવું, માંદાની સેવા કરવી અને વાતો કરવી – આ ચાર સાધનમાં કયું શ્રેષ્ઠ છે ?’

આ પ્રશ્ન મહારાજે સૌ સંતોને પૂછ્યો. સૌએ પોતાની રુચિ પ્રમાણે ઉત્તર કર્યો. મહારાજે મુક્તાનંદ સ્વામીને બોલાવીને આ પ્રશ્ન સંભળાવ્યો ત્યારે તેમણે ધ્યાન મુખ્ય બતાવ્યું, પણ મહારાજનો અભિપ્રાય જુદો હતો. તેથી છેવટે પોતે જ ઉત્તર કર્યો કે ‘વાતો કરવી એ શ્રેષ્ઠ છે. પહેલાં ત્રણ સાધન માત્ર પોતાના કલ્યાણ માટે જ છે. જ્યારે છેલ્લો ઉપાય શ્રોતા અને વક્તા, બંને માટે કલ્યાણકારી છે.’

આ પ્રસંગથી સ્વામીએ નિશ્ચય કરી લીધો કે મહારાજના મહિમાની વાતો કરવી. તેમાં સોપો પડવા ન દેવો.

•

મહારાજ જ્યારે ગઢડામાં બિરાજતા હોય, ત્યારે નિત્યપ્રત્યે નવીન લીલા કરતા અને ભક્તોને સુખ આપતા. ગુણાતીતાનંદ સ્વામી પણ અહીં આવ્યા હતા, તેથી પોતાના ઉત્તમ ભક્તનો મહિમા સૌને સમજાય એવા અવનવા પ્રસંગો મહારાજ ઉપસ્થિત કરતા.

એક વાર મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે અઢાર સદ્‌ગુરુઓને દરબારમાં જમવા તેડાવ્યા. સૌને ગોવાળ મંડળીની જેમ બેસાડી મહારાજ જાતે પીરસવા લાગ્યા. ત્યારે મહારાજે સંતોને કહ્યું કે ‘આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ સૌ જમતાં શીખો.’

એટલે બ્રહ્માનંદ સ્વામી મર્મમાં બોલ્યા કે ‘સાધુ જમનારા સારા છે.’

તે સાંભળી મહારાજ બોલ્યા : ‘તમે સમજો છો તેમ નથી. કેમ જે, એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે અને જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન પેટમાં ભરે છે. વળી, પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે, નહીં તો અમારી પાછળ જેટલા મનુષ્યો ફરે છે તેટલા માણસ તેમની પાછળ પણ ફરે.’

મહારાજનો અભિપ્રાય જાણી બ્રહ્માનંદ સ્વામીએ સાખ પૂરી કે ‘હા મહારાજ ! એ બહુ મોટા સાધુ છે.’

આવી જ રીતે એક વાર પંચાળામાં મહારાજ સંતોને જમાડતા હતા.

ત્યારે આત્માનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામીની વચ્ચે સ્વામી જમવા બેઠા હતા. આ જોઈ મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'અહો, આ તો બે વાઘ વચ્ચે બકરી.' પછી મોતૈયાના ચાર લાડુ હાથમાં લઈને વંથળીવાળા કલ્યાણભાઈ સામું જોઈ મહારાજ કહે : 'કલ્યાણભાઈ ! આ સાધુને ઓળખો છો ? આ તો અમારું અક્ષરધામ છે. ઓળખી રાખજો.' એમ કહી સ્વામીના પત્તરમાં ચાર લાડુ નાખ્યા. આથી, કલ્યાણભાઈ તથા ત્યાં ઊભેલા બીજા હરિભક્તોને સ્વામીના સ્વરૂપનો નિશ્ચય થયો.

## ૧૨. સેવાવૃત્તિ

એક વખત મહારાજ ગઢડાથી કારિયાણી પધાર્યા. અહીંથી મહારાજને વરતાલ રામનવમી-હરિજયંતીના સમૈયા ઉપર જવું હતું, પણ અહીં ઓગણીસ સંતો માંદા પડ્યા. મહારાજ કહે : 'આ માંદા સંતોની સેવામાં જે રહેશે તેને સો સમૈયાનું ફળ હું આપીશ.' પણ મહારાજને છોડીને માંદા સંતોની સેવામાં રહેવા કોઈ તૈયાર ન થયું.

મહારાજની મરજીના જાણનારા એકલા સ્વામી તૈયાર થઈ ગયા. મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા : 'રંગ છે આ સાધુને ! મારું વચન હેઠું પડવા ન દીધું.'

મહારાજ વરતાલ જવા નીકળ્યા. સ્વામીએ મહિમાપૂર્વક માંદા સંતોની ખડેપગે સેવા કરી. મહારાજની ઇચ્છાથી સૌ સંતો સાજા થઈ ગયા. સમૈયાને હજુ વાર હતી તેથી સ્વામીએ સમૈયામાં જવાની પોતાની ઇચ્છા જણાવી. સૌ સંતોએ રાજીખુશીથી હા પાડીને પોતા વતી મહારાજને ભેટવા કહ્યું. સ્વામી તો મહારાજને સંભારતા વરતાલ પહોંચી ગયા. સેવાનો ખરો રાજીપો લઈને આવનાર સ્વામીને જોઈને મહારાજ બહુ રાજી થયા ને સ્વામીને બરાબર ઓગણીસ વાર ભેટ્યા.

•

પ્રથમથી સ્વામી મુક્તાનંદ સ્વામીના મંડળમાં હતા. પણ કૃપાનંદ સ્વામી, ભાઈ આત્માનંદ સ્વામી, મોટા રામદાસ, બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ તેમની માગણી કરતા. તે દરેકના મંડળમાં મહારાજ સ્વામીને મૂકતા. સ્વામીનો અપૂર્વ સેવાભાવ, નમ્રતા, વિવેક અને અખંડ કથાવાર્તાના

ઈશકથી સૌ તેમને ઇચ્છતા અને પોતાના મંડળમાં પ્રેમથી રાખતા. આત્માનંદ સ્વામીની તબિયત સારી નહીં હોવાથી સ્વામી તેમના મંડળમાં સેવા માટે રહ્યા હતા. તેઓને સાજા કરી, રાજી કરી સ્વામી કૃપાનંદ સ્વામીના મંડળમાં આવ્યા.

કૃપાનંદ સ્વામીને મહારાજ પ્રત્યે અતિશય હેતનું અંગ હતું. તેથી મહારાજની આજ્ઞા રંચમાત્ર કોઈ લોપે તે તેમને ગમતું નહીં તેમજ સત્સંગની મર્યાદા બહાર કોઈ વર્તે તે પણ ગમતું નહીં. આથી અતિધૈર્યશીલ અને ગુણ-ગ્રાહક સ્વભાવવાળા સાધુ જ તેમની પાસે નભી શકતા. તેથી સ્વામી તેમના મંડળમાં રહેવાનું વિશેષ પસંદ કરતા. કૃપાનંદ સ્વામી સાથે દેશમાં ફરવા જતાં એક વખત સ્વામીને કોઈએ પૂછ્યું કે 'કૃપાનંદ સ્વામી સાથે જવું તમને કેમ ગમે છે ?'

ત્યારે સ્વામીએ કહ્યું : 'માણસ જ્યાં સુધી મોટાની ટોકણીમાં આવે નહીં, ત્યાં સુધી તેનામાં મોટાના ગુણ આવી શકે નહીં. કહ્યા વિના માણસ પોતાના ગુણદોષ જાણી શકે નહીં. પણ ગુરુ કહે તે પ્રમાણે જ વર્તે તેનામાં જ મોટાના ગુણ આવે છે. કૃપાનંદ સ્વામી સ્પષ્ટવક્તા હોવાથી હું તેમની સાથે રહેવાનું પસંદ કરું છું.'

## ૧૩. ક્ષમાશીલ

ફરતાં ફરતાં કૃપાનંદ સ્વામી સાથે સ્વામી અને સંતો એક વખત શેત્રુંજી નદીને કાંઠે જૂના સાવર ગામે આવી પહોંચ્યા. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. સંતો ગામમાં ઝોળી માગવા નીકળ્યા. તે ગામનો ધણી કાઠી દરબાર ઉગો ખુમાણ ભેખના શબ્દોથી ભરમાઈને સત્સંગનો દ્વેષી બન્યો હતો. તેને ખબર પડી કે ગામમાં સ્વામિનારાયણના મુંડિયા (સંતો) આવ્યા છે, તેથી પોતાના માણસોને હુકમ કર્યો કે 'એ સાધુઓને ગામ બહાર કાઢો; છોકરાઓ ભેળા કરી તેમના ઉપર છાણ-કાંકરા નંખાવો જેથી ફરીને આ ગામમાં પગ મૂકે નહીં.'

દરબારનો હુકમ થતાં નોકરોએ ગામમાં ઝોળી માગતા સાધુઓને અટકાવ્યા ને તેમને ગામ બહાર ચાલ્યા જવા કહ્યું. સાધુઓ ગામ બહાર જવા માંડ્યા ત્યારે નોકરોએ છોકરાઓ પાસે તેમના ઉપર છાણ, કાંકરા, ધૂળ વગેરે નંખાવ્યાં અને માર પણ માર્યો. છતાં સાધુઓ કંઈ પણ બોલ્યા નહીં તેમજ કંઈ

બૂરો વિચાર પણ મનમાં લાવ્યા નહીં.

નિર્વૈરી અને કીડી જેવા જીવને પણ કદી ન દુખવનારા આ સંતો મહારાજનું ભજન કરતાં કરતાં ગામ બહાર આવી નદીકાંઠે ઝાડ નીચે બેઠા. શી સહનશીલતા ! કદાચ શબ્દો સહન થાય, પણ આ તિરસ્કાર, માર કેમ સહી શકાય ?

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥

મહારાજની આ આજ્ઞા સંતોએ યથાર્થ પાળી.

નદીકાંઠે ગામના માણસો પાણી ભરવા જતા હતા. તેમણે આ જોયું. તેથી અંદરોઅંદર કહેવા લાગ્યા : 'અરે, દરબાર કેવો નિર્દય છે કે બાપડા સાધુઓને ગામ બહાર કાઢી આવું અપમાન કરે છે. પછી ભગવાન તેને દીકરો ક્યાંથી આપે ?'

સંતોએ આ સાંભળ્યું. સ્વામીને વિચાર આવ્યો કે દરબારનો દ્વેષ અણસમજણનો છે. માટે તેમને ઘેર દીકરો થાય ને તે સત્સંગી થઈ આપણને દરબારમાં ઉતારે, એવો આપણે શુભ સંકલ્પ કરીએ. સ્વામીનો આ વિચાર કૃપાનંદ સ્વામી અને સંતોને પણ બહુ ગમ્યો. તેથી સૌએ ભેળા મળી સંકલ્પ કર્યો. સ્વામીની આવી શુદ્ધ ભાવનાથી સૌ સંતો પણ મનોમન રાજી થયા. આ પ્રમાણે ઉગા ખુમાણને આશીર્વાદ આપી સંતમંડળ ત્યાંથી બીજે ગામ ગયું.

## ૧૪. 'અમારા તિલક'

થોડા દિવસ બાદ કૃપાનંદ સ્વામી પંચાળા આવી પહોંચ્યા. મહારાજ તે વખતે પંચાળામાં બિરાજતા હતા. ફૂલદોલનો ઉત્સવ હતો એટલે તમામ સંતમંડળો અહીં આવેલાં. એક વખત સભામાં મહારાજે સૌ સંતોને અહીંની ચંદન જેવી પીળી માટીના ખડા આપ્યા અને સંતોને તિલક કરવાની આજ્ઞા કરી.

બીજે દિવસે સવારે મહારાજે જોયું તો કોઈના કપાળમાં તિલક નહીં. મહારાજે કારણ પૂછ્યું ત્યારે સૌ કહે કે 'શેનાથી કરવું ?' આગલે દિવસે બધાને માટીના ખડા આપેલા તે મહારાજે સંભારી આપ્યું. ત્યારે સૌ ભોંઠા પડી ગયા, કારણ કે મહારાજની પ્રસાદી જાણી તે ખડા સંતો ખાઈ ગયા હતા.

પછી મહારાજે ફરીથી સૌને ખડા અપાવ્યા. ત્યારે બીજે દિવસે સૌએ

ભેંસભડકામણાં તિલક કર્યાં. તે જોઈ મહારાજ ખૂબ હસ્યા. પછી પોતાના તિલક સમાન પ્યારા સંતની સૌને ઓળખાણ કરાવવા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં પોતાના શુભહસ્તે સુંદર મજાનું તિલક અને મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો.

પછી સ્વામીને બતાવતાં સૌ સંતોને સંબોધીને કહ્યું : 'જુઓ, અમારા તિલક.' વળી, વધુ સ્પષ્ટતા કરતાં મહારાજ બોલ્યા : 'હું જેવો કોઈ ભગવાન નથી, આ જેવા કોઈ સાધુ નથી.'

એમ પોતાના પુરુષોત્તમ સ્વરૂપની અદ્વિતીયતા અને સ્વામીના અક્ષર સ્વરૂપની વિશિષ્ટતા મહારાજે સૌને સમજાવી. મહિમાવાળા સંતો મહારાજના શબ્દોનું રહસ્ય સમજી શક્યા.

## ૧૫. એકાત્મતા

એક વખત મહારાજ અક્ષર ઓરડીમાં સભા ભરીને બેઠા હતા. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ, મૂળજી બ્રહ્મચારી વગેરે સંતો હાજર હતા. તે વખતે સ્વામી, કૃપાનંદ સ્વામી સાથે ઘેલા નદીમાં નાહવા ગયા હતા. અહીં ખળખળિયામાં સ્નાન કરવા જતાં સ્વામીનો એક પગ ભેખડમાં ભરાઈ ગયો. કોઈ રીતે પગ નીકળે તેમ હતું નહીં. ત્યાં મહારાજે એકાએક દર્શન દઈ સ્વામીને ધીરેથી પગ કાઢવા કહ્યું.

બરાબર એ જ પ્રમાણે મહારાજ અક્ષર ઓરડીમાં પણ બેઠાં બેઠાં બોલી રહ્યા હતા. પ્રસંગ વગર આ વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને તેનું કારણ પૂછ્યું. ત્યાં મહારાજ ફરી બોલ્યા કે 'અમારો પગ કાઢો, નહીં તો ભાંગી જશે.'

મૂળજી બ્રહ્મચારી કહે : 'મહારાજ ! આપ તો ઢોલિયા ઉપર બેઠા છો, તો અહીં પગ ક્યાં ભાંગશે ?'

એટલે મહારાજ હસ્યા અને બોલ્યા : 'અમારા ધામ જે ગુણાતીત તેમનો પગ ખળખળિયાની બખોલમાં આવી ગયો હતો તે માંડ કાઢ્યો.'

આ પ્રમાણે મહારાજે પોતાના ધામરૂપ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીની સાથેનો પોતાનો એકાત્મભાવ બતાવ્યો.

## ૧૬. સૂક્ષ્મ તપ

સ્વામીને દેહનો દૃઢ અનાદર હતો એટલે પોતાના દેહને કષ્ટ આપવામાં ટેવાઈ ગયા હતા. જે મંડળમાં ગામડે જાય, તે મંડળ માટે ગામોગામ પોતે ઝોળી માગવા જતા. ભિક્ષામાં જે કાંઈ અન્ન મળે તેમાંથી મંડળના મોટેરા સદ્‌ગુરુ અને બીજા સાધુઓને પહેલાં પોતે જમાડતા. છેલ્લે જે બાકી રહેતું તે પોતે જમતા. કોઈ કોઈ વખત ભૂખ્યા પણ રહેવું પડે, પણ પોતે કોઈને જણાવા દે નહીં. આમ તો પોતે સદા અર્ધી ભૂખ તો વેઠતા જ. વળી, પોતે કેડ ઉપર એક દોરો બાંધી રાખતા અને શરીર માપી લેતા. કદાચ શરીર સહેજ પણ પુષ્ટ થયેલું જણાય તો ઉપવાસ કરી નાખતા.

એક વખત મોટા રામદાસ સ્વામીની માગણીથી, મહારાજે સ્વામીને તેમની સાથે ફરવા મોકલ્યા. એક ગામમાં પહોંચ્યા ત્યાં બે-ત્રણ સંતોને તાવ આવ્યો. તેથી થોડું વધુ રોકાવાનું થયું. આ સંતોથી અનાજ લઈ શકાતું ન હતું. તેથી એક હરિભક્ત મઠ શેકીને લઈ આવ્યા. ફરસા મઠ ખાવા ગમે, તેથી રામદાસ સ્વામીએ માંદા સંતોને આપ્યા; પરંતુ મઠ તો ઘણા વધ્યા. તેથી મંડળના સૌ સાધુઓને પણ વહેંચ્યા. છતાં એક શેર મઠ વધ્યા.

રામદાસ સ્વામી તેની શી વ્યવસ્થા કરવી તે વિચારમાં પડ્યા, કારણ કે સંતો બધા તૃપ્ત થઈ ગયા હતા, તેથી વધુ કોઈ ખાઈ શકે એમ હતું નહીં. વળી, મહારાજે સૌને અપરિગ્રહ વ્રતનો નિયમ આપેલો, તેથી સંગ્રહ પણ થાય નહીં. તેથી રામદાસ સ્વામીએ ફરીથી સંતોને વિનંતી કરી કે ‘આ મઠ કોઈ જમી જાઓ તો ઠીક.’

ત્યારે હંમેશાં ભૂખ સહન કરતાં સ્વામી બોલ્યા : ‘આપની ઇચ્છા હોય તો લાવો, હું જમી જાઉં.’ એમ કહી તે મઠ સ્વામી જમી ગયા.

તે જોઈને રામદાસ સ્વામીએ કહ્યું : ‘અહો સાધુરામ ! રોજ આટલી ભૂખ વેઠો છો ?’

સ્વામી એટલી ભૂખ કાયમ સહન કરતા.

•

મહારાજ એક વખત વરતાલમાં હરિનવમીનો સમૈયો કરી ઉમરેઠ પધાર્યા. અહીં નંદરામ ઠાકરને ત્યાં મહારાજે સૌ સંતોને જાતે પીરસીને ખૂબ

રસ-રોટલી જમાડ્યાં. સૌ જમી રહ્યા બાદ મહારાજે આંબાના ઝાડ નીચે શીતળ છાયામાં સભા કરી.

ચૈત્ર મહિનો હતો એટલે તાપ ઘણો પડતો હતો. ખૂબ જમ્યા હોવાથી અને વળી માથે તાપ પણ ખૂબ પડતો હોવાથી સંતો અકળાતા હતા. તેમાં મહારાજે આજ્ઞા કરી કે 'સંતો ! આજે તો તમે લોભિયાનું અન્ન જમ્યા છો, માટે ઊભાં ઊભાં ઝીલણિયાં કીર્તનો બોલો એટલે અન્ન પચી જાય.'

જ્યાં બેસવાનું જ કઠણ થઈ પડ્યું હતું, ત્યાં ઊભા થઈ કીર્તનો બોલવા કોણ તૈયાર થાય ? પણ જેમણે દેહનો અનાદર દૃઢ કર્યો છે તેવા સ્વામી ઊભા થયા. સાથે તદ્રૂપાનંદ સ્વામી પણ ઊભા થયા. સ્વામીને લગભગ પાંચસો કીર્તનો કંઠે હતાં. તે એક પછી એક કીર્તન ઝિલાવતા ગયા. એમ લગભગ બે કલાક સુધી કીર્તન-ભક્તિ ચાલી. મહારાજની ઇચ્છાથી આકાશ પણ વાદળાંઓથી આચ્છાદિત રહ્યું ને સભા પછી તરત જ વરસાદ પડ્યો. પોતાની આજ્ઞાથી સ્વામીએ અવિરત કીર્તનો ગાયાં. તેથી મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા કે 'તમારી ભક્તિથી વરસાદ થયો.'

## ૧૭. વિરક્તિ

ત્યારપછી ધરમપુરનાં કુશળકુંવરબાના આગ્રહથી મહારાજ, મુક્તાનંદ સ્વામી વગેરે સંત-હરિભક્તોના સંઘ સાથે વરતાલથી ધરમપુર જઈ રહ્યા હતા. રસ્તામાં સુરત પાસે અચાનક દેવાનંદ સ્વામી માંદા પડ્યા. તેમને અતિસાર (મરડો) થયો હતો, તેથી તેમને ત્યાં રોકાઈ જવું પડ્યું; પણ તેમની સેવામાં કોને મૂકવા ? કારણ મહારાજ સાથે હરવા-ફરવાનો લાભ છોડી કોણ રહે ?

આવા પ્રસંગોએ મહારાજની નજર હંમેશાં સ્વામી ઉપર પડતી. તેથી મહારાજે કહ્યું : 'અમારા નિર્ગુણાનંદ ક્યાં છે ? તેમને બોલાવો. એ અમારું વચન માને એવા છે.'

મહારાજની આજ્ઞાથી સ્વામી તો સેવામાં રોકાઈ ગયા.

મહારાજ ધરમપુર ગયા. પોતાના અંગ મુજબ સ્વામીએ પ્રેમથી દેવાનંદ સ્વામીની સેવા કરી. દેવાનંદ સ્વામીને સારું થઈ ગયું.

શ્રદ્ધાપૂર્વક કરેલી સ્વામીની સેવાથી દેવાનંદ સ્વામી બહુ રાજી થયા અને બોલ્યા : 'તમે મારી બહુ સેવા કરી. તેથી રાજી થઈ હું તમને મહારાજની આ

પ્રસાદીની ડગલી આપું છું અને મારી ગાનવિદ્યા પણ તમને શીખવવાની ઇચ્છા છે.'

પણ મહારાજની કેવળ પ્રસન્નતા સિવાય અન્ય સર્વ પદાર્થથી વિરક્ત, નિઃસ્પૃહી એવા સ્વામીએ નમ્રતાથી કહ્યું : 'મેં તો મહારાજને રાજી કરવા આપની સેવા કરી છે. વળી, એ પ્રસાદીની ડગલી મારાથી સચવાય નહીં. માટે આપની પાસે રહે તે સારું. વળી, સવારમાં મહારાજનું ધ્યાન મૂકી ગાન-વિદ્યાના સૂરો છેડવા મને ન ફાવે.'

આ રીતે વિનયપૂર્વક દેવાનંદ સ્વામીને સમજાવી, સ્વામી ધરમપુર મહારાજ પાસે ગયા.

•

એક વખત મહારાજ વરતાલ ચૈત્રી પૂનમનો સમૈયો કરી સંજાયા પધાર્યા. અહીં સ્વામીને બોલાવી મંડળ બાંધી દેશમાં ફરવાની આજ્ઞા કરી, પણ સ્વામી કાંઈ બોલ્યા નહીં. પછી મહારાજે જ સ્વામીને ચાર સાધુનું મંડળ બાંધી દીધું. તે વખતે સાધુ એકલા ફરતા, કોઈ જોડનો નિયમ ન હતો, પણ સ્વામી હંમેશાં જોડમાં જ રહેતા અને કદાચ એકલા રહેવાયું હોય તો મહારાજની મરજી પ્રમાણે ઉપવાસ કરતા.

## ૧૮. વેદાંતીઓનો પરાજય

આ સમૈયામાં આવેલા હરિભક્તો વિખરાયા, તેમાં મહેમદાવાદના હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી : 'અમારા ગામમાં કોઈ વિદ્વાન સંત મોકલો, તો વેદાંતીઓ પાછા પડે અને ગામનો સત્સંગ વધે.'

મહેમદાવાદમાં વેદાંતી બ્રાહ્મણોનું જોર ખૂબ હતું. તેઓ તેમના વેદાંતના મિથ્યા જ્ઞાનના બળે કોઈને સત્સંગી થવા દેતા નહીં. મહારાજે વિદ્વાન સંતોને પૂછી જોયું પણ કોઈ તૈયાર થયું નહીં. છેવટે મહારાજે સ્વામીને આજ્ઞા કરી ને હરિભક્તો સાથે મહેમદાવાદ મોકલ્યા.

સ્વામી મહેમદાવાદ પધાર્યા તે સમાચાર ગામના શુષ્ક વેદાંતના મિથ્યાભિમાની જ્ઞાનીઓને મળ્યા, એટલે તેઓ બધા સ્વામીને માત કરવાના આશયથી મંદિરમાં આવ્યા. મંદિરમાં મોટી સભા થઈ. તે બધાને સંબોધીને સ્વામીએ કહ્યું : 'પંડિતો ! તમે માત્ર શબ્દબ્રહ્મને જાણીને 'અહં બ્રહ્માસ્મિ'

બોલતાં શીખ્યા છો. હજુ નથી બ્રહ્મભાવને પામ્યા કે નથી પરબ્રહ્મને પિછાણ્યા. ભાઈઓ ! બ્રહ્મભાવ તો શુકજી પામ્યા હતા. જેથી સ્ત્રી-પુરુષના ભાવથી તે પર થયા હતા. શુકજીમાં બ્રહ્મની વ્યાપક શક્તિ હતી, તેથી વ્યાસજીએ બોલાવ્યા ત્યારે તેમણે વૃક્ષમાં રહીને જવાબ આપ્યો હતો. તમે જો તેવા બ્રહ્મ થયા હો, તો આવો આ થાંભલામાં રહીને મને જવાબ આપો.

'પણ હજુ એ બ્રહ્મદશા તો આવી નથી. સંસારમાંથી લોલુપતા નષ્ટ થઈ નથી. એક દમડી માટે અનેક પ્રપંચ કરવા પડે છે. અનેક સાથે શત્રુતા-મિત્રતા કરવી પડે છે. શરીરમાંથી અહંભાવ નષ્ટ થયો નથી. 'હું અને મારું' એ તો ઊભું જ છે. ખારા-ખાટા રસાદિમાં સમતા થઈ નથી, કઠણ-કોમળ સ્પર્શ સરખો થયો નથી, ઉત્તમ રૂપમાં રાગ રહે છે, મધુર શબ્દ શ્રોત્રને ખેંચે છે, ત્યાં સુધી તમે પોપટની જેમ માત્ર 'અહં બ્રહ્માસ્મિ' બોલી શકો પણ બ્રહ્મ થયા તો ન કહેવાઓ.

न हि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ।

જે આત્મારામ હોય તેને મૃગતૃષ્ણા જેવા વિષયો ભમાવી શકતા નથી.

'આવી સ્થિતિને પામશો ત્યારે તમારે કોઈને 'હું બ્રહ્મ છું' એમ કહેવું નહીં પડે. જગત એની મેળે જ જાણશે. શુકજી કે જડભરત કોઈને કહેવા ગયા ન હતા, પરંતુ જગતે તેમની બ્રહ્મસ્થિતિ જાણી હતી. જ્યાં અપૂર્ણતા હોય, ત્યાં અહંકાર હોય છે. માટે જ્યાં સુધી તમે 'અહં બ્રહ્માસ્મિ' બોલો છો, ત્યાં સુધી તમે અપૂર્ણ છો. અરે, શબ્દમાત્રના જ ઉપાસક છો.

'શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે :

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥[૫]

એવા તમે થયા છો ? તમને સર્વનાં સુખ-દુઃખમાં ભાગ લેવાની ઈચ્છા થાય છે ? કોઈનો દીકરો મરી જાય, ત્યાં બ્રહ્મોપદેશ દેવા તૈયાર થાઓ છો ને તમારી માત્ર બકરી મરે ત્યાં રડારોળ કરવા બેસો છો.

'આવા દાંભિક પંડિતોની પંડિતાઈ હવે ચાલશે નહીં. સ્વામિનારાયણ પોતે પરબ્રહ્મ છે ને એમને ભજીને અનેક બ્રહ્મરૂપ થયા છે, થાય છે અને થશે.

૫. જે પોતાનાં સુખ-દુઃખના વિચાર સાથે અન્યનાં પણ સુખ-દુઃખનો વિચાર કરે છે. સર્વત્ર જેની એવી સમભાવની દૃષ્ટિ છે, તે જ હે અર્જુન ! પરમયોગી છે.

માટે દંભ છોડી, ખરેખર બ્રહ્મ થવું હોય, તો હું એ પરબ્રહ્મ તમને મેળવી આપું. તમે અનેક પુસ્તકો વાંચો ને વિચારો પણ સ્વામિનારાયણ પરબ્રહ્મ પરમાત્માનો આશ્રય લીધા વિના બ્રહ્મભાવને પામવાના નથી.. હું અનાદિ બ્રહ્મ છું, જે અનંત કોટિ બ્રહ્માંડોને ધારી રહ્યો છું.'

એમ કહી સ્વામીએ પોતાના શરીરમાંથી એટલો બધો પ્રકાશ પ્રગટ કર્યો કે ત્યાં બેઠેલા શુષ્ક જ્ઞાનીઓ અંજાઈ ગયા ! સ્વામી બેઠા હતા તે મકાન ચૈતન્ય થઈ હલવા લાગ્યું. તેથી પંડિતો બીવા માંડ્યા – જે હમણાં આ મકાન પડશે.

તેમને ગભરાયેલા જોઈ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : 'બીશો નહીં, એ કાંઈ પડશે નહીં. તમે જો બ્રહ્મ હો તો આ તેજને સમાવી દ્યો.'

પછી સ્વામીએ તેમને શાંતિ પમાડવા તે તેજ પોતામાં સમાવી દીધું.

સૌ એકદમ બોલી ઊઠ્યા : 'તમે બ્રહ્મ ખરા !'

ત્યારે સ્વામીએ કહ્યું : 'અમે બ્રહ્મ તો ખરા, પણ પરબ્રહ્મ સ્વામિનારાયણ છે. માટે તમે જો સાચું માનતા હો તો તેમનાં દર્શને ચાલો.'

કેટલાક તો સ્વામીનો આવો અલૌકિક પ્રતાપ જોઈ, તેમનાં ચરણમાં પડી, સ્વામીના શિષ્ય થઈ ગયા. કેટલાક પરાજિત થઈ ઘેર ગયા. ત્યારથી તેઓને ખાતરી થઈ કે 'સ્વામિનારાયણના ત્યાગીઓમાં આવી દિવ્ય વિભૂતિ છે ખરી !'

## ૧૯. મૂર્તિમાં રસબસ

સ્વામી ફરતાં ફરતાં મહારાજ પાસે ગઢડા આવ્યા. અહીં નિયમની એકાદશીનાં પારણાંમાં, મહારાજ વાસુદેવ નારાયણના ઓરડામાં ખીચડી અને દહીં જમતા હતા. પાસે દર્શન કરતાં બેઠેલા સંતોને મહારાજની પ્રસાદી મેળવવાનો સંકલ્પ થયો. એકલા ગુણાતીતાનંદ સ્વામી સંકલ્પરહિત મહારાજની જમતી મૂર્તિનાં દર્શન કરી રહ્યા હતા. અંતર્યામી મહારાજ તો જાણતા જ હતા કે આ પ્રસાદીના લોભે નહીં, પણ મૂર્તિના લોભે અહીં ઊભા છે. મહારાજે સ્વામીને બોલાવીને સામેથી પોતાના થાળની પ્રસાદી આપીને રાજીપો બતાવ્યો. સ્વામી અને મહારાજના એ પરસ્પર અપૂર્વ પ્રેમસંબંધનો અનુભવ સૌ સંતોને ત્યારે થયો.

આ અરસામાં અક્ષર ઓરડીમાં મહારાજ અને મોટેરા સદ્‌ગુરુઓની હાજરીમાં ગીતા ઉપર રામાનુજ ભાષ્યની કથા થતી. એક વાર પુરાણીએ

સુંદર કથા કરી એટલે મહારાજ તેમને ભેટ્યા. આથી, બ્રહ્માનંદ સ્વામીએ રમૂજમાં મહારાજને કહ્યું કે 'તમે આવો પક્ષપાત કરો તે ન ચાલે, કથામાં બેઠેલા સર્વને ભેટવું જોઈએ.'

મહારાજ સૌને ભેટવાના છે – તે સમાચાર જાણી બીજી દિવસે કથામાં ભારે ભીડ થઈ. પછી મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું કે 'સૌ કથામાં આવ્યા છે પણ પૂછો તો ખરા કે કથામાં કેટલા સમજે છે ?'

કથાની સમાપ્તિ પછી નિત્યાનંદ સ્વામી દરેકને પૂછવા લાગ્યા ને જે નહોતા સમજતા તેને બીજે દિવસે આવવાની ના પાડી. તેમણે સ્વામીને પણ પૂછ્યું. સ્વામી તો ભાવમાં આવી બોલ્યા : 'અહો શી કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ.' એટલે સ્વામીને આવવાની પરવાનગી મળી.

પછી મુક્તાનંદ સ્વામીએ સહજભાવે ફરીથી સ્વામીને પૂછ્યું કે 'તમે ખરેખર સમજો છો ?'

ત્યારે સ્વામીએ એ જ મસ્તીમાં ફરી કહ્યું કે 'મારે તો મહારાજનાં દર્શનનો મોહ છે.'

દર્શનનો આવો મહિમા જોઈ મુક્તાનંદ સ્વામી મનોમન રાજી થયા.

## ૨૦. અસીમ શ્રદ્ધા

આ બ્રહ્માંડના અસંખ્ય જીવોને પુરુષોત્તમ નારાયણનું યથાર્થ સ્વરૂપ ઓળખાવી, માયા પાર કરવાના એકમાત્ર આશયથી, પૃથ્વી ઉપર સાકાર બ્રહ્મ સ્વરૂપે વિચરતા સ્વામીના જીવનના પ્રત્યેક પ્રસંગમાં, શ્રીજીમહારાજ પ્રત્યે એમની પરાભક્તિનું દર્શન સહજભાવે થયા જ કરે છે.

એક પ્રસંગે મહારાજ સંત-હરિભક્તોના સંઘ સાથે ગઢડાથી વરતાલ જતાં, બરવાળા આવ્યા. અહીં હરિભક્તોએ મહારાજ અને સંત-હરિભક્તોને પાકના લાડુ ધર્યા. સ્વામીને પણ ભાગમાં એક લાડુ મળ્યો. તેમને તો તેની સ્પૃહા ન હતી. એક મહારાજની મૂર્તિમાં જ રસબસ સ્વામીને પળેપળે મહારાજનાં દર્શનની જ તાલાવેલી હતી. એ મૂર્તિના રસ આગળ એમને જગતના તમામ રસ ફીકા લાગતા હતા. પણ મહારાજ તો ઘોડી ઉપર બિરાજતા, તેથી મહારાજનાં દર્શન કરવાં હોય તો એમની ઘોડી સાથે દોડવું પડે. વળી, સાધુના નિયમ પ્રમાણે એકલા તો જવાય નહીં. સાથે કોઈ સાધુની જોડ જોઈએ, તેને



પણ દોડવાની શ્રદ્ધા હોવી જોઈએ.

આથી, સ્વામીએ એક સાધુને વિનંતી કરતાં કહ્યું કે ‘મારે મહારાજનાં દર્શન કરવા તેમની ઘોડી સાથે દોડવું છે. જો રસ્તામાં તમે મારી સાથે દોડો, તો મારા ભાગનો પાકનો લાડુ હું તમને આપું.’

લાડુના લોભે તે સાધુ તૈયાર થયા. આમ, સ્વામી કેટલોક વખત આડે રસ્તે ખેતરોમાં, કાંટાઓમાં, દેહની દરકાર કર્યા વગર દોડતાં જાય ને મહારાજનાં દર્શન કરતાં જાય. આવી અસીમ શ્રદ્ધા જોઈ મહારાજ પણ સ્વામી તરફ જોઈ મરક મરક હસતા જાય.

આમ, બીજું ગામ આવ્યું ત્યાં સુધી સ્વામી, મહારાજનાં દર્શન માટે દોડ્યા. કેવી અસીમ શ્રદ્ધા !

## ૨૧. અનાદિના સેવક

વરતાલમાં એક વખત મહારાજની આજ્ઞાથી સ્વામી કેટલાક માંદા સાધુની સેવામાં રહ્યા. દરેકની રુચિ પ્રમાણે જમવાનું કરી આપે, સેવા કરે અને સહુની ગોદડીઓ પણ ધોઈ નાખે. આ જોઈ કેટલાક સાજાસારા સાધુઓએ પણ

પોતાની ગોદડીઓ, માંદા સાધુઓની ગોદડીઓ ભેગી સ્વામીને ધોવા આપી.

લગભગ અઢાર જેટલી ગોદડીઓ ભેગી થઈ હતી. તે ગોમતીમાં ધોઈ, બંને ખભા ઉપર ઊંચકી, સ્વામી મંદિરે આવતા હતા. પરિશ્રમથી પરસેવો અને સાથે ગોદડીઓનું પાણી, સ્વામીનાં અંગ ઉપર રેલાતાં હતાં.

બરાબર તે જ વખતે મહારાજ વાસણ સુથારને ઘેર જમીને મંદિરના હનુમાનવાળા દરવાજે આવ્યા. સ્વામી તો મહારાજની મૂર્તિમાં વૃત્તિ પરોવી, અનિમિષ દૃષ્ટિએ દર્શન કરતાં ઊભા રહી ગયા. આથી, મહારાજ પણ સ્વામીની પ્રેમદોરીએ બંધાયેલા ત્યાં જ ઊભા રહ્યા.

આ પ્રમાણે ભક્ત અને ભગવાનનું અલૌકિક દૃષ્ટિમિલન ચાલ્યું.



'સાધુરામ ! ચાલશું હવે ?' મહારાજે સ્વામીની રજા માગી. એટલે સ્વામીએ દૃષ્ટિ ખેંચી લીધી.

પછી મહારાજ સભામાં પધાર્યા, પણ એકદમ અકળામણ બતાવવા લાગ્યા. એટલે સેવકો મહારાજને પંખો નાખવા લાગ્યા, તો કોઈ ઠંડું પાણી લાવ્યું. ત્યારે મહારાજ કહે : 'મારે કાંઈ જોઈતું નથી, પણ પેલા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લો.'

મહારાજે સ્વામી સાથે પોતાની એકતા જણાવી.

આ સાંભળી ભગુજી દોડ્યા અને સ્વામી પાસે જઈ એમના ખભા ઉપરથી ગોદડીઓ લઈ લીધી. તે મહારાજ પાસે લાવીને મૂકી. મહારાજે જેમની ગોદડીઓ હતી તેમને બોલાવ્યા. માંદા સાધુઓ પોતાની ગોદડીઓ લઈ ગયા પણ જે સાજા હતા તે શરમાઈને આવી શક્યા નહીં.

પછી મહારાજે સભા કરી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવ્યા અને પૂછ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામી કેવા સાધુ છે ?'

'એ તો બહુ સારા સાધુ છે. કીર્તનો બહુ મોઢે છે ને વાતો પણ કરે છે. સેવા પણ ખૂબ કરે છે ને તપસ્વી પણ ભારે છે.' સદ્‌ગુરુઓ બોલ્યા.

'એ તો તમે ઉપલ્યા ગુણ કહ્યા પણ એ તો બહુ સમર્થ સાધુ છે, કાં જે, જેમ સાણસામાં સાપ પકડે તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં એમણે ઝાલી રાખી છે.' મહારાજે કહ્યું.

તે સાંભળી હિન્દુસ્તાની મહાનુભાવાનંદ સ્વામી કહે : 'બેટીકા બાપ ! મહારાજકુ ક્યું પકડા હૈ ? છોડ દો.'

ત્યારે મહારાજે એમને સમજાવ્યું : 'એણે તો અમને અખંડ પકડી રાખ્યા છે, પરંતુ અમને તેનું દુઃખ થતું નથી, પણ એમની જેમ બીજાને અમારી મૂર્તિ પકડવી કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક છે. આ સાધુ દ્વારા જ અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે. આ સાધુ જેવો અમારો અદ્‌ભુત મહિમા જાણે છે તેવો બીજા જાણતા નથી. માટે આવા સાધુ પાસે સાજા સાધુ સેવા કરાવે, તે કેવું કહેવાય ?'

આ પ્રમાણે મહારાજે સૌ સદ્‌ગુરુઓને સ્વામીનો મહિમા સમજાવ્યો.

આ પહેલાં મુક્તાનંદ સ્વામી પોતાના પત્તરની પ્રસાદી સ્વામીને આપતા, પણ આ પ્રસંગ પછી સ્વામીનો મહિમા સમજાતાં એમણે સ્વામીના આગ્રહ

છતાં પ્રસાદી આપવાનું બંધ કર્યું.

•

કૃપાનંદ સ્વામી સાથે સ્વામી સમઢિયાળા પધાર્યા હતા. અહીં વીરા શેલડિયાનો દીકરો લક્ષ્મણ, સ્વામીની આજ્ઞાથી રોજ એક પ્રશ્ન પૂછતો અને સ્વામી તેનો ઉત્તર આપતા.

એક વખત લક્ષ્મણના પ્રશ્નનો ઉત્તર આપતાં, મહારાજના અતિ અપાર મહિમાની વાતો કરતાં, મહારાજની મૂર્તિમાં સ્વામી તન્મય બની ગયા. એવામાં સ્વામીના શરીરમાંથી એટલો બધો પ્રકાશ નીકળ્યો કે લક્ષ્મણ તો આભો જ બની ગયો. તે પ્રકાશમાં તેને સ્વામીની જગ્યાએ મહારાજ બેઠેલા દેખાયા. તે મહારાજનાં ચરણારવિંદ છાતીમાં અડાડવા લાગ્યો. એટલે સ્વામી બોલ્યા : 'લક્ષ્મણ ! આ શું કરે છે ?'

લક્ષ્મણ કહે : 'હું તો મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઉં છું. આ તો મહારાજ છે. સ્વામી ! તમે ક્યાં છો ?'

પાસે બેઠેલા સૌ હરિભક્તો આશ્ચર્ય પામ્યા. પછી લક્ષ્મણને ઢંઢોળી તેમણે પૂછ્યું ત્યારે તેણે ઉપરની વાતો કરી. આમ, સ્વામીમાં મહારાજ અખંડ બિરાજમાન છે તેની સૌને પ્રતીતિ થઈ.

સોરઠ દેશમાં સ્વામી બહુ ફરતા અને સૌને મહારાજના સ્વરૂપની પાકી નિષ્ઠા કરાવતા. સ્વામી ઘણી વાર કહેતા કે 'અમે અને કૃપાનંદ સ્વામીએ ખેતરોમાં ફરી ફરીને પરાણે સત્સંગ કરાવ્યો છે. જ્યાં જ્યાં ફર્યા છીએ અને સત્સંગ કરાવ્યો છે ત્યાં કોઈ દિવસ ડાકલું કે દોરો પેસવા પામ્યાં નથી.'

## ૨૨. જૂનાગઢમાં મંદિરનો આરંભ

પંચાળાના ઝીણાભાઈ દરબારે જૂનાગઢમાં મંદિર કરવા પોતાનો દરબાર અને વાડી મહારાજને અર્પણ કર્યાં હતાં. ગઢડામાં સભા ભરી મહારાજે જૂનાગઢમાં મંદિર કરવાનો પ્રસ્તાવ સૌની આગળ મૂક્યો. નાગરોની ઉપાધિથી ત્યાં જવા કોઈ તૈયાર ન હતું. છેવટે મહારાજની આજ્ઞાથી સ્વામી તૈયાર થયા. એમની સાથે સરકારી કામકાજમાં મદદરૂપ થવા બ્રહ્માનંદ સ્વામી પણ ગયા.

ગોપાળાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓની હાજરીમાં સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ત્રીજને દિવસે સ્વામીના હસ્તે જ જૂનાગઢમાં મંદિરનું ખાતમુહૂર્ત

થયું અને બ્રહ્મવિદ્યાના કેન્દ્ર સમા ભવ્ય મંદિરનો આરંભ થયો.

ત્યારપછી આનંદ સ્વામી સાથે સ્વામી ગઢડા મહારાજનાં દર્શને આવ્યા. થોડા દિવસ બાદ મહારાજે તેમને જૂનાગઢ જવાની આજ્ઞા કરી. કારણ, બીજું કોઈ જૂનાગઢની કઠિનાઈઓ વેઠવા તૈયાર ન હતું. સ્વામીની જોડમાં મહારાજે તત્ત્વાનંદને જવાની આજ્ઞા કરી.

જતાં પહેલાં સ્વામી મહારાજની રજા લેવા આવ્યા, ત્યારે મહારાજ ક્ષૌર કરાવતા હતા. સ્વામીએ દંડવત્ પ્રણામ કર્યા એટલે મહારાજ ક્ષૌર કરાવતાં ઊભા થઈ ગયા અને સ્વામીને ભેટીને બોલ્યા : 'તમે જૂનાગઢ જાઓ છો તો લો તમને ભાતું બંધાવીએ.' એમ કહી સાખી બોલ્યા :

*'નિર્ગુણ બ્રહ્મ સુલભ અતિ, સગુણ ન જાણે કોઈ;*
*સગુણ ચરિત્ર નાનાવિધિ, સુની મુનિ મન ભ્રમ હોય.'*[૬]

પછી પોતાની પાઘ મંગાવી સ્વામીને પહેરાવી, અપાર હેત મહારાજે બતાવ્યું.

## ૨૩. મહારાજ જામીન થયા

સંવત ૧૮૮૩ના પ્રબોધિની ઉત્સવ પછી મહારાજે બધા પરમહંસોને અક્ષર ઓરડીમાં બોલાવી સભા કરી. બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢથી આવ્યા હતા, પણ સ્વામી કંઈક કારણસર પાછળ રહી ગયા હતા. મહારાજે સૌ સંતોને સંબોધીને કહ્યું : 'સૌએ વર્તમાન દૃઢ કરીને પાળવાં, છતાં તેમાં ફેર નહીં જ પડે એવા તમો અમને અંદરોઅંદર એકબીજાના જામીન દો.'

પછી સૌ સંતોએ જેની સાથે જેને મેળ હતો તેમણે અરસપરસ એકબીજાના જામીન દીધા.

બરાબર તે જ વખતે સ્વામી જૂનાગઢથી પધાર્યા અને સીધા મહારાજનાં દર્શને અક્ષર ઓરડીએ આવ્યા. તેમને જોઈને બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે 'આ ગુણાતીતાનંદ સ્વામી પણ આવી ગયા પણ હવે તેમના જામીન કોણ થશે ? અહીં બેઠેલા સૌ એકબીજાના જામીન થયા છે, હવે કોઈ બાકી રહ્યું નથી.'

તે સાંભળી મહારાજે કહ્યું : 'સ્વામી ! એમના તો અમે નિરંતરના

---

૬. નિર્ગુણ એવું જે બ્રહ્મ તે આજે અત્યંત સુલભ છે. પરંતુ તેના પ્રગટ (સગુણ) સ્વરૂપને માયિક જીવો ઓળખી શકતા નથી, કારણ કે તેમનાં મનુષ્યચરિત્રો જોઈ મોટા મોટા મુનિઓના મનમાં પણ ભ્રમ થાય છે.

જામીન છીએ.'

આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. સૌને લાગ્યું કે સ્વામી સાથે મહારાજને અનન્ય હેત અને એકાત્મભાવ છે.

## ૨૪. જૂનાગઢ મંદિરની મહંતાઈ આપી

ત્યારપછી મહારાજ વરતાલ પધાર્યા. બ્રહ્માનંદ સ્વામી પણ જૂનાગઢથી આવ્યા હતા.

અહીં મહારાજે સૌ સંત-હરિભક્તોની સભા કરી અને બોલ્યા કે –

'આપણે જે જે મંદિરો કર્યાં, તે તે મંદિરોના એક એક મહંત નીમવા જોઈએ. જુઓ, આ વરતાલ મંદિરના મહંત અક્ષરાનંદ સ્વામી, ભૂજના મહંત વૈષ્ણવાનંદ સ્વામી, ગઢડાના વિરક્તાનંદ સ્વામી, અમદાવાદના સર્વજ્ઞાનંદ સ્વામી, ધોળેરાના અદ્‌ભુતાનંદ સ્વામી અને ધોળકાના અનિરુદ્ધાનંદ સ્વામી – આમ અમે નક્કી કર્યું છે.'

પછી બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી કે 'તમો મૂળીમાં મંદિર કરી તદ્રૂપાનંદ સ્વામીને મહંત નીમજો.'

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને ભલામણ કરી કે 'જૂનાગઢ મુસલમાની રાજ્ય છે, નાગર અમલદારો શિવપંથી અને દ્વેષી છે. વળી, દેશ જાડો ને નિર્ધન છે, માટે ત્યાં આગળ વિચારીને મહંત નીમજો.'

મહારાજ કહે : 'ભલે.'

ત્યારબાદ ચૈત્રી પૂનમના સમૈયે મહારાજ ગઢડા પધાર્યા. અહીં સ્વામી જૂનાગઢથી આવ્યા હતા.

મહારાજે સભાપ્રસંગે બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા અને વરતાલમાં રહેલી અધૂરી વાત યાદ કરાવતાં કહ્યું કે 'આજે આપણે જૂનાગઢના મહંત નીમવા છે. માટે ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો.'

સ્વામી આવ્યા એટલે મહારાજે એમને મુક્તાનંદ સ્વામી પાસે બેસાર્યા. પછી મહારાજ આસનેથી ઊઠી તેમની પાસે આવ્યા અને પોતાની કોટમાં જેટલા હાર હતા તે બધા જ સ્વામીને પહેરાવ્યા અને બોલ્યા : 'આ જૂનાગઢના મહંત.'

સ્વામી મૂંઝાઈ ગયા. આનાકાની કરવા લાગ્યા. એટલે સ્વામીના પરમ સખા ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું કે 'મહારાજે રાજી થઈને હાર આપ્યો

છે તો રાખો.’

પછી મહારાજે ભલામણ કરી કે ‘આ ગોપાળાનંદ સ્વામી તમારું કામ ચલાવશે અને અખંડાનંદ બ્રહ્મચારી અને પરમાનંદ સ્વામી પણ મદદમાં રહેશે.’

તે વખતે મહારાજે પોતાનો સઘળો પોશાક સ્વામીને આપ્યો અને પોતાને હાથે સ્વામીને માથે પોતાની પાઘ મૂકી આશીર્વાદ આપ્યા.

## ૨૫. ‘અમારું અક્ષરધામ બક્ષિસ’

આ સભામાં પીપલાણાના કુરજી દવે બેઠા હતા. તેમને મહારાજે કહ્યું : ‘જ્યારે રામાનંદ સ્વામી ભુજથી પીપલાણા પધાર્યા, ત્યારે તેમનો સંદેશો મુક્તાનંદ સ્વામીને કહેવા તમે લોજ આવ્યા હતા. પછી વધામણીમાં મુક્તાનંદ સ્વામીએ તમને માથાનો તરફાળ (રૂમાલ) ભેટ આપ્યો હતો. તે વખતે અમે તમને કહ્યું હતું કે ‘અમારી પાસે હમણાં તો કાંઈ નથી, તે શું આપીએ ? પણ જાઓ, અમે તમને અમારું અક્ષરધામ બક્ષિસ આપીશું’ – તે સાંભરે છે ?’

એટલે કુરજી દવે કહે : ‘હા, મહારાજ !’

તે તો રાજી થઈ ગયા કે મહારાજ કંઈક આપશે.

ત્યારે મહારાજ હસવા લાગ્યા અને બોલ્યા : ‘લો, આ ગુણાતીતાનંદ સ્વામી – જે અમારું અક્ષરધામ છે તે તમને બક્ષિસ આપીએ છીએ. સોરઠ દેશના સત્સંગીઓને અમારું સુખ અમે યથાર્થ આપી શક્યા નથી, તેથી આ સાધુ જે અમારું સર્વસ્વ છે, અમારું અક્ષરધામ છે, તે અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. માટે તેમની સેવા અને સમાગમ કરશો તો તમારું કામ થઈ જશે.’

પછી સ્વામી તરફ જોઈને આશીર્વાદ આપતાં કહ્યું : ‘જે જૂનાગઢ આવી, તમારી અનુવૃત્તિ સાચવી, સેવા કરશે, તેની કરોડ જન્મની કસર હશે તે અમે આ જન્મે જ ટાળી નાખીશું. એટલું કામ તમારું કરીશું.’

આ પ્રમાણે મહારાજે સંવત ૧૮૮૩ની ચૈત્રી પૂનમે સ્વામીને જૂનાગઢની મહંતાઈ સોંપી અને પોતાનો અતિ અપાર રાજીપો બતાવી આશીર્વાદ આપ્યા.

•

જોતજોતાંમાં જૂનાગઢનું મંદિર પૂરું થવા આવ્યું. નાગરોએ ઘણાં વિઘ્નો નાખવા પ્રયત્નો કરેલા પણ મહારાજની દયાથી મંદિરનું કામ સારી રીતે પૂરું થયું.

સંવત ૧૮૮૪ના વૈશાખ વદ બીજને દિવસે ધામધૂમથી મંદિરમાં રાધારમણદેવની પ્રતિષ્ઠા થઈ.

ત્યારબાદ સભામાં મહારાજે સૌ સંત-હરિભક્તોને આજ્ઞા કરી કે ‘વર્ષોવર્ષ એક માસ સ્વામીનો સમાગમ કરવા જે આવશે, તેની કરોડ જન્મની કસર હું એક જન્મમાં ટાળી નાખીશ.’

એમ કહી ગોપાળાનંદ સ્વામીને કહ્યું : ‘તમારે દર વર્ષે અહીં આવવું અને એક માસ રહેવું. એક વર્ષે કદાચ ન અવાય તો બીજે વર્ષે બે માસ અહીં આવીને રહેવું.’

આ આદેશ મુજબ ગોપાળાનંદ સ્વામી, મોટા આત્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી દર વર્ષે સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતા.

આ પ્રસંગે નવાબ સાહેબ મહારાજનાં દર્શને આવ્યા અને વિનંતી કરી કે ‘મંદિરની જમીનનો લેખ કરતી વખતે આપે વચન આપેલું કે અમે અહીં રહીશું; તો આપ અહીં અખંડ રહો.’

ત્યારે મહારાજે પૂછ્યું : ‘અમે રહીએ કે અમ જેવા રાખીએ ?’

‘ખુદા જેસા તો એક ખુદા જ હૈ.’ નવાબે બે હાથ જોડી કહ્યું.



ત્યારે મહારાજે સ્વામી તરફ જોઈને નવાબને કહ્યું કે 'આ સાધુ અમારા જેવા જ છે. અમારા જેવું જ કામ કરે તેવા સમર્થ છે. તેમને અહીં મહંત તરીકે રાખીએ છીએ.'

નવાબ રાજી થયા અને બોલ્યા કે 'તબ તો બહુત અચ્છા.'

•

સંવત ૧૮૮૫ના જન્માષ્ટમીના સમૈયા ઉપર સ્વામી ગઢડા પધાર્યા. મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. ત્યાં આવી સ્વામી મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા.

શુકમુનિ મહારાજની બાજુમાં બેસી પત્ર લખતા હતા. સ્વામી આવ્યા એટલે તેઓ કંઈ લેવા ઊભા થયા. મહારાજે તેમને ઊઠવાનું કારણ પૂછ્યું. એટલે તેઓ કહે કે 'આ જૂનાગઢના મહંત માટે આસન ખોળું છું.'

તે સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા : 'એમની મોટપ આસનથી કે મહંતાઈથી નથી. એમની મોટપ તો અનાદિની છે.'

મહારાજના મુખે સ્વામીની આવી મોટાઈ સાંભળી શુકમુનિ આશ્ચર્ય પામ્યા.

## ૨૬. 'તમારામાં અખંડ રહ્યો છું'

શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ અને ધામરૂપ પ્રમાણ કરેલા આ સંતવર્યને મહારાજ સાથે કેવી એકતા હતી તે મહારાજે અંતિમ સમયે પણ સૌને બતાવ્યું.

મહારાજે મંદવાડમાં બ્રહ્માનંદ સ્વામીને બે મહિના સુધી પોતાની પાસે રાખી, સુખ આપ્યું. પછી પોતે ધામમાં જવાનો સંકલ્પ કર્યો એટલે બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે 'તમે જૂનાગઢ જાઓ અને ત્યાંથી ગુણાતીતાનંદ સ્વામીને અહીં મોકલો.' કારણ મહારાજે સ્વામીને અગાઉ વચન આપેલું કે ધામમાં જતાં પહેલાં જરૂર તમને તેડાવીશું.

આવા દુઃખદ સમયે મહારાજથી છૂટા પડતાં બ્રહ્માનંદ સ્વામીને ઘણું વસમું લાગ્યું પણ આજ્ઞા થવાથી ન છૂટકે જવું પડ્યું.

બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ પહોંચ્યા ત્યારે સ્વામી પણ મહારાજની આજ્ઞાની વાટ જોઈને જ રહ્યા હતા. સંદેશો મળતાં તરત ગઢડા જવા ચાલી નીકળ્યા.

જેઠ સુદ છઠને દિવસે ગઢડા આવી પહોંચ્યા. મહારાજે ઘેરો મંદવાડ ગ્રહણ કરેલો, તેથી કોઈને પણ પાસે જવાની બંધી હતી; પણ ‘સ્વામી આવે તો લઈ આવવા’ એમ મહારાજે સુરાખાચરને કહી રાખેલું.

સ્વામી આવ્યા એટલે તરત તેમને મહારાજ પાસે લઈ ગયા.

મહારાજનાં દર્શન કરતાં સ્વામીની આંખમાં આંસુ આવી ગયાં. પછી દંડવત્ કરી ઢોલિયા પાસે નીચે બેઠા.

મહારાજ અને સ્વામીની દૃષ્ટિ એક થઈ. સ્વામી સામું જોઈ મહારાજ બોલ્યા :

*‘મીઠા વ્હાલા કેમ વિસરો, મારું તમથી બાંધેલ તન હો,*
*તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો...મીઠા.’*

સ્વામીના અંતરમાંથી પણ એ જ ઊર્મિના સૂર નીકળતા હતા. તે પછી મહારાજે જૂનાગઢના સઘળા સમાચાર પૂછ્યા.

મહારાજે ધામમાં જવાનો નિર્ધાર કર્યો હતો. તે પહેલાં ગોપાળાનંદ સ્વામીને બોલાવીને મહારાજે ભલામણ કરી હતી કે ‘તમને અમે મોટેરા કર્યા છે, પણ અમારા અક્ષરધામ જે ગુણાતીતાનંદ સ્વામી અને અમારે વિષે પ્રીતિવાળા રઘુવીરજી, એ બંનેનું તમે વિશેષ ધ્યાન રાખજો.’

તેમ જ સ્વામીને પણ ભલામણ કરતાં કહ્યું કે ‘અમારે હવે આ લોકમાં રહેવું નથી, પરંતુ તમે અમારા સ્વરૂપનો પૂર્ણ મહિમા ફેલાવજો અને સૌ સત્સંગીઓને અલૌકિક આનંદ કરાવજો.’

આ રીતે પોતાની લીલા સંકેલી સંવત ૧૮૮૬ની જેઠ સુદ દશમની સવારે મહારાજ યોગકળાથી સ્વતંત્રપણે સ્વધામમાં પધાર્યા.

સર્વત્ર શોક પ્રસરી ગયો. ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીએ સૌને સાંત્વન આપ્યું. લક્ષ્મીવાડીમાં મહારાજના દેહનો અગ્નિ-સંસ્કાર કર્યો.

તે પછી સ્વામી ત્યાં બહિર્ભૂમિ જતા હતા, ત્યારે વાડીમાં પાણીના ધોરિયાની આસપાસ લીલી ધ્રોને કલકલ કરતી જોઈ સ્વામીના અંતરમાં ઉદ્ગાર થયો : ‘અહો ! આ ધ્રોનું જીવન જળ છે, તે કેવી લીલીપલ્લવ છે. આપણું જીવન મહારાજ હતા તે ગયા !’ એ વિચારમાં જ સ્વામી ત્યાં મૂર્છાવશ થઈ પડી ગયા.



એકાએક મહારાજ ત્યાં દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા અને સ્વામીને જાગ્રત કરતાં કહ્યું કે 'સ્વામી ! શું હું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.' એમ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

સ્થૂળ દેહે થયેલા મહારાજના વિરહથી ખિન્ન થયેલા સ્વામી, મહારાજનાં દર્શનથી અંતરમાં પુલકિત થઈ, મહારાજની આજ્ઞા પ્રમાણે એકાંતિક ધર્મના પ્રવર્તન માટે તે ઘડીથી કાર્યરત થયા.

## ૨૭. સ્વામીના સત્સંગી

મહારાજના આદેશ મુજબ સ્વામીએ સોરઠ દેશમાં કેવા હરિભક્તો તૈયાર કર્યા હતા તેનાં અસંખ્ય દૃષ્ટાંતો છે.

વરસાદની અછતથી એક વરસ ઘણું મોળું આવ્યું. સોરઠના હરિભક્તોને સ્વામી પ્રત્યે અપાર પ્રેમ; તે હામાપરના કરસન બાંભણિયાને ચિંતા થઈ. તેણે ઘરમાં જેટલાં ઘરેણાં હતાં તે તમામ ડાબલામાં ભર્યાં ને જૂનાગઢ આવી સ્વામીનાં ચરણોમાં ડાબલો મૂકી કહ્યું : 'સ્વામી ! આ વરસ જરા નબળું છે, તેથી સાધુ દેશમાં ફરવા જઈ શકશે નહીં. વળી, હરિભક્તો પણ ઊપજ વિના ધર્માદો નહીં આપી શકે. માટે આ ઘરેણાંનો ડાબલો લો ને આમાંથી સાધુઓને જમાડજો.'

તેમનો આવો ભક્તિભાવ જોઈ સ્વામી ઘણા રાજી થયા, પણ ભગતને સમજાવ્યું કે 'મંદિરમાં તો મહારાજને પ્રતાપે કોઈ મુશ્કેલી નથી. માટે તમે જ આનો ઉપયોગ કરો.'

આ સાંભળી કરસન બાંભણિયાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેને થયું કે સ્વામીએ મારી સેવા ન લીધી. તેથી તેણે ગળગળા થઈ ફરી સ્વામીને વિનંતી કરી.

ભગતનો આવો પ્રેમ જોઈ સ્વામીએ ત્યારે તો ડાબલો અનામત રાખી લીધો, પણ બીજું વરસ સારું આવ્યું એટલે સ્વામીએ કરસન બાંભણિયાને બોલાવી, ઘણું સમજાવીને તે ડાબલો પાછો આપ્યો.

આમ, સ્વામી પણ હરિભક્તોને સાચવતા અને આવા ભક્તો પણ સ્વામીને સર્વસ્વ અર્પણ કરવાવાળા હતા.

જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજે સૌ હરિભક્તોને વર્ષોવર્ષ જૂનાગઢ આવવાની આજ્ઞા કરી હતી, તે નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત-ચિંતામણિ'માં લખી છે :

*વળી સંતને આપી આજ્ઞા રે, રહેવું નહીં અહીં આવ્યા વિના રે;*
*વરસો વરસ એક માસ રે, કરવો આ મંદિરમાં નિવાસ રે.*

મહારાજની આ આજ્ઞા અનુસાર ગોપાળાનંદ સ્વામી દર વર્ષે ચાતુર્માસમાં જૂનાગઢ પધારતા અને એક માસ રહેતા. તેઓ પધારે ત્યારે સ્વામી તેમને મંદિરનો તમામ વ્યવહાર સોંપીને અખંડ વાતો કરતા. સ્વામીનો સમાગમ કરવા હરિહર્યાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, કૃષ્ણચરણદાસજી, મુકુન્દચરણદાસજી, ધર્મપ્રસાદદાસજી, નિર્ગુણદાસજી, વ્રજવલ્લભદાસજી, વૃંદાવનદાસજી, બાપુ રતનજી, બોચાસણના

કાશીદાસ, પાળીયાદના ભાણજીભાઈ, કારિયાણીના નથુ પટેલ, દદુકાના દેવરાજભાઈ તથા જીવરાજ શેઠ, સુરતના ઉમેદભાઈ હરગોવિંદ, અમદાવાદના પીતાંબર ફૂલચંદ, વસોના વાઘજીભાઈ, કાશીરામ તથા જગુભાઈ, ઉમરેઠના જીભાઈ શેલત તથા કરસનભાઈ, કપડવંજના ભૂધરભાઈ વગેરે આવતા. સોરઠના હરિભક્તો મયારામ ભટ્ટ, વંથળી(વાણિયાની)ના બેચર ભટ્ટ, વંથળીના કલ્યાણભાઈ, માંગરોળના મૂળચંદભાઈ તથા માણેકચંદ શેઠ, પર્વતભાઈના દીકરા મેઘાભાઈ, ગોવિંદરામ ભટ્ટ, ઉપલેટાના લાલાભાઈ તથા અરજણભાઈ, અરજણ બાબરિયો, ભાયાવદરના ભોજાભાઈ, ઊનાના ગણેશજી શેઠ અને કલ્યાણજી શેઠ, વલ્લભજી શેઠ, જેઠા શેઠ વગેરે હરિભક્તો અવારનવાર જૂનાગઢ આવી સ્વામીનાં દર્શન અને સમાગમનો લાભ લેતા.

## ૨૮. 'મારું કહ્યું એક જોગી ફેરવી શકે !'

એક દિવસ સ્વામીએ પાળાઓને ડુંગરામાં લીલું ઘાસ કાપવા જવા કહ્યું. પાર્ષદો દાતરડાં લઈ જવા તૈયાર થયા, ત્યાં વચમાં ગોપાળાનંદ સ્વામી મળ્યા. તેમણે આકાશ સામું જોઈ કહ્યું કે 'ભેંસલા ડુંગર ઉપર વાદળ બેઠાં છે, માટે વરસાદ બહુ થશે, તો ઘાસ કાપવા જશો નહીં.'

પાર્ષદો પાછા પોતાને આસને જવા લાગ્યા, ત્યાં સ્વામી મળ્યા. તેમને પાછા આવેલા જોઈ સ્વામીએ કારણ પૂછ્યું. પાળાઓએ વરસાદની વાત કરી. એટલે સ્વામી કહે : 'ઠાકોરજીને ગાયનું દૂધ જ ભાવે છે. તે ગાયો લીલું ઘાસ ખાધા વગર દૂધ ક્યાંથી આપશે ? માટે જાઓ, વરસાદ નહીં પડે. પછી પડશે.'

પાર્ષદો તો ગયા ને થોડી વારે ઘાંસની ગાંસડીઓ લઈને મંદિરે આવ્યા. તેમને જોઈ ગોપાળાનંદ સ્વામી પૂછવા લાગ્યા કે 'ના પાડી હતી ને કેમ ગયા'તા ?'

એટલે પાર્ષદોએ સ્વામીની આજ્ઞાની વાત કરી.

તે સાંભળી ગોપાળાનંદ સ્વામી હસ્યા અને પછી માથું હલાવતાં બોલ્યા : 'અહો ! આ તો જોગીનું કામ છે. મારું કહ્યું તો એ જ ફેરવી શકે.' એમ કહી સભામંડપમાં પધાર્યા. એટલામાં મુશળધાર વરસાદ પડ્યો.

•

જૂનાગઢમાં સ્વામીએ ગુણાતીત વાતુંનો અખાડો જમાવ્યો હતો.

સ્વામીને તો ફક્ત એક જ તાન હતું કે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય સૌને કરાવવો. અનાદિ બ્રહ્મના સંગે જ બ્રહ્મરૂપ થવાય અને બ્રહ્મરૂપ થયા પછી જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય. સૌને બ્રહ્મરૂપ કરવાના એકમાત્ર તાનથી સ્વામી વાતોનો સોપો પડવા દેતા નહીં. તેમજ જૂનાગઢની આસપાસ સોરઠ દેશમાં પણ સ્વામી બહુ વિચરતા અને સત્સંગ પ્રવર્તાવતા.

વળી, વર્ષોવર્ષ વરતાલ સમૈયે પધારતા. રસ્તાનાં ગામોના હરિભક્તો, બબે ગાઉ સામે આવી સ્વામીનું સામૈયું કરતા. સ્વામી દ્વારા મહારાજનાં દર્શન-સમાગમ જેટલો જ આનંદ સૌ અનુભવતા. વરતાલ નજીક સ્વામી આવી પહોંચે ત્યારે સંત-હરિજનો મહેળાવ સુધી આવી સ્વામીનું સન્માન કરતા. સમગ્ર સત્સંગને સ્વામી પ્રત્યે આવો અપાર પ્રેમ હતો.

## ૨૯. ગુણાતીત વાતું

વરતાલમાં સમૈયાની સભામાં ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી, સ્વામી પાસે જ વાતો કરાવતા. જે દિવસે સ્વામી મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરતા, તે દિવસે ગોપાળાનંદ સ્વામી બહુ રાજી થતા અને કહેતા : ‘અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર, એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહીં.’

વળી, જે દિવસે સ્વામી ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ, શિક્ષાપત્રી, વચનવિધિ, ચોસઠપદી વગેરે ગ્રંથોનાં પ્રમાણ લઈ ત્યાગ, વૈરાગ્ય અને ધર્મ-નિયમની આકરી વાતો કરતા ત્યારે કેટલાક સાધુઓને ત્યાગની ખુમારી ચઢી જતી અને તેઓ ખટરસનો ત્યાગ કરી દેતા. તેથી નિત્યાનંદ સ્વામી બહુ રાજી થતા અને કહેતા કે ‘નિષ્કુળાનંદ સ્વામીએ ગ્રંથો રચીને પંચવિષયનાં મૂળ કાપ્યાં છે અને ગુણાતીતાનંદ સ્વામી વાતોએ કરીને પંચવિષયનાં મૂળ કાપે છે.’

આમ, સમગ્ર સત્સંગમાં શ્રીજીમહારાજની નિષ્ઠા પ્રવર્તાવવામાં તેમજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહિત એકાંતિક ધર્મ પ્રવર્તાવવામાં સ્વામી સૌને અજોડ જણાવા લાગ્યા. અપ્રતિમ બ્રાહ્મીસ્થિતિ અને મહારાજના અખંડ સંબંધથી, સ્વામીમાં મહારાજના સ્વરૂપની ઝાંખી સૌને થવા લાગી.

ચોમાસામાં નિત્યાનંદ સ્વામી, સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ

આવ્યા હતા, પણ સ્વામી સભામાં તેમની પાસે જ વાતો કરાવતા. તેથી નિત્યાનંદ સ્વામીએ એક દિવસ સ્વામીને કહ્યું કે 'અમે તો તમારી વાતો સાંભળવા આવ્યા છીએ અને તમે તો મંદિરનું કામ કર્યા કરો છો.'

સ્વામી કહે કે 'બધાને મારી વાતો સદે તેવી નથી.'

નિત્યાનંદ સ્વામી કહે : 'તમે તો જોગી છો, માટે તમારી વાતો તો સૌને સદે જ.'

પછી સ્વામીએ વાત કરતાં કહ્યું : ''પૂર્વાશ્રમમાં અમે ખેતી માટે બળદ ખરીદવા જોડિયા ગયા હતા. ત્યાં એક ડોશી પાસે બે બળદ હતા. એકની સાઠ કોરી અને બીજાની ત્રીસ કોરી કિંમત હતી. બંને ધોળિયા બળદ એક સરખા હતા, છતાં કિંમતમાં કેમ ફેર ? તે અમે પૂછ્યું. એટલે ડોશી બોલી કે 'વધારે કિંમતનો બળદ જે છે, તે મારી ગાયને સામો ધવડાવેલ વાછડો છે. તે ગમે તેટલો ભાર હશે પણ ગુડિયું નહીં વાળે; અને ઓછી કિંમતનો જે છે, તે મેં વેચાતો આણ્યો છે, તેની મને ખાતરી નથી.' અમે બે બળદ ખરીદી લીધા, એટલે સામા ધવડાવેલ બળદને ડોશી પગે લાગી અને કહેવા લાગી કે 'મારો ખીલો લજવીશ નહીં'. એમ શ્રીજીમહારાજે આપણને સામા ધવરાવ્યા છે અને રાત-મધરાત જોયાં નથી અને વાતો કરી પોતાનો મહિમા સમજાવ્યો છે. વળી, દર્શન અને પ્રસાદીનું સુખ પણ આપ્યું છે. માટે હવે આજ્ઞા-ઉપાસનામાં ગુડિયું વાળવી નહીં અને ગુડિયું વાળીએ તો મહારાજનો ખીલો લાજે.''

આ પ્રમાણે ઘણી વાતો કરી. તે સાંભળી નિત્યાનંદ સ્વામી બહુ રાજી થયા.

## ૩૦. સત્સંગમાં અક્ષરબ્રહ્મનું પ્રવર્તન

ગોપાળાનંદ સ્વામી પણ આ વખતે જૂનાગઢ આવવા નીકળ્યા હતા. રસ્તામાં તેઓ ગઢડા રોકાયા.

અહીં સભામાં વાતો કરતાં ગોપાળાનંદ સ્વામી બોલ્યા : 'મહારાજે જુદાં જુદાં મંદિરના મહંત નીમ્યા, પણ ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો કહેવાય. કેમ જે, એમણે નાગરોની આટલી ઉપાધિમાં પણ મંદિર પૂરું કર્યું. મંદિરનો વહેવાર સુધાર્યો, આખા સોરઠ દેશમાં સત્સંગ ફેલાવ્યો, સાધુઓને ધર્મ-નિયમમાં વર્તાવ્યા, આચાર્ય રઘુવીરજી મહારાજને રાજી કર્યા અને સાથે સાથે અખંડ કથાવાર્તા કરીને એક ક્ષણ પણ

મહારાજની મૂર્તિને ભૂલ્યા નથી. માટે એવા સદ્ગુરુ તો આખા સત્સંગમાં નથી. એ તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે અને ધન્વંતર વૈદ્ય જેવા છે.'

ત્યારપછી ગોપાળાનંદ સ્વામી જન્માષ્ટમીનો સમૈયો કરવા જૂનાગઢ પધાર્યા. નવમીનાં પારણાં કરી, સભામાં સૌ સંત-હરિભક્તોને સંબોધતાં કહ્યું : 'તમે બધા સ્વામીને જેવા છે તેવા ઓળખતા નથી. મને મહારાજે શ્રીમુખે સ્વામીનો મહિમા કહ્યો છે કે આ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે.'

એમ કહી ભાદરાના હરિભક્તો ડોસાભાઈ, રત્નાભાઈ તથા વશરામ સુથાર પાસે, ભાદરામાં સૌ પ્રથમ મહારાજે જે સ્વામીનો મહિમા કહ્યો હતો, તે વાતો સભામાં કરાવી. આમ, ગોપાળાનંદ સ્વામી સ્વામીનો અપાર મહિમા પ્રવર્તાવતા.

•

મહારાજના સ્વધામગમન પછી નાજા જોગિયા સાધુ થયા હતા. તેમનું નામ 'ઘનશ્યામદાસ' રાખ્યું હતું. તેઓ વરતાલમાં સ્વામીની વાતો સાંભળી બહુ પ્રભાવિત થયા હતા, એટલે સ્વામી સાથે જૂનાગઢ પણ સમાગમ કરવા આવતા. પણ સ્વામીનો જેવો છે એવો મહિમા હજુ તેમને સમજાતો ન હતો.

એક વખત ઘનશ્યામદાસ સભામંડપમાં ધ્યાન કરવા બેઠા હતા. પાસે સ્વામી બેઠા હતા. તે થોડી વારે સ્વામીએ કહ્યું : 'ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ?'

'સ્વામી ! કાણું માથે તૂત નાખો છો ?' ધ્યાનમાંથી જાગી ઘનશ્યામદાસે કહ્યું.

એટલે સ્વામી હસ્યા અને બોલ્યા : 'તમે ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસના માથે હાથ ફેરવતા હતા ?'

ઘનશ્યામદાસ તો આ સાંભળી અવાક્ બની ગયા. તેઓ ધ્યાનમાં ખરેખર ગઢડા પહોંચી ગયા હતા. તેથી એકદમ ઊભા થઈ સ્વામીના પગમાં પડી ગયા અને ગદ્ગદ થઈ બોલ્યા : 'સ્વામી ! મારા અંતરમાં ઊંડે ઊંડે એવો ભાવ હતો કે તમે હજુ ખંડિયા છો, પણ આજે નિશ્ચય થયો કે તમો ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા !'

સ્વામી હસ્યા અને તેમને આશીર્વાદ આપ્યા.

વરતાલમાં ચૈત્રી પૂનમના સમૈયે સ્વામી પધાર્યા હતા. બંને દેશના

આચાર્યો પણ ભેગા થયા હતા. તે સભામાં ગોપાળાનંદ સ્વામી અને મોટેરા સદ્‌ગુરુઓએ સ્વામીને હાર પહેરાવ્યા. સ્વામીની કોટ હારથી ભરાઈ ગઈ. તે જોઈ ભોયકાના માલજી સોનીએ પોતાના ગુરુ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે ‘આ સદ્‌ગુરુ કોણ છે ?’

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તેને કહ્યું કે ‘મેં તને નહોતું કહ્યું કે હું તને અક્ષરધામ બતાવીશ. તે આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે, માટે ઓળખી લે.’

તે સાંભળી માલજી સોનીએ સ્વામીના સ્વરૂપનો નિશ્ચય કર્યો. (આ માલજી સોનીને સ્વામી યજ્ઞપુરુષદાસજી - શાસ્ત્રીજી મહારાજ મળેલા અને તેમના મુખેથી ઉપરની વાત સાંભળેલી. તે પછી શાસ્ત્રીજી મહારાજ ઘણા મુમુક્ષુઓને માલજી સોની પાસે ભોયકા લઈ જતા ને આ વાત સંભળાવતા.)

## ૩૧. ખારા જીવને મીઠા કર્યા

ગોંડળ પાસે લીલાખા ગામનો ચારણ મુંજો સૂરુ દારૂ-માંસના ભક્ષણથી પાપી અને હિંસક બની ચૂક્યો હતો. કોઈ જીવની હિંસા કરવામાં તે ખચકાતો નહીં. આમ તો તે મેંગણીના દરબાર માનસિંહની કચેરીમાં સભાસદ હતો. તેની આ અમાનુષી પ્રવૃત્તિ પાછળ પણ ભીતરમાં મુમુક્ષુતા છપાયેલી હશે, એટલે એક વાર સ્વામી તેને ગામ પધાર્યા ત્યારે તેને બોલાવ્યો. તે સ્વામીનાં દર્શને આવ્યો ખરો, પણ જોગીની દૃષ્ટિમાં તે દૃષ્ટિ પરોવી શક્યો નહીં, શરમિંદો બની ગયો.

પછી સ્વામીએ તેને ઉપદેશ આપતાં કહ્યું : ‘જાણો છો, મુંજા સૂરુ ! અફીણ એક કલ્પ સુધી, ભાંગ ત્રણસો કલ્પ સુધી અને દારૂ-માંસ હજાર કલ્પ સુધી તેના પીનારને નરકમાં નાખે છે. બ્રહ્મા પણ જો સુરાપાન કરે તો તે અશુદ્ધ બની જાય.’ એમ કેટલીક દારૂ-માંસના નિષેધની વાત કરી.

‘સ્વામી ! અમારો ક્ષત્રિયનો ધર્મ છે કે શિકાર કરવો, માંસ ખાવું, દારૂ પીવો. આ તમારી વાતો બ્રાહ્મણ, વાણિયા માટે હશે. અમે તો શાસ્ત્રનાં પોથાંને અધ્ધર લટકાવી રાખીએ છીએ.’ મુંજા સૂરુએ જરા મિજાજથી કહી ઊંચું જોયું.

ત્યાં સ્વામીની દૃષ્ટિ એના ઉપર પડી અને તરત તેને સમાધિ થઈ. સમાધિમાં યમના દૂતો તેને યમપુરીમાં લઈ ગયા અને અત્યંત ત્રાસદાયી નરક

યાતના તેણે નજરે નિહાળી. આ જોઈ તેનું શરીર ધ્રૂજી ઊઠ્યું. એટલે સ્વામીએ તેને જગાડ્યો. મુંજા સૂરુને ખૂબ પશ્ચાત્તાપ થયો અને સ્વામીનાં ચરણમાં પડી, માફી માગતાં ગદ્‌ગદ કંઠે તેણે કહ્યું : 'સ્વામી ! જમપુરીનું દુઃખ સાચું છે. મારે આવી જમપુરીમાં ન જવું પડે તેવી દયા કરો !'

સ્વામીએ હસીને કહ્યું કે 'વર્તમાન ધરાવી, શ્રીજીમહારાજનો આશ્રય કરે તો એ દુઃખ ટળે.'

એટલે તેણે વર્તમાન ધરાવી, કંઠી પહેરી. ત્યારથી પાપનો પર્વત મુંજો સૂરુ સત્સંગી થયો. આથી, ભરવાડોને ઘણો આનંદ થયો, કારણ કે તે રોજ તેમનાં ઘેટાં, બકરાં ઉઠાવી જતો.

એક વાર સ્વામી વગડામાં રાત રોકાયા હતા અને તાપણી કરી વાતો કરતા હતા. તે સાંભળી એક ભરવાડ ત્યાં આવ્યો અને પૂછવા લાગ્યો : 'ઓલ્યા મુંજા સૂરુના ગુરુ તમે ?' સ્વામીએ હસીને હા કહી. એટલે ભરવાડ તો સ્વામીના પગમાં પડી ગયો અને એકશ્વાસે બોલવા લાગ્યો : 'તમે તો અમને ન્યાલ કરી દીધા. મુંજો સૂરુ તો જ્યારે અમારાં બકરાંનાં કે ઘેટાંનાં ટોળાંમાં પડતો, ત્યારે કેટલાંય બકરાં ને ઘેટાં ઉપાડી જતો. જ્યારથી તમે એને સત્સંગી કર્યો, ત્યારથી એનો ત્રાસ મટી ગયો. તમે ખરા સાધુ. આજથી તમે મારા ગુરુ.'

સ્વામીએ તેને વર્તમાન ધરાવ્યાં. તે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલી શકતો નહીં, પણ 'ગુણાનંદ' એમ બોલી માળા ફેરવતો.

•

બાબરિયાવાડમાં માણસા ગામ છે. અહીં વાલેરા વરુ ને સીદી વરુ બે ઓરમાન ભાઈ રહેતા હતા. વાલેરાનો અડધો ભાગ સીદીએ દબાવ્યો હતો, તેથી વાલેરાને ખેતીની નજીવી ઊપજ મળતી. આથી, કંટાળીને તે બહારવટે ચઢ્યો.

એવામાં સ્વામી ફરતાં ફરતાં ગીરના જંગલમાંથી નીકળ્યા. ત્યાં બોકાની બાંધેલા ને બંદૂકધારી માણસો મળ્યા. સાથેના સંતો તથા હરિભક્તો ગભરાયા, પણ સ્વામીએ સૌને હિંમત આપી. તે માણસો સંતોને પોતાના મુકામે લઈ ગયા. ત્યાં વાલેરો વરુ બેઠેલો. સ્વામીશ્રીની સૌમ્ય મુખમુદ્રા, અમૃત સરખી વાણી અને કરુણા ભરપૂર નયનો નિહાળી વાલેરાનું અંતઃકરણ ફરી ગયું. સ્વામીને જોઈને તે તેમના પગમાં પડી ગયો. સ્વામીએ તેને ધીરજ આપી સમજાવ્યો કે આપણાથી હિંસા ન થાય અને સાત દિવસમાં જ ગરાસ પાછો

મળશે તેવા આશીર્વાદ આપ્યા. તેને બાપડાને ગણતરીની ખબર નહીં. તેથી સ્વામીએ એક સીંદરીને સાત ગાંઠ વાળી આપી અને રોજ એકેક ગાંઠ છોડવા તેને સમજાવ્યું. વાલેરાની ઇચ્છાથી સંતોએ દૂધપાકની રસોઈ કરી. ઠાકોરજીને જમાડી, વાલેરાને આશીર્વાદ આપી સ્વામી આગળ ચાલ્યા. બરાબર સાતમે દિવસે સીદી વરુને પ્રેરણા થઈ અને તેણે સમાધાન કરી, દબાવેલો ગરાસ વાલેરાને પાછો આપ્યો.

સ્વામીના આશીર્વાદથી વાલેરાને પોતાની જમીનમાંથી પાણી સારું મળ્યું ને ઊપજ પણ સારી થવા લાગી. સ્વામીનો તેને દૃઢ આશરો હતો. તેથી તે ચોખ્ખો ધરમાદો જૂનાગઢ આવી સ્વામીને આપતો. તેની ન્યાતના બીજા બધા તુલસીશ્યામની જગ્યાને માનતા હતા અને ત્યાં માપું અનાજ આપતા હતા. તેથી તે બધાએ વાલેરાને ન્યાતના નિયમ મુજબ રહેવા કહ્યું, પણ વાલેરાએ સૌને ચોખ્ખું સંભળાવી દીધું કે 'મારે તો પ્રગટ સ્વામિનારાયણનો જ એક સાચો આશરો છે ને તમે મને ન્યાત બહાર કરશો તો તેની મને બીક નથી.' એ પ્રમાણે વાલેરા વરુએ શૂરવીર થઈ, ન્યાતની બીક છોડી, સત્સંગ શિર સાટે રાખ્યો.

•

મહારાજની આજ્ઞાથી ગોપાળાનંદ સ્વામી પણ સત્સંગમાં મહારાજની પુરુષોત્તમપણાની વાતો કરતા તે કેટલાકને રુચ્યું નહીં. આથી, ઉદાસ થઈ ગોપાળાનંદ સ્વામીએ ધામમાં જવાનો સંકલ્પ કર્યો, ત્યારે બોટાદના શિવલાલ શેઠે દિલગીર થઈ પૂછ્યું : 'સ્વામી ! હવે અમારો કોઈ આધાર ?'

એટલે ગોપાળાનંદ સ્વામી બોલ્યા : 'તમારે શો આધાર જોઈએ છે? વ્યવહાર શીખવો હોય તો ગઢડામાં પૂંજા શેઠને બહુ સારો આવડે છે ને વ્યવહાર તથા મોક્ષ બંને શીખવાં હોય તો જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે જજો. સ્વામી જેવા સમર્થ કોઈ સાધુ નથી. એ તો મૂળ અક્ષરધામ છે. તેથી તમારે, પ્રાગજીએ તથા જાગા ભક્તે ત્રણેએ જૂનાગઢ જવું.'

તેમજ વડોદરાના હરિભક્તો પ્રેમાનંદ રાયજી તથા બાપુ રાયજીએ ગોપાળાનંદ સ્વામીને વડોદરા સામે દૃષ્ટિ રાખવા કહ્યું, ત્યારે પણ ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું કે 'આ ટાણે તો શ્રીજીમહારાજ સામે દૃષ્ટિ જોઈએ કાં જૂનાગઢના જોગી મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તરફ દૃષ્ટિ જોઈએ.'

આથી, ગોપાળાનંદ સ્વામીના ઘણા શિષ્યો જૂનાગઢ જતા હતા.

## ૩૨. પ્રૌઢ પ્રતાપ

સંવત ૧૯૧૧માં આચાર્ય રઘુવીરજી મહારાજે વરતાલમાં ચાતુર્માસ નિમિત્તે કથાપ્રસંગ યોજ્યો. દેશોદેશથી હરિભક્તો અને સંતોનાં મંડળો તેડાવ્યાં. જૂનાગઢથી સ્વામીને પણ ખાસ તેડાવ્યા હતા.

આ છાવણીમાં સ્વામી સાડા ચાર માસ સુધી મહારાજના પુરુષોત્તમ-પણાની તેમજ વિષયખંડનની અદ્ભુત વાતો કરતા. કેટલાકને સ્વામીની આવી આકરી વાતો ગમતી નહીં, એટલે થોડો વખત શુક સ્વામીને સભામાં વાતો કરવા બેસાડ્યા. પણ શુક સ્વામીનો સાદ ઝીણો અને શાસ્ત્રની વાત કરે તેમાં બધાને રસ પડે નહીં. એવામાં શ્રીજીમહારાજે, રઘુવીરજી મહારાજને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું કે 'સ્વામીને અહીં કેમ રાખ્યા છે ? તેમની વાતો સાંભળવી હોય તો રાખો. નહીં તો જૂનાગઢ જવા દ્યો.'

એટલે બીજા દિવસથી સભામાં આચાર્ય મહારાજે ફરમાન કર્યું કે 'સભામાં સ્વામી જ વાતો કરશે ને જેને ન ગમે તે ગામડે ફરવા જાય.'

શુક સ્વામીએ પણ સ્વામીની માફી માગી કે 'હું તો બીજાની શિખવણીથી બેઠો હતો.'

આ પ્રસંગે સ્વામીએ કરેલી એકાંતિક ધર્મની અને મહારાજની સર્વોપરી સ્વરૂપનિષ્ઠાની સચોટ વાતોથી સત્સંગમાં બહુ જ સમાસ થયો હતો અને મુમુક્ષુઓને મહારાજનું અને સ્વામીનું જેવું છે એવું સ્વરૂપ ઓળખાયું હતું. આ પ્રસંગ પછી 'સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે' એ વાત સત્સંગમાં પ્રચલિત થવા લાગી.

છેલ્લા દિવસોમાં આચાર્ય મહારાજના મેડે પણ સ્વામી વાતો કરતા.

એક વખત ગઢડા મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી કે 'આ વચનામૃતમાં કહ્યું છે તેમ મહારાજને બીજા અવતારો જેવા સમજે, કહેતાં રામ-કૃષ્ણાદિક અવતારો જેવા સમજે, તો મહારાજના સ્વરૂપનો દ્રોહ કર્યા બરાબર છે. પણ આ ક્યાં પોતાની જાતે સમજાય એવું છે ! એ તો કોઈ મોટા પાસેથી સમજે તો જ શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું, સર્વ અવતારનું અવતારીપણું સમજાય. આ તો પુરુષોત્તમનો ચાંદલો છે, તેને કોણ પૂગે ? માટે એક શ્રીજીમહારાજની મૂર્તિ સિવાય બીજું બધું હૈયામાંથી કાઢી નાખવું.'

આ સાંભળી શુકમુનિ બોલ્યા : 'આ વચનામૃત મહારાજે મને ઉદ્દેશીને કહ્યું છે પણ તે યથાર્થ તો આજે જ સમજાયું. આ મેડાનાં પગથિયાં ચઢ્યો ત્યાં સુધી નહોતું સમજાયું.' આ વાત સાંભળી રઘુવીરજી મહારાજ હસ્યા.

આ જ પ્રસંગે એમણે સ્વામીની ઈચ્છાથી અચિંત્યાનંદ બ્રહ્મચારીને મહારાજના સર્વોપરી સ્વરૂપ સંબંધી અને લીલા સંબંધી ભક્તિશાસ્ત્રનો ગ્રંથ રચવાની આજ્ઞા કરી. તે મુજબ સ્વામીના આશીર્વાદથી બ્રહ્મચારીએ 'હરિલીલા-કલ્પતરુ' નામનો અદ્‌ભુત ગ્રંથ રચ્યો.

•

જૂનાગઢમાં વસંતનો ઉત્સવ કરી સ્વામી સોરઠમાં ફરવા નીકળ્યા અને ગામ માળિયે પધાર્યા. સાથે સંતો અને આજુબાજુનાં ગામના હરિભક્તોનો સંઘ પણ મોટો હતો. સ્વામી ચાલતાં ચાલતાં પણ વાતો કરતા. ગામના ચોકમાં લીમડા પાસે સ્વામી આવ્યા. ત્યાં રામો હાટી બેઠો હતો. સ્વામીએ તેને કહ્યું : 'રામા ! મોતૈયા લાડુ અને સાટા-જલેબી સાવજને નાખીએ તો તે ખાય ?'

ત્યારે તેણે કહ્યું કે 'ના મહારાજ ! એ એનું ખાણું નહીં; એ તો એનું ખાણું જ ખાય.'

ત્યારે સ્વામી બોલ્યા : 'જનાવર છે તે પણ માણસનું ખાણું ન ખાય ને માણસ છે તે જનાવરનું ખાણું ખાય તે કેવું કહેવાય ? વળી, ન પીવાનું પીએ અને ન ખાવાનું ખાય તે કાંઈ માણસનાં લક્ષણ કહેવાય ?'

રામો હાટી બધાં લક્ષણે પૂરો હતો, પરંતુ સ્વામીની આ વેધક વાણી તેના હૃદયમાં સોંસરી ઊતરી ગઈ. સ્વામીની દૃષ્ટિથી તેના અંતરમાં પ્રકાશ થયો. તેણે તરત જ હાથ જોડી કહ્યું : 'સ્વામી ! હું બધું મૂકી દઉં.' એમ કહી તરત પ્રતિજ્ઞા લીધી. ત્યાં જ તેણે સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં અને બધા ફેલ મૂકી સત્સંગી થયો.

ત્યારપછી સ્વામી વરતાલ ચૈત્રી પૂનમના સમૈયામાં પધાર્યા. આગલે વર્ષે સાડા ચાર મહિના હરિભક્તોએ જે લાભ લીધો હતો તે હજુ કોઈ વિસર્યા ન હતા. તેથી આ વખતે હજારો હરિભક્તો સ્વામીનો લાભ લેવા ઊમટ્યા. સ્વામીએ સૌને કથાવાર્તાનું સારું સુખ આપ્યું.

સમૈયા પછી સ્વામી જૂનાગઢ જવા નીકળતા હતા ત્યારે રઘુવીરજી મહારાજે સ્વામીને પોતાના સિગરામમાં બેસવા બોલાવ્યા. સ્વામી તેમને રાજી

કરવા બેઠા. પછી તેમણે પોતાની પાસેના ડબામાંથી એક પેંડો લઈને આપ્યો. તે પેંડો હાથમાં લઈ સ્વામી બોલ્યા : ‘પાંચસો પરમહંસો ગળું ઝાલીને ઊભા છે અને કહે છે કે ખાઈશ નહીં, ઝેર છે.’

ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું કે ‘સ્વામી ! આપ આમ વર્તો છો તો અમારું શું થશે ? અમારી ગ્રંથિઓ તો હજુ ગળી નથી.’

એટલે સ્વામીએ કહ્યું : ‘ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી, તીર્થવાસી થઈને જૂનાગઢ આવો તો હું તમારી ગ્રંથિઓ ગાળી નાખું અને જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહીં.’ એમ કહી સ્વામીએ કોલ આપ્યો.

તે સાંભળી રઘુવીરજી મહારાજે કહ્યું : ‘ભલે સ્વામી ! જો હું તીર્થવાસી થઈને જૂનાગઢ ન આવું તો હું રઘુવીરજી નહીં.’

## 33. નિર્માનિતા

સંવત ૧૯૧૩ની સાલે કાર્તિકી પૂનમનો સમૈયો વરતાલ કરી, ખંભાતના કોઠારી અંબાવીદાસ અને હરિભક્તોના આગ્રહથી સ્વામી સંત-હરિભક્તોના સંઘ સાથે ખંભાત પધાર્યા, ત્યારે સૌ હરિભક્તો નવાબ સાહેબનો રૂપાનો મ્યાનો લાવીને વાજતે-ગાજતે સ્વામીનું સ્વાગત કરવા સામા આવ્યા.

સ્વામીને રૂપાના મ્યાનામાં બેસવા સૌએ ઘણી પ્રાર્થના કરી પણ સ્વામીએ ના પાડી. છેવટે સૌ હરિભક્તોએ આગ્રહ કરતાં કહ્યું: ‘સ્વામી! આપ જો નહીં બેસો તો હિંદુ ઉપર નવાબને અભાવ છે તે વધશે ને તેને આપ જેવાનો અવગુણ આવશે.’

તેના જવાબમાં સ્વામીએ કહ્યું : ‘અવગુણ આવવો - ન આવવો એ કંઈ એના હાથમાં નથી, પણ અમે બેસીશું નહીં.’

પછી સ્વામી સિગરામમાં બેઠા.

આ પ્રસંગે સૌ નગરજનો સ્વામીનાં દર્શન કરી બોલતા : ‘અહો ! મોટા જોગી દેખાય છે પણ ફાટેલ ગોદડી તેમને શોભવા દેતી નથી.’

આ સાંભળી સ્વામી મંદ મંદ હસવા લાગ્યા ને પાસે ચાલતા હરિજનોને કહ્યું : ‘ભાઈ ! આ તો ચીંથરે વીંટેલ રતન છે.’

સ્વામી મ્યાનામાં ન બેઠા એ વાત નવાબ સાહેબ પાસે પહોંચી. તે

સાંભળી નવાબે પૂછ્યું : 'એવા એ કોણ છે ? અને ક્યાંના છે ? જે રૂપાના મ્યાનામાં ન બેઠા અને સાદા સિગરામમાં બેઠા !'

ત્યારે કોઈએ કહ્યું : 'બાપુ! એ તો જૂનાગઢના ગિરનારી સિદ્ધ છે ને બડા સમર્થ ઓલિયા પુરુષ છે.'

તે સાંભળી નવાબને ઉત્કંઠા થવાથી સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામીએ નવાબ સાહેબ પાસે કુરાનમાંથી ઘણી વાતો કરી. તેઓ ઘણા રાજી થયા અને સ્વામીનાં ચરણોમાં નમી પડ્યા. તેમણે સંતોને સૂતરફેણીની રસોઈ આપી, સ્વામીની ઘણી સેવા કરી.

•

ધોળેરાના મહંત સ્વામી વાસુદેવચરણદાસને કાંઈક વ્યાવહારિક કારણસર મૂંઝવણ થતી હતી. સ્વામી ફરતાં ફરતાં ધોળેરા પધાર્યા, એટલે સ્વામીનાં દર્શનથી એમને શાંતિ થઈ. પછી સ્વામી પાસે નિષ્કપટ થઈ મનની વાત કરી. સ્વામી કહે કે 'શાંતિ જોઈતી હોય તો અમારી સાથે જૂનાગઢ ચાલો.'

પછી બોટાદમાં સ્વામીએ એમને ઠાકોરજીને ધરાવેલાં શેરડીનાં માદળિયાં ખોબો ભરીને આપ્યાં. તે પ્રસાદી તેઓ જમ્યા ત્યાં અર્ધી શાંતિ તો થઈ ગઈ. પછી સ્વામી સાથે ગઢડા અને ઊના દેશમાં ફરતાં તેઓ જૂનાગઢ આવ્યા. અહીંથી તેમના મંડળના સંતો પંચતીર્થી કરવા ગયા અને સ્વામીએ તેમને ચંપાનું પ્રસાદીનું ફૂલ આપી કહ્યું કે 'આ ફૂલ સૂંઘો, તેમાં તીર્થમાત્ર આવી ગયાં.'

સ્વામીની આજ્ઞાથી માત્ર ફૂલ સૂંઘવાથી જ તેમને અલૌકિક શાંતિનો અનુભવ થયો. પછી તો સ્વામીનાં પ્રત્યક્ષ દર્શન-સમાગમથી જ એમને અંતરમાં અખંડ શાંતિનો અનુભવ રહેવા લાગ્યો. પોતાના મંડળના સંતો પંચતીર્થીમાંથી પાછા ફર્યા એટલે સ્વામીની આજ્ઞા મળતા તેઓ રાજી થકા ધોળેરા પાછા ગયા.

આમ, સ્વામીના સંબંધમાં આવનાર અનેક મુમુક્ષુને, સ્વામીના સ્વરૂપનો યથાર્થ મહિમા સમજાતાં, શાશ્વત શાંતિનો અનુભવ થતો.

## ૩૪. સ્વામી ઉપશમમાં

એક દિવસ સભામાં મહાપૂજા થતી હતી. સ્વામી પણ સભામાં બેઠા હતા. એવામાં સ્વામી એકદમ ઉપશમમાં ઊતરી ગયા. કોઈની સાથે બોલે

નહીં. પોતાની મેળે ક્યારેક બોલે : 'હે રાજા રહુગણ ! તું એકોવિદ છો.'

આ સમાચાર ચારેબાજુ પહોંચી ગયા. એટલે ગામડે ફરતાં સંતોનાં મંડળો અને હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યાં. સૌ સંત-હરિભક્તો સ્વામી સામે અનિમિષ દૃષ્ટિએ જોઈ રહ્યા હતા.

બરાબર ચોથે દિવસે સાંજે ચાર વાગે ઠાકોરજી ઊઠ્યા પછી સ્વામી પોતાની મેળે ઊઠ્યા અને સભામાં પોતાના આસને પધાર્યા. સૌ આસપાસ આવીને બેસી ગયા. પછી સ્વામી સભા તરફ ચારેકોર જોઈ બોલ્યા : 'આ ટાણે તમારા સૌનાં મન મારા વિષે સ્થિર થઈ ગયાં છે, તેવાં જો અખંડ રહે તો તમારે કોઈને કાંઈ કરવું રહેતું નથી. કેમ જે, સૌને થયું કે સ્વામી દેહ મૂકી દેશે, માટે દર્શન કરી લો.'

પછી દૃષ્ટાંત આપતાં કહ્યું કે 'એક દેશમાં સારાં વસ્ત્રો બનતાં હતાં. તે દેશના વેપારીઓ બીજે દેશ વેચવા મોકલતાં. પછી નવા દેશમાં માલ વેચવાનો વિચાર કરી ગાંસડીઓ લઈને વેપારીઓ ગયા, પણ તે દેશમાં બધા લંગોટિયા હતા, તેથી કોઈએ કપડાં લીધાં નહીં. વેપારીઓએ અડધી કિંમત સુધી માલ વેચવા કાઢ્યો પણ કોઈ ઘરાક થયું નહીં. તેથી વેપારીઓ એમ ને એમ ગાંસડીઓ બાંધીને પાછા ગયા. એક વેપારીએ વિચાર્યું કે આપણે તેમને કપડાં પહેરતાં શીખવાડીએ, પછી એની મેળે ખરીદશે. એટલે પહેલાં મફતમાં કપડાં સૌને આપ્યાં. સૌ કપડાં પહેરતાં શીખ્યા એટલે ખરીદ કરતાં થયા અને તે વેપારીનો વેપાર ખૂબ ચાલ્યો. તેમ બીજા સંતો અક્ષરધામમાંથી, મહારાજના સ્વરૂપના જ્ઞાનની ગાંસડીઓ લઈ આવ્યા હતા, પણ પાત્ર-કુપાત્રના વિચારમાં રહી ગયા અને જ્ઞાનની ગાંસડીઓ અક્ષરધામમાં પાછી લઈ ગયા. અને અમે તો, આવું સર્વોપરી, પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન અને અક્ષરના સ્વરૂપનું જ્ઞાન, પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વગર કહેવા જ માંડ્યું છે. કોઈ સમજે કે ન સમજે પણ જાણશે તો ખરા કે સ્વામીએ આવું જ્ઞાન પ્રવર્તાવ્યું.' એમ કહી અટક્યા.

થોડી વાર પછી ફરી બોલ્યા કે 'આજે તમે સર્વે તમારી તમામ વૃત્તિઓનો નિરોધ કરી અમને જોઈ રહ્યા છો. એમ ને એમ જો કાયમ રહે તો તમારી સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, મમત્વગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, હૃદયગ્રંથિ, અહંગ્રંથિ વગેરે ગળી જાય અને વાસનાનો નાશ થઈ જાય.'

આવી ઘણી મુદ્દાની વાતો કરી. પછી ઠાકોરજીનાં દર્શન કરી જમવા

પધાર્યા. સંત-હરિભક્તો પણ ચાર દિવસના ઉપવાસ પછી આજે જમ્યા.

## ૩૫. ભક્તવત્સલ

સ્વામી જૂનાગઢ બિરાજતા હતા ત્યારે દેશાંતરના હરિભક્તો સ્વામીનાં દર્શને આવતા. તેમાં આખાના બ્રાહ્મણ મૂળજી શ્રોત્રિય સ્વામી પાસે આવ્યા. સ્વામીએ અંતર્યામીપણે ખબર-અંતર પૂછ્યાં, એટલે એમણે પોતાના દીકરા વાલજીનાં લગ્ન સંબંધી પૂછ્યું. સ્વામીએ એક સાલ થોભી જવા કહ્યું. મૂળજીની પણ એવી જ ઇચ્છા હતી, પણ વેવાઈ તરફથી દબાણ થતાં વાલજીનાં લગ્ન કરવાં પડ્યાં.

ફરી મૂળજીએ જૂનાગઢ આવી સ્વામીને વાત કરી. સ્વામી નારાજ તો થયા, પણ પછી કહ્યું કે 'વાલજીને શેરડીના વાઢે જ્યાં ચિંચોડો ફરતો હોય ત્યાં ન જવા દેતા.'

મૂળજીએ ઘેર જઈ, વાલજી વાઢે ન જાય તેની પૂરી તકેદારી રાખવા માંડી; પણ ભગવાનને કરવું તે ચિંચોડો બંધ થવાનો હતો તેને આગલે દિવસે જ વાલજી પોતાના મિત્રો સાથે ખેતરે ગયો. બરાબર આ સમયે એનો બાપ મૂળજી કંઈ કામે બહાર ગયેલ. એટલે વાલજી ચિંચોડા પાસે જઈ શેરડી નાખવા લાગ્યો અને અચાનક એનો હાથ ચિંચોડામાં આવી ગયો. ત્યાં ને ત્યાં જ તે બેભાન થઈ ગયો. તેને ઘેર લઈ આવ્યા પણ તેનો દેહ પડી ગયો.

આમ, સ્વામીના વચનની અવજ્ઞાનું શું પરિણામ આવ્યું તે સૌએ જોયું.

•

સ્વામી એક વાર ફરતાં ફરતાં થાણાગાલોલ પધાર્યા. ગામને પાદર ઊભા રહી સ્વામીએ ગામમાંથી જસા ભગતને બોલાવ્યા. સ્વામીને દંડવત્ કરી, પગે લાગી, દિલગીરીપૂર્વક તેણે સ્વામીને કહ્યું કે 'ગોપાળાનંદ સ્વામીએ આ ગામ છોડવાની મને ના પાડી હતી. કારણ, આ રસ્તાનું ગામ છે, તેથી આવતા-જતા સાધુ-સંતોની સેવા થાય. પણ હાલમાં મારો વ્યવહાર બહુ દૂબળો થઈ ગયો છે.'

તે સાંભળી સ્વામીએ તેને કહ્યું કે 'તમે સમૈયે આવતા નથી, ધર્માદો આપતા નથી, તેથી આ દુઃખ આવ્યું.' પછી સ્વામીએ તેને ઘરમાંથી થોડા દાણા ને પાનકોરું (કપડું) લાવવા કહ્યું.

સ્વામીની આજ્ઞાથી જસા ભગત સીધું ને કપડું લાવ્યા. કપડાંનો ગળણા તરીકે ઉપયોગ કરી સંતોએ રોટલા ને દાળ બનાવ્યાં. સ્વામી વડલા નીચે જમ્યા.

પછી જસાને ખેતરે પધારી તેની જમીન પાવન કરી બોલ્યા : 'આ તો કાચું સોનું છે, પણ ઠાકોરજીનો વીસમો ભાગ કાઢજો. મહારાજની આજ્ઞા અણીશુદ્ધ પાળજો અને સમૈયે આવતા રહેજો.' આટલું કહી સ્વામી આગળ ચાલ્યા.

આમ, સ્વામી હરિભક્તોના વ્યવહારની ખબર રાખતા ને સાથે તેમને ધર્મ-નિયમમાં પણ વર્તાવતા. દેશકાળે હરિભક્તો કદાચ પાછા પડે પણ દયાળુ સ્વામી સૌને સાચવી લેતા.

## ૩૬. બજારના કાંટા

જીવનના ચાલુ વ્યાવહારિક પ્રસંગો સાથે ઉત્તમ જ્ઞાન પીરસવાની સ્વામીની રીત અલૌકિક હતી.

એક વખતે સ્વામી વાડીએ પધાર્યા હતા. એવામાં વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠાખાચર, લોધિકાના અભયસિંહ દરબાર વગેરે હરિભક્તો સ્વામીનાં દર્શને આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે કોઈએ તેમને કહ્યું કે 'રહેવા દ્યો, કાંટા વાગશે.'

એટલે સ્વામી બોલ્યા : 'આ કાંટા કદાચ વાગશે તો તે સોય અથવા નેરણીએ કરીને કાઢી નાખીશું; પણ ઓલ્યા બજારના કાંટા બહુ ભૂંડા ! એ જો વાગે તો એને કાઢવાનો કાંઈ ઉપાય જ નથી.'

ત્યારે એક હરિભક્તે પૂછ્યું કે 'બજારમાં કાંટા ક્યાંથી હોય ?'

તે સાંભળી સ્વામી હસતાં હસતાં બોલ્યા : 'તને એ બજારના કાંટાની ખબર ન પડે. એ બજારમાં તો રૂપનો કાંટો આંખમાં, ગાનતાનનો કાંટો કાનમાં, પાપી જીવના સ્પર્શનો કાંટો ત્વચામાં, પાપી જીવની ગંધનો કાંટો નાસિકામાં, સ્વાદનો કાંટો જીભમાં, સંકલ્પ-વિકલ્પનો કાંટો મનમાં, નાના પ્રકારનાં ટીખળ પેસી ગયાં હોય તેનાં ચિંતવનના કાંટા ચિત્તમાં, તે ટીખળના પદાર્થોના નિશ્ચયરૂપ કાંટા બુદ્ધિમાં – એમ અનેક પ્રકારના કાંટા છે. તે કાઢ્યા નીસરે નહીં ને એમ ને એમ ખટક્યા કરે. એમાં પણ જો બહુ ઝેરી કાંટા હોય તો માણસ મરી જાય. માટે એ કાંટા જાળવવા. તે સ્વામિનારાયણે નવો ઉઠાવ કર્યો અને નિયમ તથા આ સાધુ ઠેઠ અક્ષરધામમાંથી લાવ્યા છે. નીકર આવું

વર્તવાનું ક્યાંથી હોય ?'

*સુરપુર નરપુર નાગપુર, એ તીનમેં સુખ નાહીં;*
*કાં સુખ હરિકે ચરનમેં, કાં સંતનકે માંહી.*

માટે નિયમમાં રહી, ખરેખરા જે ભગવદી તેનો નિરંતર જોગ રાખશો, તો આ લોકના કાંટા વાગશે નહીં અને નિર્વિઘ્ને પાર પડાશે.'

આવી અદ્‌ભુત વાતોથી સૌને ખરેખર ચોટ લાગી ગઈ. સંધ્યા આરતીનો સમય થયો એટલે સ્વામી મંદિરમાં પધાર્યા.

## ૩૭. રંકમાંથી રાય

શિયાળાની એક સાંજે સ્વામી શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ધરે સંત-હરિભક્તો સાથે નાહવા પધાર્યા. નાહીને સ્વામીએ ધરાનો અપાર મહિમા કહ્યો. રાતનો સમય થઈ ગયો, તેથી ઠંડીનો ચમકારો શરૂ થયો. સ્વામીએ તાપવાની ઇચ્છા જણાવી. ત્યાં દૂર રસ્તા ઉપર એક મુસલમાન કઠિયારો અને એની મા લાકડાંની ભારી બાંધી બેઠાં હતાં.

'અમારા વૃદ્ધ સાધુ છે, ટાઢ ચડી છે, થોડાં ઈંધણાં આપશો ?' ભગતે પાસે આવી માગણી કરી. કઠિયારાએ તેની મા સામે જોયું.

'બેટા ! ઓલિયા જેસા ફકીર હૈ તો ભારી દે. આપણને દુઆ દેશે. લે, મારા ભારામાંથી આ બે ઈંધણાં, એટલે મારું પણ સારું થાય.' એમ કહી ડોશીએ પોતાનાં બે ઈંધણાં આપ્યાં. કઠિયારાએ પોતાની આખી ભારી આપી દીધી.

ડોશીનો ભાવ જાણી સ્વામી રાજી થયા અને બોલ્યા કે 'હવે તેને લાકડાં કાપવાં નહીં પડે.'

થોડી વાર તાપી સ્વામી સૌ સાથે મંદિરે પધાર્યા.

કઠિયારો બાઉદ્દીન અને તેની મા શહેરમાં ભારો વેચી ઘેર ગયાં. તે જ રાત્રે બાઉદ્દીન તેની બહેનને લઈ બજારમાં કંઈક કામે ગયો. ત્યાં નવાબ સાહેબની સવારી નીકળી. બાઉદ્દીનની બહેનને નવાબે જોઈ. તેનું રૂપ અને યૌવન જોઈ નવાબને તેની સાથે નિકાહ પઢવાની ઇચ્છા થઈ. તેણે બંનેને દરબારમાં બોલાવ્યાં અને પોતાની મરજી જણાવી. બીજે દિવસે પોતાની માની સંમતિ લઈ બાઉદ્દીને તેની બહેનને નવાબ સાથે પરણાવી.

ત્યારપછી બાઉદ્દીન ધીરે ધીરે નવાબના ખાનગી કારભારી થઈ ગયા

અને છેવટે દીવાન પણ બની ગયા; પણ 'સ્વામીના આશીર્વાદથી જ પોતાની આ ઉન્નતિ થઈ છે', તેનો બાઉદ્દીન હંમેશાં ખ્યાલ રાખતા. તે મંદિરે દર્શને આવતા, રસોઈ આપતા અને સંતોની સેવા કરતા. આમ, સ્વામીની દૃષ્ટિથી બાઉદ્દીન રંકનો રાજા થયો !

## ૩૮. નિઃસ્વાદી બનાવ્યા

સ્વામીના સંબંધથી મુમુક્ષુના પંચવિષયનાં બંધનો પણ સહેજમાં તૂટી જતાં.

જૂનાગઢના એક નાગર ભક્તને રસાસ્વાદ બહુ. જમવામાં-સ્વાદમાં સહેજ પણ કચાશ રહી જાય તો તે થાળી ફગાવી ઘરમાં ઘણો ક્લેશ કરતા. આથી, તેમના ઘરના માણસોએ કંટાળીને સ્વામીને આ ફરિયાદ કહી મોકલી. આ ભક્તને રોજ મંદિરે આવવાનો નિયમ હતો, પણ ક્યારેય કથામાં બેસતા નહીં. એક દિવસે સ્વામીએ તેમને સભામાં બોલાવ્યા. કેવી અપાર કરુણા ! ગુણાતીતની દૃષ્ટિ એક સામાન્ય જીવ ઉપર પડી ગઈ ! તેના અંતરનાં કમાડ ખૂલી ગયાં. સ્વામીની વાતોથી તેના વિષયનાં શૈલ્ય નીકળવાં લાગ્યાં.

કથા પછી 'વાસુદેવ હરે' થયા એટલે સ્વામી ભંડારમાં જમવા પધાર્યા. આ નાગર ભક્તને થયું કે સ્વામી આવા મોટા મંદિરના મહંત છે તે મેવા-મીઠાઈ જ જમતા હશે – એમ જાણી તે સ્વામીની પાછળ ભંડારે ગયા.

ભંડારી સાધુએ સ્વામીના પત્તરમાં કંઈક ભૂકા જેવું પીરસ્યું. તેને થયું કે 'છૂટું ચૂરમું હશે. હા... હવે સ્વામી તેમાં ઘી ને ખાંડ લેશે.' પણ પછી તો દૂધ જેવું કંઈ પ્રવાહી પીરસાયું, એટલે તેને થયું કે જરૂર દૂધપાક હશે ! તેનો સંકલ્પ જાણી સ્વામીએ તેમાં પાણી રેડ્યું અને થોડું મીઠું-જીરું નાખ્યું. એટલે તેનો ભ્રમ ભાંગી ગયો અને ખાતરી કરવા તેણે સ્વામીની નજીક આવી જોયું.

સ્વામી કહે : 'ભાઈ ! અમે તો આ રોટલાના ખૂરમા (શેકેલા રોટલાનો ભૂકો) અને છાશ જમીએ છીએ.'

તેની ભ્રાંતિ તદ્દન ટળી ગઈ. તેને ઘણું આશ્ચર્ય થયું અને સાથે અંતર્દષ્ટિ થઈ કે 'અહો, આવા મોટા મંદિરના મહંત ને આવું સાદું જમે છે !'

આ વિચારમાં તે ઘરે ગયા. જમવાનું ટાઢું થઈ ગયું હતું પણ તેણે મૂંગે મોઢે જમી લીધું. આ જોઈને ઘરના માણસોને ઘણી નવાઈ લાગી. તે દિવસથી એ નાગર ભક્તનો રસાસ્વાદ નીકળી ગયો.

## ૩૯. સંતોને શિખામણ

સ્વામીની આજ્ઞાથી સંતોનાં મંડળો પણ દેશમાં સત્સંગ અર્થે ફરવા જતાં, ત્યારે સ્વામી તેમને શિક્ષાનાં વચન કહેતા કે 'આપણે જ્યારે ભેખ લીધો ત્યારે એ વેશ પૂરેપૂરો ભજવવો પણ ભેખને લજવવો નહીં. મહારાજે સત્સંગમાં જે પ્રથા બાંધી છે તે મુજબ જ વર્તવું. જ્યાં જ્યાં જાઓ ત્યાં કથાવાર્તાનો આગ્રહ રાખવો. વળી, હરિભક્તો આપણી ક્રિયાથી રાજી થાય તેમ વર્તવું. આપણે ઉપદેશ દેવા જઈએ છીએ એમ ન માનવું. મહારાજની સર્વોપરી નિષ્ઠા હોય અને આજ્ઞા અભંગ પાળતા હોય એવા હરિભક્તો પાસેથી આપણે ઉપદેશ ગ્રહણ કરવો. એવા હરિભક્તો અત્યારે કમીગઢના રયો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી, બગસરાના વેલો સથવારો છે. ખરેખરા સત્સંગી છે. તેમનાં દર્શન ઇચ્છવાં અને તેમનો સમાગમ કરવો.'

ત્યાગી-ગૃહીનો સુમેળ સાંધતો આવો ઉત્તમ ઉપદેશ સ્વામી સંતોને આપતા. વળી, સામાન્ય જ્ઞાતિના અને જાડા જણાતા મુમુક્ષુઓને સ્વામીએ કેવા ઉત્તમ ભક્ત બનાવ્યા હતા કે ત્યાગીઓને પણ એમનાં દર્શનની અપેક્ષા રહેતી, તે આ વાત ઉપરથી સમજાય છે.

શાસ્ત્રમાં જે જ્ઞાન દુર્લભ વર્ણવ્યું છે તે બ્રહ્મજ્ઞાન સ્વામીએ પોતાના સંબંધે સૌને માટે સુલભ બનાવ્યું હતું. સ્વામી કહેતા કે 'અમે બસો જણને બ્રહ્મવિદ્યા ભણાવી છે.' એનું રહસ્ય આ પ્રસંગથી સમજાય છે.

એક દિવસ એક હરિભક્તે સ્વામીને પૂછ્યું કે 'સ્વામી ! આ જૂનાગઢના સંતો મંદિરની સેવામાં, ગામડે સત્સંગ કરાવવામાં પોતાનું તન તોડી નાખે છે. બીજે એવો ઉત્સાહ સાધુઓમાં દેખાતો નથી.'

તે સાંભળી સ્વામીએ કહ્યું : 'દરેક કામમાં જ્યારે ગુરુ આગળ ચાલે ત્યારે જ શિષ્ય ગુરુને અનુસરે, પણ ગુરુ પાછળ રહી શિષ્યને કામ ફરમાવે તેમાં કોઈ શિષ્ય મન દઈને કામ કરે નહીં. જ્યારે લડાઈ થાય છે ત્યારે રણનો ઢોલ વાગે છે, તે એમ શબ્દ બોલે છે કે 'મરે મોવડી, મરે મોવડી,' તેથી સૈન્યનો સેનાપતિ અથવા રાજા આગળ ચાલે અને સેના પાછળ આવે. તેમ મોવડી જ્યારે સેવા કરી દેહને ઘસી નાખે, ત્યારે જ શિષ્યોને સેવા કરવાનું બળ મળે.'

આથી, સૌને સમજાયું કે શિષ્યને આગળ વધારવામાં ગુરુને કેવો

દાખડો કરવો પડે છે ! તે સ્વામી કહેતા કે 'ગુરુ સોળ આની વર્તે ત્યારે શિષ્ય એક આની વર્તે.'

સ્વામી હંમેશાં પૂજા કર્યા પછી સૌ સંતોને આસને આસને પ્રણામ કરવા પધારતા. પછી કથા કરતા. કથા પછી દરેક સંતને સેવા ચીંધતા, જેથી કથામાં સેવાના વિચાર કોઈને ન આવે. સ્વામી જાતે પણ સેવામાં જોડાતા. કથા પછી હંમેશાં માંદા સંતો તથા પાર્ષદો પાસે જઈ સ્વામી તેમની ખબર-અંતર પૂછતા. કોઈના પગ દાબે, કોઈની પેચૂટી સરખી કરે, કોઈના નળ ચોળે, કોઈને વાતચીત કરી આશ્વાસન આપે. આમ, માંદા સંતોની સારવાર સ્વામી જાતે કરતા. સ્વામીએ સેવાથી - જાતમહેનતથી જ આ વિશાળ મંદિરની રચના કરી હતી. આમ, સ્વામીનું આદર્શ જીવન ભક્તોને માટે ઉદાહરણરૂપ હતું, તેથી જ ભક્તોનો ઉત્કર્ષ થતો.

## ૪૦. દારિદ્રય ટાળ્યું

રાજકોટના કડિયા માવજી મિસ્ત્રીની આર્થિક સ્થિતિ અત્યંત દુર્બળ હતી. જૂનાગઢ સ્વામી પાસે આવી તેમણે પ્રાર્થના કરી. દયાળુ સ્વામીએ તેને બજારમાંથી થોડા દાળિયા-મમરા લાવવા કહ્યું.

મંદિર બહાર તેમનો મુસલમાન મિત્ર મુસાભાઈ મળી ગયો. તેણે પણ માવજીને એક આનો આપ્યો અને સ્વામીની પ્રસાદી લાવી આપવા કહ્યું. માવાભાઈ તો બજારમાંથી બે આનાના દાળિયા-મમરા લઈ આવ્યા અને સ્વામી આગળ મૂક્યા. ઠાકોરજીને ધરાવી સ્વામી તેમાંથી બે દાણા જમ્યા અને થોડા સંતોને વહેંચ્યા. બાકીના માવજીને પ્રસાદી તરીકે આપ્યા અને અંતર્યામી-પણે કહ્યું કે મુસાભાઈને પણ તેમાંથી પ્રસાદી આપશો. વળી, સ્વામીએ તેને કરાંચી જઈ કોન્ટ્રાક્ટનો ધંધો કરવાના આશીર્વાદ આપ્યા.

માવજી કહે કે 'ત્યાં મારે કોઈની ઓળખાણ નથી.'

ત્યારે સ્વામી બોલ્યા કે 'મારી ઓળખાણ છે ને !'

આથી, માવાભાઈને હિંમત આવી ગઈ, પણ કરાંચી જવાનું ભાડું જ તેની પાસે નહોતું. સ્વામીએ તેને અંતર્યામીપણે જણાવ્યું કે 'તારી ડોશીએ ઘંટી નીચે કુલડીમાં એકસો એક રૂપિયા દાટી રાખ્યા છે તે માગજે.'

સ્વામીએ ધંધામાં મુસાભાઈનો પણ ભાગ રાખવા માવજીને આજ્ઞા કરી.

ભાવથી કરેલી મુસાભાઈની અલ્પ સેવાથી સ્વામી રાજી થઈ ગયા.

રાજકોટ જઈ માવાભાઈએ ડોશી પાસે પૈસા માગ્યા. પહેલાં તો ડોશીએ કહ્યું કે 'મારી પાસે નાણાં છે જ નહીં.'

પછી માવાભાઈએ સ્વામીની આજ્ઞાની વાત કરી અને એંધાણી બતાવી એટલે ડોશીએ રૂપિયા કાઢી આપ્યા.

માવાભાઈ કરાંચી ઊતર્યા. ત્યાં બંદર ઉપર જ એક અંગ્રેજ સાહેબ મળી ગયો અને કોઈ જાતની ઓળખાણ વગર સામેથી તેણે બંદરનું મોટું કામ માવજી મિસ્ત્રીને આપ્યું. આમાં માવાભાઈ ઘણું કમાયા અને ધીરે ધીરે માવા-મુસાની કંપની જામી ગઈ. આમ, સ્વામીના આશીર્વાદથી માવજીભાઈનું દારિદ્રય ટળી ગયું અને પુષ્કળ પૈસા કમાયા, સત્સંગની ઘણી સેવા કરી.

## ૪૧. જીવની અવળાઈ

સ્વામીના સમાગમથી કેટલાય હરિભક્તોને વૈરાગ્યની ચટકી ચડી જતી અને સંસાર તેમને ઝેર જેવો થઈ જતો.

ભાયાવદરના હંસરાજ પટેલનો એક દીકરો વસ્તો સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતો. સ્વામીની વાતોમાં તે લીન થઈ જતો અને તેના મુખ ઉપર દિવ્ય આનંદ છવાઈ જતો, પણ સ્વામી તેને પાછો ભાયાવદર મોકલી દેતા. વળી, તે જૂનાગઢ ભાગી આવતો.

એક વાર તેના પિતા તેને લેવા આવ્યા. તેણે ઘેર જવાની ના પાડી અને સાધુ થવાની વાત કરી. તે સાંભળી હંસરાજભાઈને જબરો આંચકો લાગ્યો. પોતે નિષ્ઠાવાળા સત્સંગી હતા પણ દીકરાની સાધુ થવાની વાત તેમને જરાય ન ગમી. દીકરાને વ્યવહારમાં જોડવાની એમની પ્રબળ ઇચ્છા. એટલે તેમણે અકળાઈને વસ્તાને સંભળાવી દીધું કે 'આપણે સાધુ-બાધુ નથી થવું ! ઘર લાજે, કુટુંબ લાજે.' છેવટે તેઓ વસ્તાને પરાણે ઘેર લઈ ગયા.

આ વખતે એમણે વસ્તાના બે પગ લાકડાની હેડ્યમાં નાખી, ઓરડાને તાળું મારી તેને પૂરી દીધો. વસ્તો તો 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરતો સ્વામીને સંભારવા લાગ્યો. અચાનક સ્વામી ત્યાં પ્રગટ થયા. વસ્તાએ જૂનાગઢ લઈ જવા વિનંતી કરી. સ્વામીની દૃષ્ટિથી તે નિરાવરણ બની ગયો અને સ્વામીની પાછળ પાછળ ચાલતો સવારે તે જૂનાગઢ મંદિરના

ચોકમાં આવી ઊભો. અહીં સ્વામીને પ્રત્યક્ષ જોઈ તેણે દંડવત્ કર્યા અને મંદિરમાં સેવા કરવા લાગ્યો.

સવારે હંસરાજે ઓરડો ઉઘાડ્યો તો હેડ્ય વાસેલી પડેલી, પણ વસ્તો દેખાયો નહીં. તે સીધા જૂનાગઢ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ તેમને સમજાવ્યા કે 'વસ્તાને ભગવાન ભજવા દ્યો, તમારે બીજા ત્રણ દીકરા છે અને વસ્તો ભગવાન ભજશે તેમાં તમનેય ભાગ મળશે.'

હંસરાજને વધારે ધ્રાસકો પડ્યો. 'તેના વિવાહ થઈ ગયા છે, લોકમાં અમારે શું મોઢું બતાવવું' – વગેરે બહાનાં હંસરાજ કાઢવા લાગ્યા. વસ્તો પણ એટલો જ મક્કમ હતો. સ્વામીએ ફરીથી પટેલને સમજાવ્યું કે 'વસ્તો દેહ મૂકી દેશે તો શું કરશો ?' પણ હંસરાજ તેને ઘેર લઈ જ જવા માગતા હતા.

સવારે તેઓ જ્યારે વસ્તાને લઈ જવા તૈયાર થયા, ત્યાં ખબર પડી કે વસ્તાને ધાણી ફૂટે એવો તાવ રાતનો શરૂ થયો હતો. થોડી વારે વસ્તાએ દેહત્યાગ કર્યો અને હંસરાજ પટેલ વીલે મોઢે ઘેર ગયા ! આમ, પોતાની અવળાઈનું ફળ હંસરાજ પટેલે અનુભવ્યું.

## ૪૨. નિશ્ચય કરાવ્યો

સંવત ૧૯૧૬માં ફાગણ વદ બીજના દિવસે જૂનાગઢમાં આચાર્ય રઘુવીરજી મહારાજના શુભ હસ્તે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. પછી સ્વામી આચાર્ય મહારાજ સાથે ભાવનગર થઈ વરતાલ પધાર્યા. અહીં હરિનવમીનો સમૈયો કરી વાગડ પાસે અણિયાળી પધાર્યા.

રામાનંદ સ્વામીના મળેલા ભાઈ આત્માનંદ સ્વામી અહીં રહેતા હતા. તેમની ઉંમર ૧૧૬ વર્ષની થઈ હતી. સ્વામીને મળીને તેઓ બહુ રાજી થયા. 'પોતાને મહારાજ હજુ કેમ ધામમાં તેડી જતા નથી ?' તે પ્રશ્ન તેમણે સ્વામીને પૂછ્યો.

'મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર રહી જતી હશે' એમ કહી સ્વામીએ તેમને 'શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે અને બ્રહ્મરૂપ થયા વગર તેમની ભક્તિનો અધિકાર પ્રાપ્ત થતો નથી,' તે ઉપાસના સંબંધી વચનામૃતની સાખે ઘણી વાતો કરી અને કહ્યું કે – 'આ ઉપાસના દૃઢ કરાવવા સારુ જ મહારાજે તમારો દેહ રાખ્યો છે.'

સ્વામીના વચને આત્માનંદ સ્વામીને મહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો અને સ્વામીનો પણ મહિમા સમજાયો.

બંને સદ્‌ગુરુઓ જ્યારે જમવા બેઠા ત્યારે સ્વામી પાસે આત્માનંદ સ્વામીએ પત્તરની પ્રસાદી માગી. સ્વામી કહે કે 'અવળી ગંગા ન હોય !' કારણ, સ્વામી હંમેશાં આત્માનંદ સ્વામીની પ્રસાદી લેતા.

તે સાંભળી આત્માનંદ સ્વામી કહે કે 'આજ દિવસ સુધી મેં અજાણમાં મારા પત્તરની પ્રસાદી તમને આપી પણ આજે તમારો જેમ છે તેમ મહિમા સમજાયો.'

આ પ્રસંગ પછી થોડા દિવસમાં જ ભાઈ આત્માનંદ સ્વામીએ દેહ મૂકયો.

## ૪૩. 'સેવા કરે તે મહંત'

સ્વામી જૂનાગઢ પધાર્યા. એક વખત સ્વામી મંદિરમાં વાસીદું વાળતા હતા. તે વખતે તરણેતરના મહંત આવ્યા અને વાસીદું વાળતા સ્વામીને પૂછ્યું કે 'આ જગ્યાના મહંત કોણ છે ?'

સ્વામીએ નમ્રતાથી કહ્યું કે 'મહંત અંદર ગાદી ઉપર બેઠા હશે.' એમ કહી સ્વામી હાથ-પગ ધોઈ સભામંડપમાં પધાર્યા અને તેમને મળ્યા.

ત્યારે તેમણે નવાઈ પામતાં પૂછ્યું કે 'તમે તો હમણાં વાસીદું વાળતા હતા. તે તમે મહંત છો ?'

સ્વામીએ હસતાં હસતાં કહ્યું કે 'અમારે ત્યાં જે સેવા કરે તે જ મહંત હોય છે.'

પછી પોતાની ઝોળી ખીંટીએથી ઉતારી તે મહંતને બતાવી. સ્વામીની પૂજામાં તિલકિયું પણ લાકડાનું. ધાતુ તથા અન્ય પદાર્થનું નામ નહીં અને પહેરવાનાં કપડાં પણ જાડાં. આવા નિઃસ્પૃહી સંત જોઈ તરણેતરના મહંત અતિ આશ્ચર્ય પામ્યા.

પછી સ્વામીએ તેમને કહ્યું : 'અમારે સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ છે તેથી આ મહંતાઈ ટકી છે.'

સ્વામીની વાત સાંભળી તે મહંતને પણ થયું કે 'વાત સાચી છે. આપણામાં તો દ્રવ્ય અને પદાર્થના લોભે ચેલો ગુરુને મારી, ગાદીએ ચડી બેસે છે.'

•

સ્વામી એક વખત તેમના સંતમંડળ અને હરિભક્તોના સમૂહ સાથે જૂનાગઢથી નીકળી ગામડે ફરવા જતા હતા. સ્વામી એક ઘોડા ઉપર બિરાજ્યા હતા. બીજા સંતો તથા હરિભક્તો ચાલતા હતા.

તે વખતે કેટલાક મુસલમાનોએ વિચાર્યું કે આ સંઘના મોટેરાને જો મારી નાખીએ તો હિંદુઓ તેનું ભજન કરતા બંધ થાય. આવા દુરાશયથી તેઓ સંઘમાં ઘૂસી ગયા. એક-બે સાધુને તેમણે પૂછ્યું કે 'તમારામાં મોટા કોણ છે ?'

'પેલી ઘોડી ઉપર બેઠા છે તે હમારા ગુરુ છે અને મોટા સંત છે.' સંતોએ કહ્યું.

'આ લોકો સ્વામીનાં દર્શન માટે પૂછતા હશે' એવા ભોળાભાવની સમજણવાળા આ સંતોએ ઉપર પ્રમાણે કહ્યું, એટલે તરત જ તે મુસલમાનો સ્વામીની ઘોડી પાસે આવ્યા અને ઘોડીની સરક પકડી સ્વામીને પૂછ્યું : 'તમે મોટેરા છો ને ?'

'મોટા તો એક ખુદાતાલા છે અને હું તો એમનો દાસ છું.' સ્વામીએ સહજભાવે હસતાં હસતાં કહ્યું.

આ સાંભળી તે મુસલમાનોને લાગ્યું કે 'અહો ! આ સાધુ તો ખુદાતાલાને



મોટા માને છે, માટે જરૂર તે કોઈ મોટા ઓલિયા પુરુષ છે.’

આવો ગુણ આવતાં તેઓએ સ્વામીને ભાવથી નમસ્કાર કર્યા અને પોતાના રસ્તે ચાલતા થયા.

•

સંવત ૧૯૧૮(આ.સં. ૧૯૧૯)ની સાલમાં રઘુવીરજી મહારાજ, સ્વામીને આપેલા વચન પ્રમાણે તીર્થવાસી થઈને, જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા પધાર્યા. પોતાનો બધો ઠાઠ છોડીને ફક્ત એક જ સેવક સાથે રાખ્યો હતો. તેઓ વહેલી સવારે પરવારી હંમેશાં કથામાં આવી જતા. સ્વામી પણ તેમની મુમુક્ષુતા જોઈ આત્મા-પરમાત્માની અદ્‌ભુત વાતો કરતા. કથા પછી ખીચડી બનાવી તેઓ જમી લેતા અને વળી કથામાં પધારતા. આમ, સર્વ પ્રકારે દેહનો આદર એમણે છોડી દીધો હતો.

સ્વામીને ખબર પડી કે આચાર્ય મહારાજ બરાબર જમતા નથી; તેથી તેમને ઉતારે આવી સ્વામી વાતો કરતા અને સારી રીતે રસોઈ તૈયાર કરાવરાવી તેમને જાતે જમાડતા. આમ, રઘુવીરજી મહારાજે સર્વની મહોબત છોડી, માન-મરતબો મૂકીને એકાંતિક ભાવે સ્વામીનો સમાગમ કર્યો તો સ્વામીએ એમની બધી ગ્રંથિઓ ગાળી દીધી.

## ૪૪. સોરઠનો સત્સંગ

પછી આચાર્ય મહારાજ સ્વામી સાથે સોરઠ દેશમાં ફરવા નીકળ્યા.

અહીં રસ્તામાં મહારાજની ગાડીનો એક બળદ લૂલો થયો. એટલે સ્વામીએ મહારાજના પાર્ષદોને બાજુના ગામ મોકલ્યા ને પોતાનું નામ દઈ બળદ માગી લાવવા કહ્યું. પાર્ષદો ત્યાં ગયા ખરા પણ આચાર્ય મહારાજનું નામ દીધું એટલે પટેલિયાઓએ દાદ દીધી નહીં. પછી પાર્ષદોને સાંભરી આવ્યું એટલે સ્વામીનું નામ દીધું. એટલે તરત એક પટેલ પોતાની સારામાં સારી બળદની જોડી લઈને દોડતાં આવ્યા.

સ્વામીને પગે લાગી, એક સારો બળદ ગાડીએ જોડી, પટેલે તે બળદ સ્વામીને કૃષ્ણાર્પણ કર્યો. સ્વામીએ ના પાડી. એટલે પટેલ કહે કે ‘સ્વામી ! તમારી ગાડીએ જોડેલા બળદ ઉપર અમારે ધૂંસરી મુકાય નહીં.’

તે પટેલ ઘેર ગયા.

પાછળથી પાળાઓએ આચાર્ય મહારાજને ગામમાં બનેલી વાત કરી. એટલે રઘુવીરજી મહારાજે સ્વામીને કહ્યું કે 'જેને સત્સંગ નથી તે તમારું નામ સાંભળી આટલું અર્પણ કરે છે, તો સત્સંગી તમને શું ન અર્પણ કરે ?'

તે સાંભળી સ્વામી હસ્યા અને કહ્યું : 'મહારાજ ! આ જૂનાગઢની ખેંગારવાવ સોરઠના સત્સંગીઓનાં માથાં વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સૌને સમજાવ્યો છે.'

જૂનાગઢમાં સ્વામીએ કથાવાર્તાનો અખાડો જમાવ્યો હતો. એક વખત સ્વામી બોલ્યા કે 'આ સમયે સત્સંગમાં એવી વાતો થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય.'

તે સાંભળી જાગા ભક્તે પૂછ્યું કે 'જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ?'

એટલે સ્વામીએ કહ્યું : 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે. અને વિશ્વાસ હોય તો નિષ્કપટ-પણે વર્તાય નહીં. જો હેત અને વિશ્વાસ હોય અને નિષ્કપટપણે વર્તે, તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં.'

પછી જાગા ભક્તે ફરી પૂછ્યું કે 'હેત હોય તો પણ વિશ્વાસ કેમ ન હોય ?'

તે સાંભળી સ્વામી કહે કે 'આ જલા ભક્તને અમારે વિષે હેત ઘણું, પણ હું કહું એમ ન કરે.'

તે રઘુવીરજી મહારાજે એક વાર જલા ભક્તને રમૂજમાં કહ્યું હતું કે 'ગુણાતીતાનંદ સ્વામીને હવે વરતાલ રાખવા છે.' તે સાંભળી જલા ભક્ત પોક મૂકીને રડ્યા હતા; પરંતુ તે સાવરણો ને સૂંડલો લઈ મંદિરમાં સેવા કરતા હોય ને સ્વામી તેમને કહે કે 'આ પડ્યું મૂકો ને ભજન કરો;' તો એ વચન સ્વામીનું ન માને. આમ, મોટાપુરુષમાં વિશ્વાસ આવવો બહુ કઠણ છે.

## ૪૫. તુલસી દવેને સમાધિ

સંવત ૧૯૧૮માં ચૈત્રી પૂનમનો સમૈયો વરતાલ કરી, સ્વામી ફરતાં ફરતાં બોટાદ પધાર્યા. અહીં મંદિરમાં પુરાણી તુલસી દવેની કથા સાંભળીને સ્વામીની તેમના ઉપર દૃષ્ટિ પડી. સ્વામીએ તેમને જૂનાગઢ આવવા કહ્યું.

જૂનાગઢ જતાં રસ્તામાં એક હરિભક્તે તેમને પૂછ્યું : 'તુલસી ! કંઈ

જણાય છે ?'

ત્યારે તેમણે કહ્યું કે 'બોટાદમાં હતા અને જે સંકલ્પો થતા હતા, તે તમામ સ્વામીની સાથે રહેવાથી બંધ થઈ ગયા છે અને અંતરમાં આનંદ વર્તે છે.'

જૂનાગઢ પહોંચ્યા પછી તુલસી દવેએ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! મને અષ્ટાંગયોગ સિદ્ધ ન કરાવો ?'

ત્યારે સ્વામીએ હસીને કહ્યું : 'અષ્ટાંગયોગનું ફળ સમાધિ છે. માટે જાઓ, તમને સમાધિ થશે.'

બીજે દિવસે સ્વામીએ તેમને ધ્યાનમાં બેસાડ્યા. સ્વામીની કૃપાદૃષ્ટિથી તરત તેમને સમાધિ થઈ. સમાધિ અવસ્થામાં તેમને પ્રથમ પોતાના શરીરમાં રહેલાં ષટ્ચક્ર દેખાયાં. પછી બ્રહ્મરંધ્રથી સળંગ જે તેજનો માર્ગ – તે અર્ચિમાર્ગે સ્વામી સાથે તેમણે ગતિ કરી, પ્રકૃતિપુરુષનો લોક જોયો.

ત્યાંથી સ્વામીના દિવ્ય પ્રકાશમય સ્વરૂપની પાછળ પાછળ જતાં અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને બેઠેલા જોયા. આજુબાજુ અનંત કોટિ મુક્તો બેઠા હતા. મુક્તોની ઓળખાણ એમને થઈ નહીં, પણ મહારાજની કૃપાથી બોટાદના શિવલાલ શેઠ, રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામીના અસલ સ્વરૂપમાં એમને દર્શન થયાં. ઠેઠ મહારાજના સિંહાસનના ત્રીજા પગથિયે જઈને તે ઊભા. મહારાજની ઇચ્છાથી એમણે છ પ્રશ્નો પૂછ્યા. તેનો અનુભવ મહારાજે તેમને કરાવ્યો.

સાતમો પ્રશ્ન તેમણે પૂછ્યો કે 'આ ગુણાતીતાનંદ સ્વામીને બધા અક્ષર કહે છે તેનું કેમ સમજવું ?'

મહારાજે તેમને પૂછ્યું કે 'તમારે તે જોવું છે ?'

તેમણે હા પાડી, એટલે મહારાજની ઇચ્છાથી તેમણે જોયું તો સ્વામીની મૂર્તિમાંથી અપાર તેજ નીકળ્યું, જાણે તે તેજ ધામરૂપે સર્વ મુક્તોને અને મહારાજને ધરી રહ્યું ન હોય ! અને સ્વામીને સાધુરૂપે મહારાજ પાસે સેવામાં ઊભેલા પણ તેમણે જોયા. તેમને સ્વામીના સ્વરૂપની યથાર્થ પ્રતીતિ થઈ.

તુલસી દવે સમાધિમાંથી જાગ્રત થયા પછી તેમના દેહની હાજતો ટળી ગઈ અને નિરાવરણ સ્થિતિ થઈ ગઈ. તેમને ઓરડામાં હેડ્યમાં પૂરી રાખે પણ તેઓ બહાર નીકળી જાય. આમ, બાર મહિના સુધી તેમને રહ્યું. પછી બોટાદના ભગા દોશીએ તેડાવી લીધા, એટલે સ્વામીએ દૃષ્ટિ ખેંચી લીધી.

આમ, યોગીઓને દુર્લભ એવી સમાધિનો અનુભવ સ્વામીએ પોતાના ભક્તને કરાવ્યો.

## ૪૬. પ્રાગજી ભક્ત

મહુવાના પ્રાગજી ભક્તે ગોપાળાનંદ સ્વામીનો તેર વર્ષ સુધી અનુવૃત્તિ પાળી સેવા-સમાગમ કરેલો. છેલ્લે તેમને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે 'પ્રાગજી ! તું જૂનાગઢ જજે. મેં તને જે કોલ આપ્યા છે, તે જૂનાગઢના જોગી પૂરા કરશે.'

તે સારંગપુરમાં એક વખત સ્વામીએ પ્રાગજી ભક્તને કહ્યું કે 'પ્રાગજી ! અમે આટલા દિવસ તો જ્ઞાન ભેગું કરતા હતા, પણ હવે તો ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાન કોઈ પાત્ર મળે તો તેને તે જ્ઞાન આપવું છે.'

ત્યારે પ્રાગજી ભક્તે પૂછ્યું કે 'સ્વામી ! મને આપનું જ્ઞાન આપો. હું તે પ્રવર્તાવીશ.'

પણ આવું માયા પરનું જ્ઞાન પ્રાપ્ત કરી, અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામવું, એ કાંઈ સાધારણ વાત ન કહેવાય. એટલે સ્વામીએ જરા ગંભીર થઈ તેમને કહ્યું કે 'આ જ્ઞાન એમ મળે તેવું નથી. એ તો સંસાર છોડી, અમારામાં જીવ જોડી, દેહ-ઈન્દ્રિયોના ચૂરેચૂરા કરી નાખે તો મળે તેવું છે.'

પ્રાગજી ભક્તે સ્વામીની આજ્ઞા અધ્ધર ઝીલી.

આ અરસામાં સ્વામીએ તેમને નવ દિવસ સુધી અખંડ ભજનમાં બેસારી પરબ્રહ્મ સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો અને પોતાના સ્વરૂપ સાથે એકતા કરાવી. તે માટે પ્રાગજી ભક્તે સાડા ત્રણ વર્ષ સુધી ધર્મશાળા, હવેલી, મંદિર વગેરેની સેવામાં દેહને ઘસી નાખ્યો. નીચામાં નીચી સેવા પણ રાજી થઈને કરી. સાથે ધારણાં-પારણાં આદિ વ્રતો તેમજ કથાવાર્તાનો પણ આવો જ ઈશક. તેમની આવી અનુવૃત્તિ પ્રમાણેની સેવા જોઈ સ્વામી કહેતા : 'પ્રાગજી ! તું તો મારો અંતર્યામી થયો લાગે છે.'

સ્વામીની દૃષ્ટિથી તેમને અખૂટ બળ મળ્યું હતું. નવી હવેલીના ચણતર માટે ઉઘાડા પગે ચૂનો કાલવતા પ્રાગજી ભક્તને જોઈ સાધુઓ કહેતા કે 'અલ્યા પ્રાગજી ! આ ચૂનાના છેરથી તું આંધળો થઈશ !'

ત્યારે તે હસતાં હસતાં એટલું જ કહેતા : 'આ ગુણાતીતાનંદ સ્વામી

ઉપર મારો દેહ કુરબાન છે.'

જૂનાગઢમાં શ્રાવણી પૂર્ણિમાના સમૈયા પછી સ્વામીએ સભામાં વાત કરી કે 'હવે તો અમે નિવૃત્તિ લીધી છે અને આ પ્રાગજીને વાતો કરવાનું સોંપ્યું છે. વળી, શ્રીજીમહારાજે અમને અક્ષરધામની કૂંચી આપી હતી તે અમે હવે આ પ્રાગજી ભક્તને આપી છે.' એમ કહીને તમામ સાધુ-હરિભક્તોને આજ્ઞા કરી કે 'આ પ્રાગજીની વાતું સાંભળજો.'

આથી, સૌને થયું કે સ્વામી તો પ્રાગજીને વશ થઈ ગયા છે ને પોતાનું જ્ઞાન, ઐશ્વર્ય અને કૂંચીઓ સર્વે એને સોંપી દીધાં છે.

આ પ્રસંગથી સત્સંગમાં કેટલોક ઊહાપોહ પણ શરૂ થયો હતો.

જાગા ભક્ત પણ સ્વામીના અત્યંત કૃપાપાત્ર શિષ્ય હતા. તેઓ પણ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી સર્વની મહોબત છોડી, જૂનાગઢ આવી સ્વામીના સમાગમમાં રહ્યા. સ્વામીની અનુવૃત્તિ યથાર્થ પાળી, તેમને અતિ રાજી કરી, તત્સ્વરૂપ સેવક બન્યા.

સ્વામીના આવા બીજા કૃપાપાત્ર શિષ્યોમાં સ્વામી બાળમુકુંદદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી, સ્વામી માધવચરણદાસજી, સ્વામી માધવપ્રિયદાસજી, બ્રહ્મચારી અચિંત્યાનંદજી વગેરે સંતો તથા બોટાદના શિવલાલ શેઠ, કારિયાણીના નથુ પટેલ, વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠાખાચર, મનજી ઠક્કર વગેરે હરિભક્તો પણ હતા.

## ૪૭. 'સંત પારસ ચંદન બાવના'

સારંગપુરના વાઘાખાચર સૂર્યનો અવતાર કહેવાતા અને મહારાજ ભેગા ઘણું રહેતા. સ્વામી સારંગપુર તેમને ઘેર પધાર્યા ત્યારે તેમણે પ્રશ્ન પૂછ્યો: 'સ્વામી ! શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનનું ધ્યાન અને વચન, એ બે વિના કારણ શરીરરૂપી મૂળ અજ્ઞાન ટળતું નથી. મેં તો મોટા મોટા સાધુ સેવ્યા છે પણ હજુય રાત્રે સ્વપ્નામાં એમ દેખાય છે – જાણે ધિંગાણે ચઢ્યા છીએ અને હાથ-પગ કપાણા છે. એ સ્વપ્નરૂપી સૂક્ષ્મ દેહના ભાવ હજુ ટળતા નથી, તો કારણ દેહના ભાવ ક્યારે ટળશે ? અને કારણ શરીરના ભાવ ટાળ્યા સિવાય અક્ષરધામમાં શી રીતે જવાશે ?'

ત્યારે સ્વામીએ હસતાં હસતાં કહ્યું : 'વાઘાખાચર ! સૂક્ષ્મ અને કારણ

દેહના ભાવ ટાળવા હોય તો જૂનાગઢ આવો. એટલે ત્યાં એ બધા ભાવ ટાળી નાખીશું.'

પછી વાઘાખાચર સ્વામી સાથે જૂનાગઢ ગયા. સ્વામીએ પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી, તેમના સૂક્ષ્મ અને કારણ શરીરના ભાવ ટાળી નાખ્યા. વાઘાખાચરને સુષુપ્તિ અવસ્થા મટી ગઈ. અંતરમાં સચ્ચિદાનંદ બ્રહ્મના આનંદનો અખંડ અનુભવ થવા લાગ્યો.

વરતાલમાં ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી, મહારાજના સમયના હતા. એક વખત સ્વામી જૂનાગઢથી વરતાલ પધાર્યા ત્યારે તેમણે સ્વામીની મોટપ જાણી, હાથ જોડી વિનંતી કરી કે 'સ્વામી ! મને રસાસ્વાદ નડતો નથી, પણ બીજા દોષ નડે છે. માટે એ ટળી જાય તેવી કૃપા કરો.'

ત્યારે સ્વામીએ હસીને કહ્યું કે 'સાધુનાં ત્રીસ લક્ષણમાંથી એક લક્ષણ આવ્યું છે અને બીજાં ઓગણત્રીસ બાકી રહ્યાં છે, તો જૂનાગઢ આવો તો પૂરાં કરી આપું.'

નિર્દોષ પુરુષ વગર આમ કોણ કહી શકે ! નિર્દોષ હોય તે બીજાને નિર્દોષ કરે. સ્વામીના સંબંધે ધર્મસ્વરૂપાનંદ પણ નિર્દોષ બન્યા. આમ, પોતાના સંબંધમાત્રથી શરણાગત જીવોના દોષ નિર્મૂળ કરી, બ્રહ્મરૂપ કરી દેવાની અક્ષરબ્રહ્મની શક્તિનો સ્વામી સૌને અનુભવ કરાવતા.

એવા જ એક હરિભક્ત અમદાવાદના પીતાંબરદાસ પણ હતા. તે પહેલાં સુરતમાં કલેક્ટરની ઑફિસમાં સારા હોદ્દાથી નોકરી કરતા અને રજોગુણી બહુ. સારામાં સારાં કપડાં પહેરે, શરીર ઉપર અને કપડાં ઉપર અત્તર-ફૂલેલ છાંટે, રોજનાં વીસ-પચ્ચીસ પાન ખાય, એવા રંગીલા હતા; પણ સ્વામી એક વાર સુરત પધાર્યા હતા ત્યારે સ્વામીની વાતો સાંભળીને તેમને ચોટ લાગી ગઈ અને સ્વામીના સમાગમમાં રહી, નિર્વાસનિક બની બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાની બળવાન ઇચ્છા પ્રગટ થઈ.

તેમણે સ્વામીને વાત કરી. એટલે સ્વામી કહે કે 'તમારો આ વેશ્યાના જેવો વેશ છે અને રજોગુણની મૂર્તિ છો, તે મારો સમાગમ શી રીતે કરશો ?' પણ બહુ વિનંતી કરી એટલે સ્વામીએ તેમને જૂનાગઢ આવવા જણાવ્યું.

તેઓ નોકરી છોડી સ્વામી સાથે જૂનાગઢ ગયા. અહીં સ્વામી વચનામૃતમાંથી બ્રહ્મરૂપ થવાની અદ્ભુત વાતો, તેમને ઉદ્દેશીને કરવા લાગ્યા.

વળી, વારે વારે એમને સંભારે, પ્રસાદી આપે એમ હેત કર્યું. પીતાંબરદાસની વૃત્તિ સ્વામીમાં ચોંટી ગઈ અને સમાગમથી ધીરે ધીરે પરિવર્તન થવા લાગ્યું. આમ, સ્વામીએ તેમને બ્રહ્મસ્થિતિનો અનુભવ કરાવ્યો.

સ્વામીના અક્ષરધામગમન પછી તે અમદાવાદ રહેતા અને મંદિરમાં ગુણાતીત જ્ઞાનની સુંદર વાતો કરતા. આથી, રાજી થઈ, અયોધ્યાપ્રસાદજી મહારાજે એમને ત્યાગી થવા આજ્ઞા કરી. તેઓ તરત સાધુ થયા અને વિજ્ઞાન-દાસજી તરીકે ઓળખાયા. સ્વામીની કૃપાથી અમદાવાદ મંદિરમાં તેઓ અખંડ કથાવાર્તા કરી સૌને સુખિયા કરતા.

## ૪૮. 'માન અપમાનમેં એકતા'

સંવત ૧૯૨૨ની સાલમાં ચૈત્રી પૂનમના સમૈયા ઉપર સ્વામી વરતાલ પધાર્યા. 'સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે' એ વાતનો પ્રચાર સ્વામીની ઇચ્છાથી સત્સંગમાં પ્રાગજી ભક્તે શરૂ કર્યો હતો. આ વાત કેટલાકને રુચતી નહીં. એટલે આ સમૈયામાં સૌએ સ્વામીને ઠપકો દેવાનું વિચાર્યું.

પૂનમના દિવસે સવારની સભામાં શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપ-દાસજીની શિખવણીથી ગઢડાના કરુણાનંદ બ્રહ્મચારીએ સભામાં કહ્યું કે 'આ ગુણાતીતાનંદ સ્વામી પ્રભુ થયા છે, ભગવાનની જેમ પૂજાય છે, પણ તેમને કેમ કોઈ કાંઈ કહેતું નથી ?'

તેમાં શુકમુનિએ પણ સૂર પુરાવ્યો કે 'મને કોઈએ શુકજી કહેવો નહીં અને આ ગુણાતીતાનંદ સ્વામીને બધા અક્ષર કહે છે પણ તેમને કોઈએ અક્ષર કહેવા નહીં.'

સ્વામી તો સ્વસ્થ ચિત્તે બેઠા હતા. પછી સ્વામી ધીરગંભીર સ્વરે બોલ્યા કે 'પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે, બીજા કોઈથી પ્રભુ થવાશે નહીં. આપણે તો સાધુ છીએ. પણ જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય હોય. જેવો રાજાનો હુકમ ચાલે, તેવો રાણીનો હુકમ પણ ચાલે અને જેવો ભગવાનનો પ્રતાપ, તેવો સાધુનો પણ પ્રતાપ કહેવાય.'

આ સાંભળી કોઈ કાંઈ બોલી શક્યા નહીં. એક સીંજીવાડાના પ્રભુદાસે ઊભા થઈને સભામાં પડકાર કર્યો કે 'આ રીતે સ્વામીને કહેવામાં શું કોઈની લાયકાત છે ?'

એટલામાં કોઈ આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજને બોલાવી લાવ્યું અને શણગાર આરતીનો ડંકો વાગ્યો એટલે સૌ આરતીનાં દર્શને ગયા.

સ્વામી આચાર્ય મહારાજ સાથે મંદિરમાં દર્શને પધાર્યા. દર્શન કરી ઊતરતા હતા ત્યાં સામે માળી ગુલાબનો હાર અને ગજરા લઈને ઊભો હતો. આચાર્ય મહારાજની આજ્ઞાથી માળીએ ગુલાબનો હાર સ્વામીને પહેરાવ્યો. આચાર્ય મહારાજ ઉતારે પધાર્યા. સ્વામી સાધુની ધર્મશાળામાં જતા હતા, ત્યાં સામે શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપદાસ મળ્યા, એટલે સ્વામીએ પોતાની કોટમાંથી હાર કાઢી તેને પહેરાવ્યો અને બોલ્યા :

*‘હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ;*
*ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.’*

એમ કહી સ્વામી આગળ ચાલ્યા.

ત્યાં અદ્ભુતાનંદ સ્વામી, શુકસ્વામી તથા પવિત્રાનંદ સ્વામીએ સ્વામીને પોતાને આસને બોલાવી પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં અને સાકરનો પડો મૂકીને કહ્યું : ‘સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો.’

માન-અપમાનના આવા પ્રસંગોમાં પણ સ્વામીની આવી સ્થિરતા જોઈ સદ્ગુરુઓને પ્રતીતિ થઈ કે સ્વામી ગુણાતીત ખરા ! સૌને અંતરમાં પરિતાપ થયો.

વરતાલથી નીકળી સ્વામી મહેળાવ પધાર્યા. અહીં નાના ડુંગર ભગત(સ્વામી યજ્ઞપુરુષદાસજી - શાસ્ત્રીજી મહારાજ)ને રૂડા આશીર્વાદ આપ્યા. પછી જૂનાગઢ આવી સોરઠ દેશમાં વિચરણ કર્યું.

## ૪૯. અમદાવાદમાં સન્માન

સંવત ૧૯૨૩માં હરિજયંતીના સમૈયા ઉપર વરતાલ આવવા નીકળ્યા. અમદાવાદ નજીક આવ્યા ત્યાં ખબર પડી કે આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ બીમાર છે અને ઘણી અશાંતિ રહે છે, તેથી સ્વામીને ખાસ તેડાવે છે. આચાર્ય મહારાજે હાથી, ગાડીઓ, સંતો-હરિભક્તો અને કેશવપ્રસાદજી મહારાજને સામે મોકલી સ્વામીનું ભારે સામૈયું કરાવ્યું.

મંદિરે દર્શન કરી સ્વામી અયોધ્યાપ્રસાદજી મહારાજને મળવા પધાર્યા. સ્વામીનાં દર્શનથી જ આચાર્ય મહારાજને અંતરમાં શાંતિ થઈ. સ્વામીની

આજ્ઞાથી તેમણે ખોરાક લીધો. હરિજયંતીનો સમૈયો અમદાવાદ કરવા આચાર્ય મહારાજે સ્વામીને આગ્રહપૂર્વક વિનંતી કરી.

સમૈયાની સભામાં સ્વામીએ મહારાજના પુરુષોત્તમપણાની સચોટ વાતો કરી. અમદાવાદ દેશના સંતો તથા કેશવપ્રસાદજી મહારાજ ઘણા રાજી થયા. સ્વામીએ કેશવપ્રસાદજી મહારાજને લાંબા વાળ, મૂછો, નાટક-ચેટક વગેરે રજોગુણ છોડી, આચાર્યના ધર્મ સાચવવા અંગે હેતપૂર્વક ઘણી વાતો કરી. કેશવપ્રસાદજી મહારાજ ઘણા રાજી થયા.

બીજે દિવસે આચાર્ય મહારાજના ભાવભર્યાં આમંત્રણથી જૂનાગઢના સંતો સાથે સ્વામી એમની હવેલીમાં જમવા પધાર્યા. આચાર્ય મહારાજે સ્વામીની આગળ સોનાનો થાળ મૂક્યો. તરત જ સ્વામીએ પત્તર માગ્યું, એટલે સ્વામીના શિષ્ય બાળમુકુંદદાસજી પત્તર લાવ્યા. તે જોઈ આચાર્ય મહારાજ હાથ જોડી બોલ્યા : 'સ્વામી ! આજ તો હું પ્રાર્થના કરું છું કે તમે આ થાળમાં જમો.' એમ કહીને સમ દીધા.

સ્વામીએ કહ્યું : 'મહારાજની આજ્ઞા નથી, એટલે અમારાથી એ થાળમાં જમાય નહીં.'

'સ્વામી ! આપને તો કચરો અને કંચન બંને સરખા છે. માટે મારી વિનંતી છે કે આપ થાળમાં જમો.' આચાર્ય મહારાજે કહ્યું.

આચાર્ય મહારાજનું કહેવું સાંભળી સ્વામી હસ્યા અને બોલ્યા : 'એ તો ઠીક પણ મહારાજની આજ્ઞા છે કે લાકડાના પત્તરરૂપી કચરામાં જમાય પણ સોનાના થાળરૂપી કચરામાં ન જમાય.'

પછી આચાર્ય મહારાજના ખૂબ જ આગ્રહથી સ્વામીએ લાકડાનું પત્તર સોનાના થાળમાં મૂક્યું અને તે પત્તરમાં જ જમ્યા, પરંતુ મહારાજની આજ્ઞામાં રંચમાત્ર ફેર પાડ્યો નહીં. પછી વિવિધ પ્રકારનાં ભોજન આચાર્ય મહારાજે પિરસાવ્યાં. આચાર્ય મહારાજે ઘણા સમ દીધા પણ સ્વામી તેમાંનું કાંઈ જમ્યા નહીં. બાળમુકુંદ સ્વામીએ અગાઉથી બાજરાનો રોટલો તૈયાર રાખ્યો હતો, તે રોટલો ને મગની દાળ સ્વામી જમ્યા.

આમ, આચાર્ય મહારાજનો સંકલ્પ પૂરો કરી, તેમને શાંતિ પમાડી, સ્વામી વરતાલ પધાર્યા. ચૈત્રી પૂનમનો સમૈયો સ્વામીએ વરતાલમાં કર્યો. ફરી વરતાલના આચાર્ય મહારાજ અને સંતો સાથે સ્વામી અમદાવાદ પધાર્યા.

અહીંથી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા.

## ૫૦. અંતિમ લીલા

આવી રીતે શ્રીજીમહારાજે એકાંતિક ધર્મ પ્રવર્તનનું જે કાર્ય શરૂ કર્યું હતું તેને સ્વામીએ સુદૃઢ કર્યું હતું. મહારાજનું પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વરૂપ સૌને ઓળખાવ્યું હતું. તેમજ ઘણા સંત-હરિભક્તોને પોતાનું મૂળ અક્ષરબ્રહ્મસ્વરૂપ ઓળખાવી, એકાંતિક સ્થિતિ દૃઢ કરાવી હતી.

ચાલીસ વર્ષ સ્વામી જૂનાગઢ મંદિરમાં રહ્યા તે દરમિયાન રાત્રિ-દિવસ કથાવાર્તા કરી. પોતાનો સમાગમ કરવા આવતા અસંખ્ય મુમુક્ષુ જીવોને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવી, અક્ષરધામના અધિકારી બનાવ્યા હતા.

શ્રીજીમહારાજ સાથે પૃથ્વી ઉપર પધારવાનો પોતાનો હેતુ હવે પૂરો થયો હતો. અક્ષર અને પુરુષોત્તમનું શુદ્ધ સ્વરૂપ સૌએ હવે ઓળખી લીધું હતું. તે સ્વરૂપોની ઉપાસનાનો વિસ્તાર હવે પછી થશે – એમ વિચારી સ્વામીએ પોતાના ધામમાં પધારવાનો સંકલ્પ કર્યો.

સંવત ૧૯૨૩ના[૭] ભાદરવા વદ ત્રીજને દિવસે સવારે સ્વામી નિત્ય-કર્મથી પરવારી, ઠાકોરજીનાં દર્શન કરી, સભામાં પધારી, સૌને પ્રસાદીની કાકડી વહેંચી. સૌ સંતો-હરિભક્તોને મળ્યા અને મંદિરમાંથી નીકળવાની તૈયારી કરી. પછી ઘોડી ઉપર બિરાજી દરવાજા સામું જોઈ બોલ્યા : 'શ્રીજી-મહારાજે આ મંદિર અમને સોંપ્યું હતું ત્યારથી આજ દિવસ સુધી, ચાલીસ વર્ષ, ચાર માસ અને ચાર દિવસ સાચવ્યું ને રહ્યા. હવે સત્સંગમાં ફરીશું અને મહુવે[૮] જઈને રહીશું.' એમ કહી ચાલ્યા.

વંથળીને મારગે ચાલતાં સ્વામી બોલ્યા કે 'આ રસ્તે જ્યારે જ્યારે નીકળીએ છીએ ત્યારે મહારાજ સાંભરે છે.'

ત્યારે કાશીરામે કહ્યું કે 'જેણે મહારાજને જોયા હોય તેને સાંભરે.'

તે સાંભળી સ્વામી બોલ્યા : 'તમારે ક્યાં પરોક્ષ છે ? જુઓ તો આ સંત દ્વારે પ્રત્યક્ષ જ છે. તે દર્શન દે છે, વાતો કરે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે, એમ

---

૭. આ.સં. ૧૯૨૪.

૮. મહુવામાં પોતાના લાડીલા ભક્ત પ્રાગજી ભક્ત હતા, તેમના દ્વારા હવે પોતે સત્સંગમાં પ્રગટ રહેશે, એમ સમજાવવા સ્વામીએ 'મહુવા' જઈને રહેવાનું કહ્યું.

બહુ સુખ આપે છે. પણ જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી જણાય નહીં.' એમ સ્વામીએ વાતો કરી સૌને આનંદ કરાવ્યો અને ધીરજ આપી.

વંથળીમાં કલ્યાણભાઈને ઘેર સ્વામી ઊતર્યા. ત્યાં દેવજીભાઈએ ઘણા સમયથી વિચારેલો પ્રશ્ન સ્વામીને પૂછ્યો કે 'સ્વામી ! અક્ષર કેવું હશે ?'

એટલે સ્વામીએ તેને કહ્યું કે 'આ તારા ઘરમાં બેઠું છે એ જ અક્ષર છે.'

ગણોદ, ઉપલેટા, ભાયાવદર વગેરે ગામોમાં સૌને લાભ આપી, ગોંડલના કારાભારી માધવજી દવે તેડવા આવ્યા તેથી સ્વામી આસો સુદ નોમના દિવસે ગોંડલ પધાર્યા.

ગોંડલમાં સ્વામીએ વિજયાદશમીનો સમૈયો કર્યો. નવલખા મહેલમાં મહારાજાએ સ્વામીની ધામધૂમથી પધરામણી કરાવી. ગણોદના અભયસિંહ બાપુએ પણ પોતાના મહેલમાં સ્વામીની પધરામણી કરાવી. પછી જૂનાગઢમાં રાધારમણ દેવના પાકા થાળ માટે જમીન અર્પણ કરવાનો લેખ, પોતાના કુંવર ભગવત્સિંહજીને હાથે સ્વામી આગળ મુકાવ્યો અને કુંવરને પગે લગાડ્યા.

સ્વામીએ રાજી થઈ કુંવરને આશીર્વાદ આપ્યા : 'આ ભગવાનના આપેલ કુંવર છે, તેથી તેનું નામ અમે ભગવત્સિંહજી પાડ્યું છે.'



પછી ઉપદેશની ઘણી વાતો કરી રાત્રે નવ વાગે મંદિરે પધાર્યા.

માધવજી દવેએ બીજે દિવસે પધરામણી કરાવવા કહ્યું, ત્યારે સ્વામી કહે : 'કાલ કોણે ભાળી છે.' એમ કહી રાત્રે જ પધરામણી કરી.

પછી મંદિરે આવી, નિયમ-ચેષ્ટા કરી. સ્વસ્તિક આસન વાળી, સભા-મંડપમાં ઠાકોરજીના સિંહાસન પાસે થાંભલે અઢેલીને બેઠા અને વિ.સં. ૧૯૨૩(આ.સં. ૧૯૨૪)ને આસો સુદ ૧૨ના બરાબર રાત્રે પોણા વાગે સ્વતંત્ર-પણે પોતાના બ્રહ્મધામમાં પધાર્યા.[૯]

૯. સ્વામીના દેહને સુંદર વિમાનમાં પધરાવી, ષોડશોપચારે પૂજા કરી, ગામની બહાર ગોંડલી નદીના તટ ઉપર અગ્નિસંસ્કારની ક્રિયા કરી હતી. આ સ્થળે એક સુંદર વિમાન આકારની દેરી બાંધી છે, તે 'અક્ષર દેરી' નામે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. પાછળથી બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે આ અક્ષર દેરીને કાયમ રાખી, તેના ઉપર જ ત્રણ શિખરનું અક્ષર મંદિર બનાવ્યું છે, જેમાં ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજ અર્થાત્ અક્ષર અને પુરુષોત્તમની ધાતુની મૂર્તિઓ પધરાવી છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે આ સ્થાનનો મહિમા સર્વત્ર પ્રસરાવ્યો છે.